ગુજરાતી ગઝલનું છંદશાસ્ત્ર

સંશોધન-લેખન : ઉદય શાહ

ઉદય શાહ

દાદાટટ્ટૂનો મહોલ્લો (સાંઈ સ્ટ્રીટ)

નવસારી-૩૯૬૪૪૫

ફોન : ૦૨૬૩૭-૨૫૫૫૧૧ / ૦૯૪૨૮૮૮૨૬૩૨

(માર્ચ-૨૦૧૬)

અનુક્રમણિકા

(૧)
ગઝલનું સ્વરૂપ

ગઝલને કાવ્યના બધા પ્રકારમાં ઉચ્ચ સ્થાને મુકી શકાય છે. કહેવાય છે કે ગઝલ તો મહેફિલની જાન છે. કોઈ એક નિશ્ચિત છંદમાં (બહર) એકસરખા રદીફ અને કાફિયા ધરાવતા શેરોના સમુહની રચનાથી એક ગઝલ બને છે. એક જ ગઝલના જુદા-જુદા શેરોમાં જુદા-જુદા વિષયો પસંદ કરી શકાય છે. એક જ ગઝલના દરેક શેરનું અલગ અસ્તિત્વ હોય છે અને દરેક શેર પોતે સંપૂર્ણ હોય છે. એક જ ગઝલના બે શેર એકબીજા સાથે સંબંધિત હોતા નથી. એકબીજા સાથે સંબંધિત એવી બે પંક્તિઓ (મિસરા) મળીને એક શેર બને છે કે જેની પહેલી પંક્તિને ઉલા મિસરા અને બીજી પંક્તિને સાની મિસરા કહે છે. એક જ ગઝલમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ અગિયાર શેર હોવા જોઈએ, પરંતુ અગિયારથી વધુ શેરોની ગઝલો પણ જોવા મળે છે.

ગઝલનો પહેલો શેર કે જેની બંને પંક્તિઓમાં રદીફનો (અનુપ્રાસ) અને કાફિયાનો (પ્રાસ) પ્રયોગ થયો હોય એને ગઝલનો મતલા કહેવાય છે. એક જ ગઝલમાં એકથી વધુ મતલા કહી શકાય છે. મતલા સિવાયના બાકીના શેરોમાં ફક્ત બીજી પંક્તિમાં જ રદીફ અને કાફિયા નિભાવવા જરૂરી છે. ગઝલના દરેક શેરની બીજી પંક્તિના અંતે (મતલાની બંને પંક્તિના અંતે) રદીફનો પ્રયોગ થાય છે અને રદીફ પહેલાં કાફિયાનો પ્રયોગ થાય છે. ગઝલનો અંતિમ શેર કે જેમાં શાયર પોતાના નામનો કે ઉપનામનો (તખલ્લુસ) ઉલ્લેખ કરે તેને ગઝલનો મકતા કહેવાય છે. ગઝલના અંતિમ શેરમાં શાયરે પોતાના નામનો કે ઉપનામનો (તખલ્લુસ) ઉલ્લેખ ન કર્યો હોય તો તે ગઝલનો મકતા ન કહેવાતાં ગઝલનો અંતિમ શેર કે છેલ્લો શેર જ કહેવાશે.

ગઝલમાં રદીફ અનિવાર્ય નથી પરંતુ કાફિયા અનિવાર્ય છે. કાફિયા વગર ગઝલ રચી શકાય નહીં. રદીફ વગરની ગઝલમાં મતલાની બંને પંક્તિના અંતે અને બાકીના શેરોની બીજી પંક્તિના અંતે કાફિયાનો પ્રયોગ થાય છે. રદીફ વગરની ગઝલને ગેરમુરદફ ગઝલ કહેવામાં આવે છે. જો રદીફ સ્વતંત્ર રૂપે ન હોય પરંતુ કાફિયામાં જ રદીફનો સમાવેશ થઈ ગયો હોય તો એવી ગઝલને હમરદીફ-હમકાફિયા ગઝલ કહેવામાં આવે છે.

અહીં ચાર ગઝલો ઉદાહરણ તરીકે પ્રસ્તુત કરું છું.

(૧)
(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

નજર મેળવીશું ને ખોવાઈ જાશું
કથાઓ બનીશું ને ચર્ચાઈ જાશું

કહી દો કે મંજૂર છે પ્રેમ તારો
હકૂમત કરી કાળ પર છાઈ જાશું

વસંતોના જોબનને લાલી તો મળશે
ભલે રક્ત સિંચીને કરમાઈ જાશું

તમે ઋણ કાઢ્યા કરો સાત ભવનું
ન પ્હોંચી વળાશે તો વેચાઈ જાશું

સભા પર કરો એક પારેખ-દ્રષ્ટિ
હજારો ને લાખોમાં પરખાઈ જાશું

ગગનમાં ઝગીશું સિતારા બનીને
અગર આંસુઓ થઈને વેરાઈ જાશું

નજીવી રમતમાં થયા જન્મ-ફેરા
ખબર શી અમોને કે બંધાઈ જાશું

અમે આપ વિસ્તરશું બ્રહ્માંડ થઈને
દિલે આપના જો સમેટાઈ જાશું

ગમે તેમ જીવી જશું તોય અંતે
બહુ શાનથી 'શૂન્ય' વિસરાઈ જાશું

રદીફ : જાશું (જે દરેક શેરના અંતે સામાન્ય છે.)
કાફિયા : ખોવાઈ, ચર્ચાઈ, છાઈ, કરમાઈ, વેચાઈ, પરખાઈ, વેરાઈ, બંધાઈ, સમેટાઈ, વિસરાઈ.
(જે દરેક શેરમાં રદીફ પહેલાં આવે છે અને દરેકના ઉચ્ચારનો અંત એકસરખો છે.)

(૨)

(ગઝલકાર : 'મરીઝ')

બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે

માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી
જીવનના દર્દની તો કોઈ સારવાર દે

ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું
એ શું કે તારા માટે ફકત ઇન્તિઝાર દે

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે

પીઠામાં મારું માન સતત હાજરીથી છે
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે

નવરાશ છે હવે જરા સરખામણી કરું
કેવો હતો અસલ હું મને એ ચિતાર દે

તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા
પહેલાં જરાક તારી ઉપર ઇખ્તિયાર દે

આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન
દે એક મહાન દર્દ અને પારાવાર દે

સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે

દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ'
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે

રદીફ : દે (જે દરેક શેરના અંતે સામાન્ય છે.)

કાફિયા : પરવરદિગાર, વિચાર, સારવાર, ઇન્તિઝાર, દ્વાર, આવકાર, ચિતાર, ઇખ્તિયાર, પારાવાર, ભાર, ઉધાર. (જે દરેક શેરમાં રદીફ પહેલાં આવે છે અને દરેકના ઉચ્ચારનો અંત એકસરખો છે.)

(3)

(ગઝલકાર : 'ગની' દહીંવાલા)

ન આવી હદ સિતમગરના દમનની
વટાવી હું ગયો સીમા સહનની

સ્વયં હું આરસી મારા પતનની
ચમન છું ભીખ માગું છું પવનની

ન હોતે પ્રેમનાં ઝરણાં મધુરાં
તો ખારી થઈ જતે સરિતા જીવનની

ભલે માટીમાં મુજને મેળવી દે
પરંતુ હો એ માટી મુજ વતનની

મરણ-કાલે સ્મરણ કીધું તમારું
ઉષા ભાસી મને સંધ્યા જીવનની

કયો સાગર છે એનું લક્ષ્ય-બિંદુ
વહી ક્યાં જાય છે સરિતા જીવનની

ધસી આવી હૃદય પર ઊર્મિઓ જ્યાં
'ગની' મેં ઓથ લઈ લીધી કવનની

કાફિયા : દમનની, સહનની, પતનની, પવનની, જીવનની, વતનની, કવનની. (જે દરેકના ઉચ્ચારનો અંત એકસરખો છે.)

ઉપરોક્ત ગઝલમાં રદીફનો પ્રયોગ સ્વતંત્ર રૂપે થયો નથી પરંતુ રદીફનો સમાવેશ (પ્રત્યય 'ની' કે જે રદીફ છે એનો સમાવેશ) કાફિયામાં જ થઈ જતો હોવાથી તે હમરદીફ-હમકાફિયા ગઝલ કહેવાશે.

(૪)

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

છે કાંઈ જિંદગીમાં તો એ જ છે સહારો
એક યાદ છે તમારી એક શ્વાસ છે અમારો

મારી જીવનવીણાના કંપી રહ્યા છે તારો
કોણ એ ભલા કરે છે ઉરદ્વારથી ઇશારો

મુજને ડુબાવનારા મારા જ છે વિચારો
ક્યાં દૂર છે નહીં તો ચોપાસ છે કિનારો

ઝખ્મોને દિલમાં રાખું કે અશ્રુઓને રાખું
મે'માન છે હજારો ને એક છે ઉતારો

દે તે જ ફાવે તેવી સાકી શરાબ મુજને
હું તો છું આગને પણ પાણી કરી પીનારો

જો દર્દ છે તો દિલ છે દિલ છે તો જિંદગી છે
ચાહું તો કેમ ચાહું ગમથી હું છૂટકારો

દુઃખ શોધ કોઈ કાયમ છોડી ક્ષણિક સુખોને
કંઈ મૂર્ખ મિત્ર કરતાં એક ડાહ્યો શત્રુ સારો

એવું મરણ કરો કે ઝંખે જીવન તમોને
ડૂબો તો એમ ડૂબો શોધે સ્વયં કિનારો

ઊગીને પાથરે ના કંઈ તેજ જે જગત પર
મારી નજરમાં 'ઘાયલ' એ તારો છે તિખારો

કાફિયા : સહારો, અમારો, તારો, ઇશારો, વિચારો, કિનારો, ઉતારો, પીનારો, છૂટકારો, સારો, તિખારો. (જે દરેકના ઉચ્ચારનો અંત એકસરખો છે.)

ઉપરોક્ત ગઝલમાં રદીફનો પ્રયોગ થયો નથી તેથી તે ગેરમુરદ્દફ ગઝલ કહેવાશે.

***

(૨)
ગુજરાતી ભાષા માટે ગઝલના છંદશાસ્ત્રની આવશ્યકતા

શેર, મતલા, મકતા, રદીફ અને કાફિયાની ચર્ચા પછી હવે આપણે ગઝલનું મહત્વનું અંગ ગઝલનાં છંદોની ચર્ચા કરીશું. ગઝલના છંદશાસ્ત્રની રચના સૌપ્રથમ ખલીલ ઇબ્ન અહમદ બસરીએ અરબી ભાષામાં કરી હતી જેને અરૂઝ કહેવાય છે. અરબી, ફારસી અને ઉર્દૂ ભાષાની લિપિ ગુજરાતી ભાષાની લિપિ કરતાં બિલકુલ અલગ હોવાથી અરૂઝના નિયમોને આધારે ગુજરાતી ભાષામાં છંદ-રચના કરવી લગભગ અશક્ય છે. ખાસ કરીને અરૂઝમાં છંદ-રચના માટે ઝિહાફની પ્રક્રિયા (મૂળ સંધિને ખંડિત કરીને નવી સંધિ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા) ગુજરાતી ભાષા માટે અસંભવ છે. તેથી અરૂઝમાં દર્શાવેલ છંદોને લઘુ-ગુરુ માપમાં પરિવર્તિત કરીને ગુજરાતી ભાષામાં દર્શાવવામાં આવે છે કે જેમાં લઘુઅક્ષર માટે 'લ' સંજ્ઞાનો અને ગુરુઅક્ષર માટે 'ગા' સંજ્ઞાનો પ્રયોગ કરવામાં આવે છે. આ રીતે અરૂઝમાં દર્શાવેલ છંદોને લઘુ-ગુરુ માપમાં સમજીને ગઝલની રચના કરવામાં કોઈ સમસ્યા થતી નથી, આમ છતાં ગુજરાતી ભાષાએ ગઝલને પોતીકો કાવ્યપ્રકાર માની લીધો હોય ત્યારે ગુજરાતી ભાષાને અનુરૂપ એક એવા અલગ છંદશાસ્ત્રની જરૂરિયાત રહે છે કે જેને ગુજરાતી ગઝલનું છંદશાસ્ત્ર કહી શકાય અને જેમાં ગઝલનાં છંદોની રચના ગુજરાતી ભાષાની લિપિને અનુરૂપ રીતે કરી શકાય. આ ઉપરાંત અરૂઝના અભ્યાસ દરમિયાન કેટલાંક પ્રશ્નો નિરુત્તર રહે છે એ પ્રસ્તુત કરું છું.

(૧) અરૂઝમાં મૂળ સંધિમાં (જેને રુકન અથવા અરકાન કહેવાય છે) કુલ આઠ સંધિનો સમાવેશ કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે.

૧	મુતકારિબ	ફઊલુન	લગાગા
૨	મુતદારિક	ફાઇલુન	ગાલગા
૩	હઝજ	મફાઈલુન	લગાગાગા
૪	રમલ	ફાઇલાતુન	ગાલગાગા
૫	રજઝ	મુસ્તફઇલુન	ગાગાલગા
૬	કામિલ	મુતફાઇલુન	લલગાલગા
૭	વાફિર	મફાઇલતુન	લગાલલગા
૮	મુક્તઝિબ	મફ્ઊલાત	ગાગાગાલ

	ઉપરોક્ત આઠ સંધિમાંથી પહેલી બે સંધિ પાંચ માત્રાની (પંચકલ સંધિ) અને બાકીની છ સંધિ સાત માત્રાની (સપ્તકલ સંધિ) છે. ગઝલના છંદોમાં લગાલગા અને લલગાગા જેવી છ માત્રાની સંધિનો (ષટ્કલ સંધિ) પણ પ્રયોગ થાય છે તો પછી એને મૂળ સંધિમાં સ્થાન ન આપતાં ઝિહાફની પ્રક્રિયાથી પ્રાપ્ત કરવાનું પ્રયોજન શું હોય શકે એ સમજવું મુશ્કેલ છે.
(૨)	લગાલગા સંધિ ઝિહાફની પ્રક્રિયાથી પ્રાપ્ત કરવામાં આવે છે. લગાગાગા (હઝજ) અને ગાગાલગા (રજઝ) એ બે મૂળ સંધિમાંથી ઝિહાફની પ્રક્રિયા દ્વારા (મૂળ સંધિને ખંડિત કરીને) લગાલગા સંધિ પ્રાપ્ત કરવામાં આવે છે. આ બંને સંધિમાંથી કઈ સંધિના ખંડિત સ્વરૂપને આધાર માનવો એ સમજવું મુશ્કેલ છે. જે રીતે ગણિતમાં એક પ્રશ્નનો ઉકેલ એકથી વધુ રીતે મેળવી શકાય એ જ રીતે લગાલગા સંધિ પણ એકથી વધુ રીતે મેળવી શકાય એમ માની લઈએ તો પણ લગાલગા સંધિ ઝિહાફની પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત કરવાને બદલે એનો મૂળ સંધિમાં સમાવેશ કેમ ન કર્યો એ મુખ્ય પ્રશ્ન છે.
(૩)	અરુઝમાં કુલ ૧૯ અખંડિત મૂળભૂત છંદોનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને એને ઝિહાફની પ્રક્રિયા દ્વારા ખંડિત કરીને બીજા ઘણાં છંદો પ્રાપ્ત કરવામાં આવે છે. આ ૧૯ છંદોમાં એક છંદ છે મદીદ છંદ કે જેની સંધિ અરુઝમાં 'ગાલગાગા ગાલગા ગાલગાગા ગાલગા' દર્શાવવામાં આવી છે અને આ છંદને ગાલગાગા (રમલ) અને ગાલગા (મુતદારિક) એ બે સંધિનું મિશ્ર અખંડિત સ્વરૂપ ગણવામાં આવ્યું છે. હવે બીજો એક છંદ 'લલગાલ ગાલગાગા લલગાલ ગાલગાગા' જોઈએ કે જેને રમલ છંદના (ગાલગાગા) ખંડિત ગણોના યોગથી રચાયેલો દર્શાવવામાં આવ્યો છે. હવે આ છંદની સંધિ અલગ રીતે દર્શાવી જોઈએ 'લલગાલગા લગાગા લલગાલગા લગાગા'. આ રીતે જોવા જઈએ તો આ છંદ લલગાલગા (કામિલ) અને લગાગા (મુતકારિબ) સંધિનું મિશ્ર અખંડિત સ્વરૂપ છે, તો પછી આ છંદને ૨૦ મા મૂળભૂત અખંડિત છંદ તરીકે સ્વીકારવાને બદલે રમલ છંદના ખંડિત ગણોથી પ્રાપ્ત થયેલો દર્શાવવાનું પ્રયોજન શું હોય શકે એ સમજવું મુશ્કેલ છે.

અરૂઝની બીજી એક મર્યાદા એ ગણવામાં આવે છે કે અરૂઝમાં છંદોના નામ છંદ કરતાં પણ ખૂબ લાંબા હોય છે, પરંતુ એ લાંબા નામ પરથી છંદ-રચના જાણી શકાય છે એ જ અરૂઝની વિશેષતા છે. ઉપરોક્ત ચર્ચાનો હેતુ અરૂઝની નિંદા કરવાનો નથી. અરૂઝની નિંદા કરવાથી મારું કાર્ય અરૂઝ કરતાં ચઢિયાતું સાબિત ન જ થઈ શકે. ખરું કહું તો અરૂઝને કારણે જ હું આ કાર્ય કરી શક્યો છું. છંદ અંગે જેટલાં પુસ્તકોનો મેં અભ્યાસ કર્યો છે તેની યાદી પ્રસ્તુત છે.

ક્રમાંક	ગ્રંથ/પુસ્તકનું નામ	પહેલી આવૃત્તિનું પ્રકાશન વર્ષ
૧	દલપત પિંગળ (રચનાકાર : દલપતરામ)	૧૮૬૨
૨	પિંગલદર્શન (રચનાકાર : ચિમનલાલ શિ. ત્રિવેદી)	૧૯૫૩
૩	બૃહત્ પિંગળ (રચનાકાર : રામનારાયણ વિશ્વનાથ પાઠક)	૧૯૫૫
૪	ગઝલનું છંદશાસ્ત્ર (રચનાકાર : જમિયત પંડ્યા)	૧૯૭૮ બીજી આવૃત્તિ
૫	ગઝલનું પિંગળશાસ્ત્ર (રચનાકાર : શકીલ કાદરી)	૧૯૯૪
૬	ગઝલ : કલા અને કસબ (રચનાકાર : અમૃત ઘાયલ)	૧૯૯૭
૭	સમજીએ ગઝલનો લય (રચનાકાર : જીતુ ત્રિવેદી)	૨૦૦૨
૮	ગઝલ : રૂપ અને રંગ (રચનાકાર : રઈશ મનીઆર)	૨૦૦૬
૯	ગઝલનું છંદોવિધાન (રચનાકાર : રઈશ મનીઆર)	૨૦૦૭
૧૦	ગઝલ શીખીએ (રચનાકાર : ડો. પ્રફુલ્લ દેસાઈ)	૨૦૦૭
૧૧	ગઝલ : સંરચના અને છંદ-વિધાન (રચનાકાર : પ્રો. સુમન અજમેરી)	૨૦૦૭
૧૨	ગઝલ વિમર્શ (રચનાકાર : રાજેશ વ્યાસ 'મિસ્કીન')	૨૦૦૭
૧૩	ગઝલ પ્રવેશિકા (રચનાકાર : રાજેશ વ્યાસ 'મિસ્કીન')	૨૦૧૨
૧૪	ત્યારે ગઝલ બને છે (રચનાકાર : 'સાગર' નવસારવી)	૨૦૧૨

ઉપરોક્ત યાદીમાં ગ્રંથ/પુસ્તક ક્રમાંક ૧ થી ૩ આપણા ભારતીય છંદ અંગેનાં છે તથા પુસ્તક ક્રમાંક ૪ થી ૧૪ ગઝલના છંદ અંગેનાં છે. ગઝલના છંદોના ઉપરોક્ત પુસ્તકો પૈકી 'ગઝલ : રૂપ અને રંગ' અને 'ગઝલનું છંદોવિધાન'માં ગઝલના છંદોને અરૂઝથી અલગ પદ્યભાર આધારિત પદ્ધતિથી સમજાવવામાં આવ્યા છે જ્યારે બાકીના પુસ્તકોમાં ગઝલના છંદોને અરૂઝ મુજબ જ સમજાવવામાં આવ્યા છે. છંદ અંગે મેં જેટલાં પણ ગ્રંથ/પુસ્તકોનો અભ્યાસ કર્યો તેમાં હું રામનારાયણ વિશ્વનાથ પાઠકના 'બૃહત્ પિંગળ'થી અને રઈશ મનીઆરના 'ગઝલનું છંદોવિધાન'થી વધુ પ્રભાવિત થયો છું.

સૌપ્રથમ કવિશ્રી દલપતરામે એમના ગ્રંથ 'દલપત પિંગળ'માં (વર્ષ ૧૯૬૨) છંદોમાં પદ્યભારના સ્થાન (તાલ-સ્થાન) દર્શાવ્યા હતા. કવિશ્રી દલપતરામે 'દલપત પિંગળ'માં છંદોના પદ્યભારના સ્થાન (તાલ-સ્થાન) નક્કી કરવા અંગે કોઈ તર્ક રજૂ કર્યા ન હતા. રામનારાયણ વિશ્વનાથ પાઠકે એમના ગ્રંથ 'બૃહત્ પિંગળ'માં (વર્ષ ૧૯૫૫) 'દલપત પિંગળ'ના છંદ અને તેનાં પદ્યભારના સ્થાનને (તાલ-સ્થાનને) કેન્દ્રમાં રાખીને છંદ અને પદ્યભારના સ્થાનના (તાલ-સ્થાનના) મેળ વિષયે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેઓએ 'બૃહત્ પિંગળ'માં ગઝલના છંદોની પણ ચર્ચા કરી હતી અને ગઝલના કેટલાંક અટપટા છંદોને એકસરખી માત્રા-સંખ્યાના આવર્તનોવાળી સંધિ દ્વારા પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવ્યા હતા.

સુરતના પ્રતિષ્ઠિત ગઝલકાર રઈશ મનીઆરે 'ગઝલનું છંદોવિધાન' (વર્ષ ૨૦૦૭) દ્વારા ગઝલના છંદોને પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવ્યા હતા તથા ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિ અને ગઝલના છંદોને પંચકલ, ષટ્કલ, સપ્તકલ અને અષ્ટકલ પ્રકારમાં વર્ગીકૃત કરીને તે મુજબ ગઝલના છંદોને શાસ્ત્રીય નામ અને પરિચયાત્મક નામ પણ આપ્યા હતા. રઈશ મનીઆરે 'ગઝલનું છંદોવિધાન'માં ગઝલના છંદ અને સંગીતના તાલના સંબંધ અંગે પણ ચર્ચા કરી હતી. અરૂઝથી અલગ પદ્યભાર આધારિત પદ્ધતિનું નિર્માણ કરીને ગઝલના છંદોને સમજાવવાનો આ સૌપ્રથમ પ્રયાસ છે એવો મારો મત છે.

ગઝલના છંદોને સમજાવવા એક નવી પદ્યભાર આધારિત પદ્ધતિનું નિર્માણ કરીને ગઝલના છંદશાસ્ત્ર તરીકે મારા હિન્દી પુસ્તક 'ગઝલધારા' (વર્ષ ૨૦૧૫) માં પ્રસ્તુત કરી હતી કે જેમાં મોટે ભાગના ગઝલના છંદોની સંધિ અરૂઝમાં દર્શાવેલ સંધિ મુજબ જ રહી છે તથા જે છંદની સંધિ અરૂઝ કરતાં અલગ છે તે સમજવામાં અરૂઝ કરતાં વધુ સરળ છે. 'ગઝલધારા' પુસ્તકમાં 'ગઝલ કે છંદ ઔર સંગીત કે તાલ કા સમન્વય' હેઠળ ગઝલનું તાલશાસ્ત્ર પણ પ્રસ્તુત કર્યું હતું. ગઝલનું તાલશાસ્ત્ર પ્રસ્તુત કરવાનો કદાચ આ સૌપ્રથમ પ્રયાસ હશે. 'ગઝલધારા' પુસ્તકમાં રજૂ કરેલ ગઝલનું છંદશાસ્ત્ર આ પુસ્તકમાં પ્રસ્તુત કરી રહ્યો છું.

'દલપત પિંગળ' અને 'બૃહત્ પિંગળ' એ બંને ગ્રંથોમાં પદ્યભારના સ્થાનને (તાલ-સ્થાનને) દર્શાવવા પદ્યભારવાળા (તાલ-સ્થાનવાળા) અક્ષરની ઊપર ઉભી રેખા કરવામાં આવી છે જ્યારે હું પદ્યભારવાળા (તાલ-સ્થાનવાળા) અક્ષરને રેખાંકિત કરીને દર્શાવીશ. રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'બૃહત્ પિંગળ'માં 'તાલ-સ્થાન' શબ્દ માટે 'પદ્યભાર' શબ્દનો પણ પ્રયોગ કર્યો હતો. 'તાલ-સ્થાન' શબ્દ માટે 'પદ્યભાર' શબ્દ જ વધુ ઉચિત હોવાથી હવે પછી 'તાલ-સ્થાન' શબ્દ માટે 'પદ્યભાર' શબ્દનો જ પ્રયોગ કરીશું. રઈશ મનીઆરે પણ 'ગઝલનું છંદોવિધાન'માં 'તાલ-સ્થાન' શબ્દ માટે 'પદ્યભાર' શબ્દનો જ પ્રયોગ કર્યો હતો.

રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'બૃહત્ પિંગળ'માં ગઝલના છંદોની પણ ચર્ચા કરી છે. રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'બૃહત્ પિંગળ'માં ગઝલના કેટલાંક અટપટા છંદોને એકસરખી માત્રા-સંખ્યાના આવર્તનોવાળી સંધિ દ્વારા પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવ્યા હતા. આ છંદોમાં એકસરખી માત્રા-સંખ્યાવાળી સંધિના આવર્તનો હોવા છતાં અરૂઝમાં એ છંદોનું નિરૂપણ અટપટી રીતે થયેલું જોવા મળે છે. આવા છંદોની યાદી અત્રે પ્રસ્તુત કરું છું.

(૧)	અરૂઝ : ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા બૃહત્ પિંગળ : ગા ગાલલગા ગાલલગા ગાલલગા ગા
(૨)	અરૂઝ : ગાગાલ લગાગાગા ગાગાલ લગાગાગા બૃહત્ પિંગળ : ગા ગાલલગા ગાગાગા ગાલલગા ગાગા
(૩)	અરૂઝ : લલગાલ ગાલગાગા લલગાલ ગાલગાગા બૃહત્ પિંગળ : લલ; ગાલ ગાલ; ગાગા લલ; ગાલ ગાલ; ગાગા
(૪)	અરૂઝ : ગાગાલ ગાલગાગા ગાગાલ ગાલગાગા બૃહત્ પિંગળ : ગા ગાલગાલ ગાગાગા ગાલગાલ ગાગા
(૫)	અરૂઝ : ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા બૃહત્ પિંગળ : ગા ગાલગાલ ગાલલગા ગાલગાલ ગા

ઉપરોક્ત યાદીમાં દર્શાવેલ પાંચ છંદોની સંધિ અરૂઝ મુજબ અટપટી જણાય છે જ્યારે 'બૃહત્ પિંગળ' મુજબ ષટ્કલ સંધિના આવર્તનો સ્પષ્ટ રીતે સમજી શકાય છે. 'બૃહત્ પિંગળ'માં આ પાંચ છંદોને પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવવામાં આવ્યા છે કે જેમાં પહેલું અને અંતિમ આવર્તન અપૂર્ણ છે, પરંતુ આ અપૂર્ણ આવર્તનો કઈ સંધિના છે એની સ્પષ્ટતા 'બૃહત્ પિંગળ'માં રામનારાયણ વિશ્વનાથ પાઠકે કરી નથી કારણ કે ગઝલના છંદો તેઓનો મુખ્ય વિષય ન હતો. રઈશ મનીઆર પણ 'ગઝલનું છંદોવિધાન'માં ષટ્કલ પ્રકારના છંદો હેઠળ

ઉપરોક્ત છંદો આ જ રીતે દર્શાવે છે અને તેમણે પણ 'ગઝલનું છંદોવિધાન'માં છંદમાં અપૂર્ણ આવર્તન કઈ સંધિના છે એની સ્પષ્ટતા કોઇપણ છંદના નિરૂપણમાં કરી નથી.

ઉપરોક્ત છંદોનું નિરૂપણ મારા હિન્દી પુસ્તક 'ગઝલધારા'માં અને આ પુસ્તકમાં નીચે મુજબ કરવામાં આવ્યું છે.

(૧)	ગાગા લલગાગા લલગાગા લલગાગા લલગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.
(૨)	ગાગાગાગા ગાગા ગાગાગાગા ગાગા ગાગાગાગા સંધિનાં બે આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા બે ગુરુઅક્ષરોનો લોપ કરવાથી મળતા સ્વરૂપના બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે. મોટે ભાગે આ છંદ 'ગાગાલલગા ગાગા ગાગાલલગા ગાગા' સ્વરૂપે જ પ્રયુક્ત થયેલો જોવા મળે છે. 'બૃહત્ પિંગળ' માં રામનારાયણ વિશ્વનાથ પાઠક આ છંદને ષટ્કલ રચના દર્શાવે છે જ્યારે મારા દ્રષ્ટિકોણ મુજબ આ અષ્ટકલ છંદ છે. આ છંદની રચનાઓનું ગાયન અથવા પઠન કરી પદ્યભાર પર નક્કી કરતાં આ છંદમાં અષ્ટકલ સંધિ જ પ્રયુક્ત થયેલી જણાશે.
(૩)	લલગાલગા લગાગા લલગાલગા લગાગા અનુક્રમે લલગાલગા અને લગાગા સંધિના મિશ્ર સ્વરૂપના (લલગાલગા લગાગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.
(૪)	ગાગાલગા લગાગા ગાગાલગા લગાગા અનુક્રમે ગાગાલગા અને લગાગા સંધિના મિશ્ર સ્વરૂપના (ગાગાલગા લગાગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.
(૫)	ગાગા લગાલગા લલગાગા લગાલગા અનુક્રમે લલગાગા અને લગાલગા સંધિના મિશ્ર સ્વરૂપના (લલગાગા લગાલગા) બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

રામનારાયણ વિશ્વનાથ પાઠક છંદોને પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવવાના પક્ષમાં નથી. હું પણ છંદોને પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને દર્શાવવાના પક્ષમાં નથી કારણ કે છંદનું નિરૂપણ પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને કરવાથી મોટે ભાગે છંદનું સ્વરૂપ વિકૃત થઈ જાય છે તથા આ પદ્ધતિથી કેટલાંક છંદોનું નિરૂપણ અશક્ય થઈ જાય છે. અરૂઝમાં દર્શાવેલ મુતકારિબ છંદ 'લગાગા લગાગા લગાગા લગાગા' આપણા ભુજંગી છંદ સાથે સામ્યતા ધરાવે છે. રામનારાયણ વિશ્વનાથ પાઠક પણ 'બૃહત્ પિંગળ' માં ભુજંગી છંદનું લગાત્મક સ્વરૂપ પદ્યભારના સ્થાન સહિત 'લગાગા લગાગા લગાગા લગાગા' સ્વરૂપે જ દર્શાવે છે કે જેથી છંદમાં લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ થયો છે એ સરળતાથી સમજી શકાય. પરંતુ આ છંદને એના પદ્યભારના સ્થાનથી સંધિ છૂટી પાડીને 'લ ગાગાલ ગાગાલ ગાગાલ ગાગા' સ્વરૂપે દર્શાવવાથી છંદનું લગાત્મક સ્વરૂપ વિકૃત થઈ જાય છે.

***

(3)
પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિ

ઉપલબ્ધ સર્જનોનું અવલોકન કરી નિયમો તારવીને શાસ્ત્રની રચના થાય છે અને ત્યારબાદ એ શાસ્ત્રના આધારે નવા સર્જનો થાય છે. ગેરફિલ્મી અને ફિલ્મી ગઝલ ઉપરાંત ફિલ્મી ગીતોમાં પણ ગઝલના છંદોનો ઘણો પ્રયોગ થયો છે. 'ગઝલધારા' પુસ્તકની રચના કરતી વખતે ૨૦૦૦ થી વધુ ફિલ્મી ગીત-ગઝલનો અભ્યાસ કરતાં આખા ગીત-ગઝલમાં ગઝલના કોઈ એક જ છંદનો પ્રયોગ થયો હોય એવાં ૫૦૦ થી વધુ ગીત-ગઝલ મળ્યા હતાં. આ ઉપરાંત ૫૦૦ થી વધુ ગેરફિલ્મી ગઝલનો પણ અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દરમિયાન ગઝલના ૪૦ થી વધુ છંદો પ્રાપ્ત થયા હતા જે પૈકી ગઝલના ૩૦ છંદોને 'ગઝલધારા' પુસ્તકમાં આવરી લીધા હતા. મારા અભ્યાસની ૯૫% થી વધુ રચનાઓ એ ૩૦ છંદોમાં જ હતી.

આ પુસ્તક 'ગુજરાતી ગઝલનું છંદશાસ્ત્ર'ની રચના દરમિયાન 'શૂન્ય' પાલનપુરી, 'મરીઝ', 'ગની' દહીંવાળા અને અમૃત 'ઘાયલ'ના સમગ્ર સંગ્રહ અનુક્રમે 'શૂન્યની સૃષ્ટિ', 'સમગ્ર મરીઝ', 'હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે' અને 'આઠોં જામ ખુમારી'નો અભ્યાસ કર્યો છે. આ ચારેય સંગ્રહની ગઝલ અને નઝમના છંદોનો અભ્યાસ કર્યો છે જ્યારે મુક્તકો અને છૂટા શેરોને છોડી દીધા છે. મારા આટલા અભ્યાસ દરમિયાન ગઝલના ૬૦ થી વધુ છંદ પ્રાપ્ત થયા હતા જે પૈકી ૯૦% થી વધુ રચનાઓમાં 'ગઝલધારા' પુસ્તકમાં દર્શાવેલ ૩૦ છંદો પૈકી ૨૮ છંદોનો જ પ્રયોગ જોવા મળે છે અને બાકીના છંદો પૈકી ઘણાં છંદો તો આ ૩૦ છંદો પૈકીના કોઈ એક છંદનું અડધું, દોઢું કે બમણું સ્વરૂપ જ છે. તેથી અત્રે આ પુસ્તકમાં પણ હું 'ગઝલધારા' પુસ્તકમાં દર્શાવેલ ૩૦ છંદોની જ ચર્ચા કરીશ.

ગઝલના છંદોના મારા અભ્યાસ દરમિયાન કેટલાંક તારણો નીકળ્યા છે જે પ્રસ્તુત કરું છું.

(૧)	લ = લઘુઅક્ષર = એક માત્રાકાળમાં ઉચ્ચારણ ગા = ગુરુઅક્ષર = બે માત્રાકાળમાં ઉચ્ચારણ
(૨)	લઘુ-ગુરૂ અક્ષરોની ગણતરીમાં (અક્ષરોનું લઘુ-ગુરૂ સ્વરૂપ એટલે કે વજન નક્કી કરવામાં) અક્ષર હ્રસ્વસ્વરયુક્ત છે કે દીર્ઘસ્વરયુક્ત છે એ ધ્યાનમાં ન લેતાં અક્ષરના ઉચ્ચારણ-સમયને જ ધ્યાનમાં લેવામાં આવે છે. જેમકે 'કવિતા' શબ્દનું માપ લલગા હોવા છતાં ઉચ્ચારણ-સમયને આધારે 'કવિતા' શબ્દ લલગા (ક-વિ-તા) અને લગાગા (ક-વી-તા) એ બંને માપમાં પ્રયોજી શકાય છે.

(૩)	ગઝલના છંદોમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે જ્યારે એક ગુરુઅક્ષરના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકતો નથી. જેમકે 'ગઝલ' શબ્દનું માપ લગા (ગ-ઝલ) જ થાય છે, પરંતુ 'કવિતા' શબ્દ ગાગા (કવિ-તા) માપમાં પ્રયોજી શકાતો નથી. ગઝલના છંદોમાં જ્યાં બે લઘુઅક્ષરોનો પ્રયોગ હોય ત્યાં સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો જ પ્રયોગ કરવો પડે છે. બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કે એક ગુરુઅક્ષરનો પ્રયોગ કરી શકતો નથી. જેમકે લલગા માપમાં 'કવિતા' શબ્દનો પ્રયોગ કરી શકાય છે, પરંતુ 'તરવું' શબ્દ લલગા માપમાં (ત-ર-વું) પ્રયોજી શકાતો નથી કારણ કે 'તરવું' શબ્દનું માપ ગાગા (તર-વું) જ થાય છે.
(૪)	ગઝલના છંદોમાં એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો પ્રયુક્ત થતા નથી. ગઝલ પ્રચલિત હોવાનું એક કારણ ગઝલના છંદોની પ્રવાહિતા પણ છે. એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ છંદની પ્રવાહિતાને ઓછી કરી દે છે.
(૫)	ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર (પદ્યભારવાળા ગુરુઅક્ષર સિવાય) બે સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ કરવાની છૂટ છે, પરંતુ આ છૂટ એવી રીતે લેવાની રહેશે કે જેથી બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો એકસાથે ન આવે એટલે કે એકસાથે એક જ ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાશે. સામાન્ય રીતે એક ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરો લેવાની છૂટ પદ્યભારવાળા ગુરુઅક્ષર પહેલાંના અથવા પછીના અથવા એ બંને ગુરુઅક્ષરના સ્થાન પર જ લેવાયેલી જોવા મળે છે અને એ જ યોગ્ય પણ છે. એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોના પ્રયોગ માટે આ નિયમ બાધક નથી.
(૬)	ગઝલના છંદશાસ્ત્ર અનુસાર પંક્તિને (મિસરા) અંતે આવતા લઘુઅક્ષરને અલગ ન ગણતાં એ પહેલાનાં ગુરુઅક્ષરમાં જ સમાવિષ્ટ કરી દેવામાં આવે છે એટલે કે પંક્તિના અંતિમ લઘુઅક્ષરને તે પહેલાનાં ગુરુઅક્ષર સાથે સંયુક્ત રીતે જ ઉચ્ચારવામાં આવે છે.
(૭)	ગઝલના છંદોની રચનાની મારી પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના છંદોમાં પ્રયુક્ત બધી જ સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર હશે.

ગઝલના છંદો લાગાત્મક સ્વરૂપવાળા માત્રામેળ છંદો છે કે જેમાં લઘુ-ગુરુ માપ નક્કી કરવા માટે ધ્વનિમેળનો આધાર લેવામાં આવે છે. આપણા ભારતીય માત્રામેળ છંદોમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે અને સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે તથા બે લઘુઅક્ષરોના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે અને સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે. આ જ કારણે ગઝલના છંદો આપણા માત્રામેળ છંદોથી અલગ પડે છે. આપણા માત્રામેળ છંદોમાં પંક્તિના અંતે આવતા લઘુઅક્ષરને જરૂર મુજબ ગુરુઅક્ષર ગણવાની છૂટને કારણે પણ ગઝલના છંદો આપણા માત્રામેળ છંદોથી અલગ પડે છે.

માત્રામેળ છંદોને સંગીતના તાલ સાથે સીધો સંબંધ છે. આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના છંદોમાં પંચકલ, ષટ્કલ, સપ્તકલ અને અષ્ટકલ પ્રકારની સંધિ પ્રયુક્ત થાય છે કે જેનો પદ્યભાર સંગીતના તાલના આધારે નક્કી કરી શકાય છે. લઘુઅક્ષરની એક માત્રા અને ગુરુઅક્ષરની બે માત્રા ગણતાં પંચકલ સંધિની પાંચ માત્રા, ષટ્કલ સંધિની છ માત્રા, સપ્તકલ સંધિની સાત માત્રા અને અષ્ટકલ સંધિની આઠ માત્રા થાય છે. પંચકલ સંધિ માટે દસ માત્રાના ઝપતાલનો પ્રયોગ, ષટ્કલ સંધિ માટે છ માત્રાના તાલ દાદરાનો પ્રયોગ, સપ્તકલ સંધિ માટે સાત માત્રાના તાલ રૂપકનો અથવા ચૌદ માત્રાના તાલ દીપચન્દીનો પ્રયોગ અને અષ્ટકલ સંધિ માટે આઠ માત્રાના તાલ કહેરવાનો પ્રયોગ કરવાથી જુદી-જુદી સંધિના પદ્યભાર નક્કી કરી શકાય છે. આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદી પ્રસ્તુત છે કે જેમાં દરેક સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ છે અને કોઈપણ સંધિમાં એકસાથે બેથી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો પ્રયુક્ત થયા નથી. દરેક સંધિમાં પદ્યભારવાળા અક્ષરને રેખાંકિત કર્યો છે.

ગઝલનાં છંદોમાં પ્રયુક્ત સંધિ

(દરેક સંધિમાં પદ્યભારવાળા અક્ષરને રેખાંકિત કરીને દર્શાવ્યો છે)

સંધિ ક્રમાંક	સંધિ	સંધિનો પ્રકાર	સંધિની કુલ માત્રા
૧	લગાગા	પંચકલ	૧+૨+૨=૫
૨	ગાલગા	પંચકલ	૨+૧+૨=૫
૩	લગાલગા અથવા લગાલગા	ષટ્કલ	૧+૨+૧+૨=૬
૪	લલગાગા	ષટ્કલ	૧+૧+૨+૨=૬
૫	ગાલલગા	ષટ્કલ	૨+૧+૧+૨=૬
૬	લગાગાગા	સપ્તકલ	૧+૨+૨+૨=૭
૭	ગાલગાગા	સપ્તકલ	૨+૧+૨+૨=૭
૮	ગાગાલગા	સપ્તકલ	૨+૨+૧+૨=૭
૯	લલગાલગા	સપ્તકલ	૧+૧+૨+૧+૨=૭
૧૦	લગાલલગા	સપ્તકલ	૧+૨+૧+૧+૨=૭
૧૧	ગાગાગાગા અથવા ગાગાગાગા	અષ્ટકલ	૨+૨+૨+૨=૮
૧૨	લગાલગાગા	અષ્ટકલ	૧+૨+૧+૨+૨=૮
૧૩	લલગાગાગા	અષ્ટકલ	૧+૧+૨+૨+૨=૮
૧૪	ગાલલગાગા	અષ્ટકલ	૨+૧+૧+૨+૨=૮
૧૫	ગાગાલલગા	અષ્ટકલ	૨+૨+૧+૧+૨=૮
૧૬	લલગાલલગા	અષ્ટકલ	૧+૧+૨+૧+૧+૨=૮
૧૭	ગાલગાલગા	અષ્ટકલ	૨+૧+૨+૧+૨=૮

ઉપરોક્ત યાદીમાં દરેક સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ છે. બધા જ પ્રચલિત છંદોમાં આ જ સંધિઓનો પ્રયોગ જોવા મળે છે. આવનારા સમયમાં અંત્યાક્ષર લઘુઅક્ષર હોય એવી સંધિના પ્રયોગની શક્યતા નકારી શકાય એમ નથી. તેથી આવનારા સમયમાં ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં અંત્યાક્ષર લઘુઅક્ષર હોય એવી સંધિના પણ સમાવેશનો વિકલ્પ ખુલ્લો રાખું છું. અંત્યાક્ષર લઘુઅક્ષર હોય અને બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો એકસાથે પ્રયુક્ત ન થતા હોય એવી સંધિની યાદી પ્રસ્તુત છે. દરેક સંધિમાં પદ્યભારવાળા અક્ષરને રેખાંકિત કર્યો છે.

સંધિ ક્રમાંક	સંધિ	સંધિનો પ્રકાર	સંધિની કુલ માત્રા
૧	ગાગાલ	પંચકલ	૨+૨+૧=૫
૨	ગાલગાલ અથવા ગાલગાલ	ષટ્કલ	૨+૧+૨+૧=૬
૩	ગાગાલલ	ષટ્કલ	૨+૨+૧+૧=૬
૪	ગાલગાલલ	સપ્તકલ	૨+૧+૨+૧+૧=૭
૫	ગાગાગાલ	સપ્તકલ	૨+૨+૨+૧=૭
૬	ગાલલગાલ	સપ્તકલ	૨+૧+૧+૨+૧=૭
૭	ગાગાગાલલ	અષ્ટકલ	૨+૨+૨+૧+૧=૮
૮	ગાલલગાલલ	અષ્ટકલ	૨+૧+૧+૨+૧+૧=૮
૯	ગાગાલગાલ	અષ્ટકલ	૨+૨+૧+૨+૧=૮

ઉપરોક્ત બંને યાદીમાં કોઈપણ સંધિમાં બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો એકસાથે પ્રયુક્ત થતા નથી અને કોઈપણ સંધિમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ થયો નથી. એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ છંદની પ્રવાહિતાને નુકસાન પહોંચાડે છે તેમ છતાં આવનારા સમયમાં એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ પ્રચારમાં આવે તો ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં હજુ ઘણી સંધિઓનો સમાવેશ કરી શકાય એમ છે અને હું એ વિકલ્પને પણ ખુલ્લો રાખું છું.

સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ હોય અને એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ ન થઈ શકે, એ બે નિયમોને છોડી દેવામાં આવે તો ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં ઘણી સંધિઓનો સમાવેશ કરી શકાય પરંતુ એ દરેકમાં પ્રવાહિતા હોય એ જરૂરી નથી. આ વાતને સમજવા માટે આપણે પંચકલ સંધિનું ઉદાહરણ લઈએ. પંચકલ સંધિ નીચે મુજબ કુલ આઠ રીતે પ્રાપ્ત થઈ શકે છે.

સંધિ ક્રમાંક	પંચકલ સંધિ
૧	લગાગા
૨	ગાલગા
૩	ગાગાલ
૪	લગાલલ
૫	લલલગા
૬	ગાલલલ

૭	લલગાલ
૮	લલલલલ અથવા લલલલલ અથવા લલલલલ અથવા લલલલલ અથવા લલલલલ

ઉપરોક્ત પંચકલ સંધિની યાદીમાં પંચકલ સંધિ ક્રમાંક ૧, ૨ અને ૩ માં એક લઘુઅક્ષર અને બે ગુરુઅક્ષરોનો પ્રયોગ થયો છે કે જેનો પદ્યભાર દસ માત્રાના તાલ ઝપતાલના આધારે નક્કી કરી શકાય છે (જુઓ પ્રકરણ-૪). પંચકલ સંધિ ક્રમાંક ૧, ૨ અને ૩ માં પદ્યભાર લઘુઅક્ષર પછીના ગુરુઅક્ષર પર સ્થિત છે. પંચકલ સંધિ ક્રમાંક ૧, ૨ અને ૩ માં પદ્યભાર સિવાયના ગુરુઅક્ષરના સ્થાન પર બે લઘુઅક્ષર પ્રયોજવાથી સંધિ ક્રમાંક ૪, ૫ અને ૬ પ્રાપ્ત થશે. સંધિ ક્રમાંક ૪, ૫ અને ૬ માં એક ગુરુઅક્ષર અને ત્રણ લઘુઅક્ષરોનો પ્રયોગ થયો છે કે જેમાં પદ્યભાર સંધિમાં પ્રયુક્ત થયેલા એકમાત્ર ગુરુઅક્ષર પર જ સ્થિત થશે. સંધિ ક્રમાંક ૭ માં પણ એક ગુરુઅક્ષર અને ત્રણ લઘુઅક્ષરોનો પ્રયોગ થયો હોવાથી સંધિ ક્રમાંક ૪, ૫ અને ૬ ને આધારે સંધિ ક્રમાંક ૭ નો પદ્યભાર પણ સંધિમાં પ્રયુક્ત થયેલ એકમાત્ર ગુરુઅક્ષર પર જ સ્થિત થશે. સંધિ ક્રમાંક ૮ માં ફક્ત લઘુઅક્ષરોનો જ પ્રયોગ થયો હોવાથી પદ્યભાર પાંચ પૈકી કોઈપણ એક લઘુઅક્ષર પર સ્થિત કરી શકાય. ઉપરોક્ત આઠ પંચકલ સંધિ પૈકી સંધિ ક્રમાંક ૧, ૨ અને ૩ જ અન્ય સંધિની સરખામણીમાં વધુ પ્રવાહી જણાશે. પંચકલ સંધિ ક્રમાંક ૧, ૨ અને ૩ પૈકી સંધિ ક્રમાંક ૧ અને ૨ જ સૌથી વધુ પ્રવાહી જણાશે કે જેનો ગઝલના છંદોમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. પંચકલ સંધિ ક્રમાંક ૧ લગાગા અને પંચકલ સંધિ ક્રમાંક ૨ ગાલગા અરૂઝ મુજબ અનુક્રમે મુતકારિબ અને મુતદારિક પ્રકારની મૂળ સંધિ છે.

અત્યારે તો ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ હોય અને એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ ન થઈ શકે, એ બે નિયમોને જાળવીને મારી વાતને આગળ વધારું છું અને ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદી ફરીથી પ્રસ્તુત કરું છું.

ગઝલનાં છંદોમાં પ્રયુક્ત સંધિ

(દરેક સંધિમાં પદ્યભારવાળા અક્ષરને રેખાંકિત કરીને દર્શાવ્યો છે)

સંધિ ક્રમાંક	સંધિ	સંધિનો પ્રકાર	સંધિની કુલ માત્રા
૧	લગાગા	પંચકલ	૧+૨+૨=૫
૨	ગાલગા	પંચકલ	૨+૧+૨=૫
૩	લગાલગા અથવા લગાલગા	ષટ્કલ	૧+૨+૧+૨=૬
૪	લલગાગા	ષટ્કલ	૧+૧+૨+૨=૬
૫	ગાલલગા	ષટ્કલ	૨+૧+૧+૨=૬
૬	લગાગાગા	સપ્તકલ	૧+૨+૨+૨=૭
૭	ગાલગાગા	સપ્તકલ	૨+૧+૨+૨=૭
૮	ગાગાલગા	સપ્તકલ	૨+૨+૧+૨=૭
૯	લલગાલગા	સપ્તકલ	૧+૧+૨+૧+૨=૭
૧૦	લગાલલગા	સપ્તકલ	૧+૨+૧+૧+૨=૭
૧૧	ગાગાગાગા અથવા ગાગાગાગા	અષ્ટકલ	૨+૨+૨+૨=૮
૧૨	લગાલગાગા	અષ્ટકલ	૧+૨+૧+૨+૨=૮
૧૩	લલગાગાગા	અષ્ટકલ	૧+૧+૨+૨+૨=૮
૧૪	ગાલલગાગા	અષ્ટકલ	૨+૧+૧+૨+૨=૮
૧૫	ગાગાલલગા	અષ્ટકલ	૨+૨+૧+૧+૨=૮
૧૬	લલગાલલગા	અષ્ટકલ	૧+૧+૨+૧+૧+૨=૮
૧૭	ગાલગાલગા	અષ્ટકલ	૨+૧+૨+૧+૨=૮

ઉપરોક્ત યાદીમાં દરેક સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ છે અને કોઈપણ સંધિમાં એકસાથે બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો પ્રયુક્ત થયા નથી.

ઉપરોક્ત યાદીમાં લગાલલગા સંધિ એ લગાગાગા સંધિનું જ સ્વરૂપ છે (પ્રચારમાં નથી) તથા લલગાલગા સંધિ એ ગાગાલગા સંધિનું જ સ્વરૂપ છે. ગાલલગા સંધિના આવર્તિત સ્વરૂપના છંદ પ્રચારમાં નથી, પરંતુ એનો પ્રયોગ લગાલગા સંધિ સાથે મિશ્ર રૂપે થયેલો જોવા મળે છે તથા લલગાગા અને ગાલગાગા સંધિના આવર્તિત સ્વરૂપના છંદોમાં અખંડિત કરતાં પણ ખંડિત પ્રકાર જ વધુ પ્રચલિત છે.

સંધિ ક્રમાંક ૧ થી ૧૦ ના પ્રયોગમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે, પરંતુ એક ગુરુઅક્ષરના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ વર્જિત છે તથા જ્યાં બે લઘુઅક્ષરોનો પ્રયોગ હોય ત્યાં સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો જ પ્રયોગ કરવો જરૂરી છે, બે લઘુઅક્ષરોના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરો કે એક ગુરુઅક્ષરનો પ્રયોગ વર્જિત છે. લગાગાગા, ગાલગાગા અને ગાગાલગા સંધિના સ્થાન પર કોઈકવાર અનુક્રમે લગાલલગા, ગાલગાલલ અને લલગાલગા સંધિનો પ્રયોગ કરવાની છૂટ એ રીતે લઈ શકાય કે જેથી છંદનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ આવે. ગાલગાલલ સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર ન હોવાથી ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં એનો સમાવેશ કર્યો નથી.

સંધિ ક્રમાંક ૧૧ થી ૧૭ અષ્ટકલ સંધિ છે કે જેમાં સંધિ ક્રમાંક ૧૨ થી ૧૭ (લગાલગાગા, લલગાગાગા, ગાલલગાગા, ગાગાલલગા, લલગાલલગા અને ગાલગાલગા) એ સંધિ ક્રમાંક ૧૧ (ગાગાગાગા) નાં જ સ્વરૂપ છે. ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદોમાં અષ્ટકલ સંધિનો જ પ્રયોગ થાય છે કે જેમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર (પદ્યભારવાળા ગુરુઅક્ષર સિવાય) સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરવાની છૂટ એ રીતે લઈ શકાશે કે જેથી સ્પષ્ટ ઉચ્ચારવાળા બે થી વધુ લઘુઅક્ષરો એકસાથે ન આવે અને છંદનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ આવે. એ જ કારણે સંધિ ક્રમાંક ૧૩ થી ૧૭ મોટે ભાગે સંધિ ક્રમાંક ૧૧ ગાગાગાગા ના વિકલ્પ સ્વરૂપે જ પ્રયુક્ત થયેલી જોવા મળે છે જ્યારે સંધિ ક્રમાંક ૧૨ લગાલગાગાના (જે ગાગાગાગા સંધિનું જ સ્વરૂપ છે) આવર્તિત સ્વરૂપવાળા છંદ પ્રચારમાં છે. આખી રચના સંધિ ક્રમાંક ૧૩ થી ૧૭ પૈકી કોઈ એક જ સંધિના આવર્તિત સ્વરૂપના છંદમાં હોય એવી રચના મળવી ખૂબ મુશ્કેલ છે. ગાગાગાગા સંધિના આવર્તિત સ્વરૂપવાળા છંદોમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાલલગાગા સંધિનો પ્રયોગ તથા ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે લલગાગાગા, ગાગાલલગા અને લલગાલલગા સંધિનો પ્રયોગ જોવા મળે છે. કોઈકવાર ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે લગાલગાગા સંધિનો પ્રયોગ તથા ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાલગાલગા સંધિનો પ્રયોગ પણ જોવા મળે છે. સામાન્ય રીતે એક ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરો લેવાની છૂટ પદ્યભારવાળા ગુરુઅક્ષર પહેલાંના અથવા પછીના અથવા એ બંને ગુરુઅક્ષરના સ્થાન પર જ લેવાયેલી જોવા મળે છે અને એ જ યોગ્ય પણ છે. એ રીતે જોતાં ગાગાગાગા સંધિના આવર્તિત સ્વરૂપવાળા છંદોમાં અંતિમ સંધિ સિવાયની સંધિના સ્થાન પર ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાગાગાલલ, ગાલલગાલલ અને ગાગાલગાલ સંધિનો પ્રયોગ પણ એવી રીતે કરી શકાય કે જેથી છંદનો અંત્યાક્ષર ગુરુઅક્ષર જ આવે. ગાગાગાલલ, ગાલલગાલલ અને ગાગાલગાલ સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર ન હોવાથી ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં એનો સમાવેશ કર્યો નથી. કોઈકવાર ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાગાલલગા અથવા

ગાલગાલગા સંધિનો પ્રયોગ પણ જોવા મળે છે પરંતુ બને ત્યાં સુધી એનો પ્રયોગ ટાળવો જોઈએ.

જે રીતે આખી રચના સંધિ ક્રમાંક ૧૩ થી ૧૭ પૈકી કોઈ એક જ સંધિના આવર્તિત સ્વરૂપના છંદમાં હોય એવી રચના મળવી ખૂબ જ મુશ્કેલ છે એ જ રીતે ગાગાગાગા સંધિના આવર્તિત સ્વરૂપવાળી રચનામાં એકપણ ગુરુઅક્ષરના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ ન થયો હોય એટલે કે બધા જ ગુરુઅક્ષરોના સ્થાન પર ગુરુઅક્ષરનો અથવા સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો જ પ્રયોગ થયો હોય એવી રચના મળવી પણ ખૂબ જ મુશ્કેલ છે. પ્રકરણ-૭માં છંદ ક્રમાંક ૧૮ થી ૨૧ માં દર્શાવેલ ઉદાહરણોનો અભ્યાસ કરવાથી ઉપરોક્ત બાબતો સરળતાથી સમજાય જશે.

આટલી ચર્ચા પરથી એવું તારણ કાઢી શકાય કે સંધિ ક્રમાંક ૧ થી ૧૨ ને મુખ્ય સંધિ ગણવા જોઈએ કે જેના આવર્તિત સ્વરૂપની રચનાઓ જોવા મળે છે તથા સંધિ ક્રમાંક ૧૩ થી ૧૭ ને ગૌણ સંધિ ગણવા જોઈએ કે જેનો પ્રયોગ મોટે ભાગે સંધિ ક્રમાંક ૧૧ ગાગાગાગા ના વિકલ્પ રૂપે જ જોવા મળે છે. અષ્ટકલ સંધિ ગાગાગાલલ, ગાલલગાલલ અને ગાગાલગાલ તથા સપ્તકલ સંધિ ગાલગાલલ પણ ગૌણ સંધિ જ ગણાશે કે જેનો સમાવેશ સંધિ ક્રમાંક ૧ થી ૧૭ માં કર્યો નથી, કારણ કે એ ચારેય સંધિના અંત્યાક્ષર ગુરુઅક્ષર નથી.

***

(૪)
સંગીતના તાલના આધારે
ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિના પદ્યભાર

કોઈપણ માત્રામેળ રચનાના કે કોઈપણ આવૃત્તસંધિ રૂપમેળ રચનાના પઠનમાં અથવા ગાયનમાં અમુક સ્થાન પર વિશેષ થડકાર કે આઘાતનો અનુભવ કરી શકાય છે. આ વિશેષ થડકાર કે આઘાતને જ પદ્યભાર કહેવામાં આવે છે. કોઈપણ રચનાના છંદમાં પ્રયુક્ત સંધિના આધારે નિશ્ચિત સમયાંતરે પદ્યભારની (વિશેષ થડકાર કે આઘાતની) પુનરાવૃત્તિ થતી હોય છે. પદ્યભાર (વિશેષ થડકાર કે આઘાત) માટે તાલ-સ્થાન અથવા તાળ-સ્થાન શબ્દ પણ પ્રયુક્ત થાય છે, પરંતુ સંગીતમાં તાલ શબ્દ અલગ અર્થમાં પ્રયુક્ત થતો હોવાથી આપણે પદ્યભાર શબ્દનો જ પ્રયોગ કરીશું અને એ જ વધુ ઉચિત છે.

જે રીતે પદ્ય-રચનામાં પ્રવાહિતા માટે છંદ જરૂરી છે એ જ રીતે સંગીત-રચનામાં પ્રવાહિતા માટે તાલ જરૂરી છે. ગઝલ એ ગેય કાવ્ય પ્રકાર હોવાથી ગઝલના છંદ અને સંગીતના તાલ વચ્ચે સીધો સંબંધ સ્થાપિત થાય છે. ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિનાં પદ્યભાર નિશ્ચિત કરવા માટે આપણે સંગીતના તાલનો જ આધાર લઈશું. ગઝલના છંદોમાં પંચકલ, ષટ્કલ, સપ્તકલ અને અષ્ટકલ પ્રકારની સંધિ પ્રયુક્ત થાય છે કે જેનો પદ્યભાર નિશ્ચિત કરવા માટે અનુક્રમે ઝપતાલ (૧૦ માત્રા), તાલ દાદરા (૬ માત્રા), તાલ રૂપક (૭ માત્રા) અથવા તાલ દીપચન્દી (૧૪ માત્રા) અને તાલ કહેરવા (૮ માત્રા) નો પ્રયોગ કરીશું. સૌપ્રથમ હું આ પાંચેય તાલનું વિવરણ પ્રસ્તુત કરું છું.

ઝપતાલ :

માત્રા : ૧૦

ખંડ : ૪ (૨+૩+૨+૩)

તાલીની માત્રા : ૧, ૩ અને ૮

ખાલીની માત્રા : ૬

ધી	ના	ધી	ધી	ના	તી	ના	ધી	ધી	ના
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
×		૨			૦		૩		

તાલ દાદરા :

માત્રા : ૬

ખંડ : ૨ (3+3)

તાલીની માત્રા : ૧

ખાલીની માત્રા : ૪

ધા	ધી	ના	ધા	તી	ના
૧ ×	૨	3	૪ ૦	૫	૬

તાલ રૂપક :

માત્રા : ૭

ખંડ : 3 (3+૨+૨)

તાલીની માત્રા : ૪ અને ૬

ખાલીની માત્રા : ૧

તી	તી	ના	ધી	ના	ધી	ના
૧ ×	૨	3	૪ ૧	૫	૬ ૨	૭

તાલ દીપચન્દી :

માત્રા : ૧૪

ખંડ : ૪ (3+૪+3+૪)

તાલીની માત્રા : ૧, ૪ અને ૧૧

ખાલીની માત્રા : ૮

ધા	ધીં	-	ધા	ગે	તીં	-	તા	તીં	-	ધા	ગે	ધીં	-
૧ ×	૨	3	૪ ૨	૫	૬	૭	૮ ૦	૯	૧૦	૧૧ 3	૧૨	૧3	૧૪

તાલ કહેરવા :

માત્રા : ૮

ખંડ : ૨ (૪+૪)

તાલીની માત્રા : ૧

ખાલીની માત્રા : ૫

ધા	ગે	ન	તી	ન	ક	ધી	ન
૧ ×	૨	૩	૪	૫ o	૬	૭	૮

તાલના સંદર્ભમાં કેટલાંક પારિભાષિક શબ્દોની વ્યાખ્યા પ્રસ્તુત કરું છું.

સમ :

કોઈપણ તાલની પહેલી માત્રાને સમ કહે છે કે જ્યાં પૂરી લયનું વજન આવે છે. સમ એ કોઈપણ તાલની પહેલી અને સૌથી વધુ વજનદાર માત્રા છે. સમ દર્શાવવા માટે × ચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે.

તાલી :

તાલમાં આઘાતના સ્થાનને તાલી કહે છે. સમ સિવાયના તાલીના સ્થાન દર્શાવવા અંકોનો પ્રયોગ કરવામાં આવે છે.

ખાલી :

તાલની એ વિષમ માત્રા કે જેનાથી તાલનું સ્વરૂપ નિર્ધારિત થાય છે એને ખાલી કહેવામાં આવે છે. ખાલી દર્શાવવા માટે o ચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે.

સમ, તાલી અને ખાલીની ઉપરોક્ત વ્યાખ્યા એક સંગીતકાર જ સારી રીતે સમજી શકે છે, પરંતુ સરળ શબ્દોમાં એમ કહી શકાય કે કોઈ રચનાના ગાયન દરમિયાન શ્રોતાગણ તાળી વગાડીને સાથ આપે તો તેઓની તાળીઓનું સ્થાન રચનામાં પ્રયુક્ત તાલના દરેક ખંડની પહેલી માત્રા પર હશે, એટલે કે શ્રોતાગણની તાળીઓનું સ્થાન રચનામાં પ્રયુક્ત તાલના સમ, તાલી અને ખાલી પર હશે. જેમકે ઝપતાલમાં તાલબદ્ધ થયેલી રચનામાં શ્રોતાગણ તાળી વગાડીને સાથ આપે તો તેઓની તાળીઓનું સ્થાન ઝપતાલની ૧, ૩, ૬ અને ૮ મી માત્રા પર (અનુક્રમે ઝપતાલના સમ, તાલી, ખાલી અને તાલી પર) હશે.

આપણે ઊપર જોયું કે કોઈપણ તાલના દરેક ખંડની પહેલી માત્રા તાલની અન્ય માત્રાની સરખામણીમાં વધુ વજનદાર હોય છે તથા પહેલા ખંડની પહેલી માત્રા (સમ) અન્ય ખંડની પહેલી માત્રાની સરખામણીમાં વધુ વજનદાર હોય છે. સંગીતના તાલના આધારે ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિનાં પદ્યભાર નિશ્ચિત કરવા માટે જે તે પ્રકારની સંધિને અનુરૂપ તાલમાં લઘુ-ગુરુ અક્ષરોને એવી રીતે ગોઠવવાના રહેશે કે જેથી લઘુઅક્ષરની એક માત્રા અને ગુરુઅક્ષરની બે માત્રા ગણતાં તાલના દરેક ખંડની પહેલી માત્રા પર બને ત્યાં સુધી ગુરુઅક્ષર જ આવે. ત્યારબાદ સમના આધારે (તાલની પહેલી અને સૌથી વધુ વજનદાર માત્રાના આધારે) મૂળ સંધિ નિશ્ચિત કરીશું કે જેના પહેલા અક્ષર પર જ પદ્યભાર હશે. આ રીતે પંચકલ, ષટ્કલ, સપ્તકલ અને અષ્ટકલ પ્રકારની મૂળ સંધિ નિશ્ચિત કર્યા બાદ એ મૂળ સંધિના આધારે ગઝલના છંદોમાં પ્રયુક્ત અન્ય સંધિઓના પદ્યભાર પણ નિશ્ચિત કરી શકાશે. મૂળ સંધિનો પ્રયોગ ગઝલના છંદોમાં થતો પણ હોય અથવા ન પણ થતો હોય એવું બની શકે છે.

: પંચકલ સંધિ :

પંચકલ સંધિમાં એક લઘુઅક્ષર અને બે ગુરુઅક્ષર પ્રયુક્ત થાય છે કે જેની કુલ માત્રા પાંચ થાય છે. ૧૦ માત્રાના ઝપતાલમાં પંચકલ સંધિ બે વાર નીચે મુજબ આવી શકે છે.

ગા	-	ગા	-	લ	ગા	-	ગા	-	લ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
×		૨			૦		૩		

ઉપર ઝપતાલની ૧ થી ૫ માત્રા અને ૬ થી ૧૦ માત્રા એ બંનેમાંથી મૂળ પંચકલ સંધિ ગાગાલ પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાગાલ) સ્થાપિત થશે. ગાગાલ સંધિના આધારે લગાગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લગાગા) અને ગાલગા સંધિનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર (ગાલગા) નિશ્ચિત કરી શકાય છે.

: ષટ્કલ સંધિ :

ષટ્કલ સંધિમાં બે લઘુઅક્ષર અને બે ગુરુઅક્ષર પ્રયુક્ત થાય છે કે જેની કુલ માત્રા છ થાય છે. ગઝલના છંદોમાં બે પ્રકારની ષટ્કલ સંધિ પ્રયુક્ત થાય છે.

(૧)	બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતાં હોય એવી ષટ્કલ સંધિ કે જેમાં લગાલગા સંધિનો સમાવેશ થાય છે.
(૨)	બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતાં હોય એવી ષટ્કલ સંધિ કે જેમાં લલગાગા અને ગાલલગા સંધિનો સમાવેશ થાય છે.

: બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતાં હોય એવી ષટ્કલ સંધિ :

૬ માત્રાના તાલ દાદરામાં બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતાં હોય એવી ષટ્કલ સંધિ નીચે મુજબ આવી શકે છે.

ગા	-	લ	ગા	-	લ
૧ ×	૨	૩	૪ ૦	૫	૬

તાલ દાદરાના આધારે બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતાં હોય એવી મૂળ ષટ્કલ સંધિ ગાલગાલ પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલગાલ) અથવા બીજા ગુરુઅક્ષર પર (ગાલગાલ) સ્થાપિત થશે કારણ કે ષટ્કલ સંધિ ગાલગાલ એ ત્રિકલ સંધિ ગાલ નું આવર્તિત સ્વરૂપ છે. ગાલગાલ સંધિના પદ્યભારના આધારે લગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લગાલગા) અથવા છેલ્લા ગુરુઅક્ષર પર (લગાલગા) નિશ્ચિત કરી શકાય છે.

ફક્ત લગાલગા સંધિના આવર્તિત સ્વરૂપવાળા છંદોમાં લગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર જ (લગાલગા) સ્થિત રહે છે જ્યારે લગાલગા સંધિના અન્ય સંધિ સાથેના મિશ્ર સ્વરૂપવાળા છંદોમાં લગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લગાલગા) અથવા છેલ્લા ગુરુઅક્ષર પર (લગાલગા) સ્થિત રહે છે.

: બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતાં હોય એવી ષટ્કલ સંધિ :

૬ માત્રાના તાલ દાદરામાં બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતાં હોય એવી ષટ્કલ સંધિ નીચે મુજબ આવી શકે છે.

ગા	-	લ	લ	ગા	-
૧ ×	૨	૩	૪ ૦	૫	૬

તાલ દાદરાના આધારે બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતાં હોય એવી મૂળ ષટ્કલ સંધિ ગાલલગા પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલલગા) સ્થાપિત થશે. ગાલલગા સંધિના આધારે લલગાગા સંધિનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર (લલગાગા) નિશ્ચિત કરી શકાય છે.

: સપ્તકલ સંધિ :

સૌપ્રથમ એમ માની લઈએ કે સપ્તકલ સંધિમાં એક લઘુઅક્ષર અને ત્રણ ગુરુઅક્ષર પ્રયુક્ત થાય છે. સપ્તકલ સંધિની કુલ માત્રા સાત થાય છે. ૭ માત્રાના તાલ રૂપકમાં સપ્તકલ સંધિ નીચે મુજબ આવી શકે છે.

ગા	-	લ	ગા	-	ગા	-
૧ ×	૨	૩	૪ ૧	૫	૬ ૨	૭

તાલ રૂપકના આધારે મૂળ સપ્તકલ સંધિ ગાલગાગા પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલગાગા) સ્થાપિત થશે.

૧૪ માત્રાના તાલ દીપચન્દીમાં એક લઘુઅક્ષર અને ત્રણ ગુરુઅક્ષર પ્રયુક્ત થતાં હોય એવી સપ્તકલ સંધિ બે વાર નીચે મુજબ આવી શકે છે.

ગા	-	લ	ગા	-	ગા	-	ગા	-	લ	ગા	-	ગા	-
૧ ×	૨	૩	૪ ૨	૫	૬	૭	૮ ૦	૯	૧૦	૧૧ ૩	૧૨	૧૩	૧૪

તાલ દીપચન્દીની ૧ થી ૭ માત્રા અને ૮ થી ૧૪ માત્રા એ બંનેમાંથી પણ મૂળ સપ્તકલ સંધિ ગાલગાગા જ પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર પણ સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલગાગા) જ સ્થાપિત થશે.

ગાલગાગા સંધિના આધારે લગાગાગા સંધિનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર (લગાગાગા) અને ગાગાલગા સંધિનો પદ્યભાર સંધિના બીજા ગુરુઅક્ષર પર (ગાગાલગા) નિશ્ચિત કરી શકાય છે. લલગાલગા સંધિ એ ગાગાલગા સંધિનું જ સ્વરૂપ હોવાથી લલગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લલગાલગા) તથા લગાલલગા સંધિ એ લગાગાગા સંધિનું જ સ્વરૂપ હોવાથી લગાલલગા સંધિનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર (લગાલલગા) નિશ્ચિત કરી શકાય છે.

: અષ્ટકલ સંધિ :

સૌપ્રથમ એમ માની લઈએ કે અષ્ટકલ સંધિમાં ચાર ગુરુઅક્ષર પ્રયુક્ત થાય છે કે જેની કુલ માત્રા આઠ થાય છે. ૮ માત્રાના તાલ કહેરવામાં અષ્ટકલ સંધિ નીચે મુજબ આવી શકે છે.

ગા	-	ગા	-	ગા	-	ગા	-
૧ ×	૨	૩	૪	૫ ૦	૬	૭	૮

તાલ કહેરવાના આધારે મૂળ અષ્ટકલ સંધિ ગાગાગાગા પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાગાગાગા) સ્થાપિત થશે. અષ્ટકલ સંધિમાં પ્રયુક્ત ચાર ગુરુઅક્ષરો પૈકી કયો ગુરુઅક્ષર પહેલી માત્રા પર સ્થિત છે એ નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ ફક્ત ગુરુઅક્ષરોના પ્રયોગવાળા છંદોની રચનાના પઠન અથવા ગાયન દ્વારા ગાગાગાગા સંધિના પહેલા અથવા બીજા ગુરુઅક્ષર પર પદ્યભાર અનુભવી શકાય છે. આમ મૂળ અષ્ટકલ સંધિ ગાગાગાગા નો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાગાગાગા) અથવા સંધિના બીજા ગુરુઅક્ષર પર (ગાગાગાગા) સ્થાપિત કરી શકાય છે. લગાલગાગા સંધિ એ ગાગાગાગા સંધિનું જ સ્વરૂપ હોવાથી લગાલગાગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા લઘુઅક્ષર પર (લગાલગાગા) નિશ્ચિત કરી શકાય છે.

ગાગાગાગા સંધિના આધારે ગાલલગાગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલલગાગા) તથા ગાગાગાગા સંધિના આધારે લલગાગાગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લલગાગાગા), ગાગાલલગા સંધિનો પદ્યભાર સંધિના બીજા ગુરુઅક્ષર પર (ગાગાલલગા), લલગાલલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (લલગાલલગા) અને ગાલગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા લઘુઅક્ષર પર (ગાલગાલગા) નિશ્ચિત કરી શકાય છે.

ગઝલનાં છંદોની રચનાની આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ મૂળ પંચકલ સંધિ ગાગાલ અને મૂળ ષટ્કલ સંધિ ગાલગાલ અથવા ગાલગાલ નો પ્રયોગ ગઝલના છંદોમાં થતો નથી કારણ કે સંધિનો અંત્યાક્ષર લઘુઅક્ષર છે જ્યારે મૂળ ષટ્કલ સંધિ ગાલલગા, મૂળ સપ્તકલ સંધિ ગાલગાગા અને મૂળ અષ્ટકલ સંધિ ગાગાગાગા અથવા ગાગાગાગાનો પ્રયોગ ગઝલના છંદોમાં થાય છે કારણ કે સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર છે.

આપણે ઉપર જે તે પ્રકારની સંધિને અનુરૂપ તાલનો પ્રયોગ કરી દરેક પ્રકારની મૂળ સંધિ પ્રાપ્ત કરી કે જે દરેક મૂળ સંધિનો પદ્યભાર સંધિના પહેલા અક્ષર પર જ સ્થિત રહે છે. મૂળ સંધિના પદ્યભારનું સ્થાન આપણે તાલના સમના આધારે (તાલની પહેલી અને સૌથી વધુ વજનદાર માત્રાના આધારે) સ્થાપિત કર્યું જે સંધિનો મુખ્ય પદ્યભાર દર્શાવે છે. દરેક સંધિમાં એક મુખ્ય પદ્યભાર ઉપરાંત એક ગૌણ પદ્યભાર પણ સ્થાપિત થયેલો હોય છે. પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ છંદ નિરૂપણમાં મુખ્ય પદ્યભાર જ ધ્યાનમાં લેવાનો હોય છે જ્યારે એક ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોના પ્રયોગની છૂટ લેતી વખતે મુખ્ય પદ્યભાર ઉપરાંત ગૌણ પદ્યભાર પણ ધ્યાનમાં લેવો પડે છે. એક ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોના પ્રયોગની છૂટ મુખ્ય અને ગૌણ પદ્યભારવાળા ગુરુઅક્ષરના સ્થાન પર લઈ શકાતી નથી. મુખ્ય અને ગૌણ પદ્યભારવાળા ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોના પ્રયોગથી છંદની પ્રવાહિતા જોખમાય છે.

જે તે પ્રકારની સંધિને અનુરૂપ તાલના પહેલા ખંડની પહેલી માત્રાના આધારે (સમના આધારે) મૂળ સંધિનો મુખ્ય પદ્યભાર સ્થાપિત કરી શકાય છે તથા બીજા ખંડની પહેલી માત્રાના આધારે મૂળ સંધિનો ગૌણ પદ્યભાર સ્થાપિત કરી શકાય છે. જે તે પ્રકારની મૂળ સંધિના ગૌણ પદ્યભારના આધારે ઉપરોક્ત પદ્ધતિથી દરેક પ્રકારની બાકીની સંધિના ગૌણ પદ્યભાર પણ સ્થાપિત કરી શકાય છે. નીચે દર્શાવેલા કોષ્ટક દ્વારા મુખ્ય અને ગૌણ પદ્યભારની સરખામણી સરળતાથી કરી શકાશે.

અંત્યાક્ષર ગુરુઅક્ષર હોય અને બેથી વધુ લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતા હોય એવી સંધિનાં મુખ્ય અને ગૌણ પદ્યભાર (પદ્યભારનું સ્થાન રેખાંકિત કરીને દર્શાવ્યું છે.)

સંધિ ક્રમાંક	સંધિનો પ્રકાર	મુખ્ય પદ્યભાર સહિત સંધિ	ગૌણ પદ્યભાર સહિત સંધિ	મુખ્ય પદ્યભારથી ગૌણ પદ્યભારનું માત્રા અંતર	ગૌણ પદ્યભારથી મુખ્ય પદ્યભારનું માત્રા અંતર
૧	પંચકલ	લગાગા	લગાગા	૨	૩
૨	પંચકલ	ગાલગા	ગાલગા	૨	૩
૩	ષટ્કલ	લગાલગા અથવા લગાલગા	લગાલગા અથવા લગાલગા	૩	૩
૪	ષટ્કલ	લલગાગા	લલગાગા	૩	૩
૫	ષટ્કલ	ગાલલગા	ગાલલગા	૩	૩
૬	સપ્તકલ	લગાગાગા	લગાગાગા	૩	૪
૭	સપ્તકલ	ગાલગાગા	ગાલગાગા	૩	૪
૮	સપ્તકલ	ગાગાલગા	ગાગાલગા	૩	૪
૯	સપ્તકલ	લલગાલગા	લલગાલગા	૩	૪
૧૦	સપ્તકલ	લગાલલગા	લગાલલગા	૩	૪
૧૧	અષ્ટકલ	ગાગાગાગા અથવા ગાગાગાગા	ગાગાગાગા અથવા ગાગાગાગા	૪	૪
૧૨	અષ્ટકલ	લગાલગાગા	લગાલગાગા	૪	૪
૧૩	અષ્ટકલ	લલગાગાગા	લલગાગાગા	૪	૪
૧૪	અષ્ટકલ	ગાલલગાગા	ગાલલગાગા	૪	૪
૧૫	અષ્ટકલ	ગાગાલલગા	ગાગાલલગા	૪	૪
૧૬	અષ્ટકલ	લલગાલલગા	લલગાલલગા	૪	૪
૧૭	અષ્ટકલ	ગાલગાલગા	ગાલગાલગા	૪	૪

અંત્યાક્ષર લઘુઅક્ષર હોય અને બેથી વધુ લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત ન થતા હોય એવી સંધિનાં મુખ્ય અને ગૌણ પદ્યભાર (પદ્યભારનું સ્થાન રેખાંકિત કરીને દર્શાવ્યું છે.)

સંધિ ક્રમાંક	સંધિનો પ્રકાર	મુખ્ય પદ્યભાર સહિત સંધિ	ગૌણ પદ્યભાર સહિત સંધિ	મુખ્ય પદ્યભારથી ગૌણ પદ્યભારનું માત્રા અંતર	ગૌણ પદ્યભારથી મુખ્ય પદ્યભારનું માત્રા અંતર
૧	પંચકલ	ગાગાલ	ગાગાલ	૨	૩
૨	ષટ્કલ	ગાલગાલ અથવા ગાલગાલ	ગાલગાલ અથવા ગાલગાલ	૩	૩
૩	ષટ્કલ	ગાગાલલ	ગાગાલલ	૩	૩
૪	સપ્તકલ	ગાલગાલલ	ગાલગાલલ	૩	૪
૫	સપ્તકલ	ગાગાગાલ	ગાગાગાલ	૩	૪
૬	સપ્તકલ	ગાલલગાલ	ગાલલગાલ	૩	૪
૭	અષ્ટકલ	ગાગાગાલલ	ગાગાગાલલ	૪	૪
૮	અષ્ટકલ	ગાલલગાલલ	ગાલલગાલલ	૪	૪
૯	અષ્ટકલ	ગાગાલગાલ	ગાગાલગાલ	૪	૪

ઉપરોક્ત બંને કોષ્ટકોના અભ્યાસ પરથી નીચે મુજબના કેટલાંક તારણો કાઢી શકાય છે.

(૧)	કોઈપણ સંધિમાં મુખ્ય અને ગૌણ પદ્યભારવાળા ગુરુઅક્ષરના સ્થાન પર બે સ્પષ્ટ લઘુઅક્ષરોનો પ્રયોગ થયો નથી.
(૨)	જે સંધિમાં મુખ્ય અથવા ગૌણ પદ્યભાર લઘુઅક્ષર પર સ્થિત હોય તે સંધિમાં મુખ્ય અથવા ગૌણ પદ્યભારવાળા લઘુઅક્ષર પછી ગુરુઅક્ષરનો જ પ્રયોગ થયો છે.
(૩)	મુખ્ય અને ગૌણ એ બંને પદ્યભાર લઘુઅક્ષર પર જ સ્થિત હોય એવી એકપણ સંધિ પ્રયુક્ત થતી નથી.
(૪)	કોઈપણ એક સંધિના એક થી વધુ આવર્તનોનો પ્રયોગ કરવાથી પ્રાપ્ત સ્વરૂપમાં પણ બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષરો એકસાથે આવતાં નથી.

(૫)	દરેક પંચકલ સંધિમાં મુખ્ય પદ્યભારથી અને ગૌણ પદ્યભારથી અનુક્રમે દ્વિકલ (ગા) અને ત્રિકલ (ગાલ) સ્પષ્ટ રીતે છુટા પાડી શકાય છે.
(૬)	દરેક ષટ્કલ સંધિમાં એક ત્રિકલ (ગાલ) મુખ્ય પદ્યભારથી અને બીજું ત્રિકલ (ગાલ અથવા લગા) ગૌણ પદ્યભારથી એમ બે ત્રિકલ સ્પષ્ટ રીતે છુટા પાડી શકાય છે.
(૭)	દરેક સપ્તકલ સંધિમાં મુખ્ય પદ્યભારથી અને ગૌણ પદ્યભારથી અનુક્રમે ત્રિકલ (ગાલ) અને ચતુષ્કલ (ગાગા અથવા ગાલલ) સ્પષ્ટ રીતે છુટા પાડી શકાય છે.
(૮)	દરેક અષ્ટકલ સંધિમાં એક ચતુષ્કલ (ગાગા અથવા ગાલલ અથવા લગાલ) મુખ્ય પદ્યભારથી અને બીજું ચતુષ્કલ (ગાગા અથવા ગાલલ અથવા લગાલ) ગૌણ પદ્યભારથી એમ બે ચતુષ્કલ સ્પષ્ટ રીતે છુટા પાડી શકાય છે.
(૯)	જે અષ્ટકલ સંધિમાં બે લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતા ન હોય એવી અષ્ટકલ સંધિમાં બે લઘુઅક્ષરની વચ્ચે એક થી વધુ ગુરુઅક્ષર પ્રયુક્ત થતાં નથી.
(૧૦)	લગાલગાગા અને ગાલગાલગા એ બે અષ્ટકલ સંધિમાં જ મુખ્ય પદ્યભાર લઘુઅક્ષર પર સ્થિત છે કારણ કે એ બંને સંધિ અનુક્રમે ગાગાગાગા અને ગાગાગાગા સંધિના જ સ્વરૂપ છે.

***

(૫)
પદ્યભાર આધારિત પદ્ધતિથી છંદ-રચના

અહીં ફરીથી મારી પદ્યભાર આધારિત પદ્ધતિથી ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદી પ્રસ્તુત કરું છું કે જેમાં દરેક સંધિનો અંત્યાક્ષર ગુરુઅક્ષર છે અને કોઈપણ સંધિમાં બે થી વધુ સ્પષ્ટ લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતા નથી. ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની આ યાદીમાં દરેક સંધિનો પદ્યભાર રેખાંકિત કરીને દર્શાવ્યો છે.

ગઝલનાં છંદોમાં પ્રયુક્ત સંધિ

(દરેક સંધિનો પદ્યભાર રેખાંકિત કરીને દર્શાવ્યો છે.)

સંધિ ક્રમાંક	સંધિ	સંધિનો પ્રકાર	સંધિની કુલ માત્રા
૧	લગાગા	પંચકલ	૧+૨+૨=૫
૨	ગાલગા	પંચકલ	૨+૧+૨=૫
૩	લગાલગા અથવા લગાલગા	ષટ્કલ	૧+૨+૧+૨=૬
૪	લલગાગા	ષટ્કલ	૧+૧+૨+૨=૬
૫	ગાલલગા	ષટ્કલ	૨+૧+૧+૨=૬
૬	લગાગાગા	સપ્તકલ	૧+૨+૨+૨=૭
૭	ગાલગાગા	સપ્તકલ	૨+૧+૨+૨=૭
૮	ગાગાલગા	સપ્તકલ	૨+૨+૧+૨=૭
૯	લલગાલગા	સપ્તકલ	૧+૧+૨+૧+૨=૭
૧૦	લગાલલગા	સપ્તકલ	૧+૨+૧+૧+૨=૭
૧૧	ગાગાગાગા અથવા ગાગાગાગા	અષ્ટકલ	૨+૨+૨+૨=૮
૧૨	લગાલગાગા	અષ્ટકલ	૧+૨+૧+૨+૨=૮
૧૩	લલગાગાગા	અષ્ટકલ	૧+૧+૨+૨+૨=૮
૧૪	ગાલલગાગા	અષ્ટકલ	૨+૧+૧+૨+૨=૮
૧૫	ગાગાલલગા	અષ્ટકલ	૨+૨+૧+૧+૨=૮
૧૬	લલગાલલગા	અષ્ટકલ	૧+૧+૨+૧+૧+૨=૮
૧૭	ગાલગાલગા	અષ્ટકલ	૨+૧+૨+૧+૨=૮

ઉપરોક્ત યાદીમાં સંધિ ક્રમાંક ૧ થી ૧૨ ને મુખ્ય સંધિ ગણવા જોઈએ કે જેના આવર્તિત સ્વરૂપની રચનાઓ જોવા મળે છે તથા સંધિ ક્રમાંક ૧૩ થી ૧૭ ને ગૌણ સંધિ ગણવા જોઈએ કે જેનો પ્રયોગ મોટે ભાગે સંધિ ક્રમાંક ૧૧ ગાગાગાગા અથવા ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે જ જોવા મળે છે. અષ્ટકલ સંધિ ગાગાગાલલ, ગાલલગાલલ અને ગાગાલગાલ તથા સપ્તકલ સંધિ ગાલગાલલ પણ ગૌણ સંધિ જ ગણાશે કે જેનો સમાવેશ સંધિ ક્રમાંક ૧ થી ૧૭ માં કર્યો નથી, કારણ કે એ ચારેય સંધિના અંત્યાક્ષર ગુરુઅક્ષર નથી.

હવે ઉપરોક્ત મુખ્ય સંધિના પ્રયોગ દ્વારા છંદ-રચના કેવી રીતે કરી શકાય એ જોઈએ.

(૧)	કોઈપણ એક સંધિના એક થી વધુ આવર્તનોના પ્રયોગ દ્વારા છંદ-રચના કરી શકાય છે. છંદના આ પ્રકારને આપણે શુદ્ધ-અખંડિત પ્રકાર કહીશું. કોઈપણ એક સંધિના એક આવર્તનવાળી રચના પણ જોવા મળે છે, પરંતુ એમાં ગેય-તત્વ નથી હોતું. સામાન્ય રીતે પંચકલ સંધિનાં વધુમાં વધુ આઠ આવર્તનવાળી રચનાઓ જોવા મળે છે તથા અન્ય પ્રકારની સંધિનાં વધુમાં વધુ ચાર આવર્તનવાળી રચનાઓ જોવા મળે છે. કોઈપણ એક સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગવાળા છંદ શ્રેષ્ઠ છે. લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. લગાગા લગાગા લગાગા લગાગા
(૨)	કોઈપણ એક સંધિના એક થી વધુ આવર્તનોના પ્રયોગવાળા છંદની પહેલી સંધિના પહેલા અક્ષર/અક્ષરોનો લોપ કરવાથી અથવા છેલ્લી સંધિના છેલ્લા અક્ષર/અક્ષરોનો લોપ કરવાથી પણ છંદ-રચના કરી શકાય છે. છંદના આ પ્રકારને આપણે શુદ્ધ-ખંડિત પ્રકાર કહીશું. લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. લગાગા લગાગા લગાગા લગા લલગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. ગાગા લલગાગા લલગાગા લલગાગા

(૩)	કોઈપણ બે કે તેથી વધુ સંધિના મિશ્રણથી અથવા એ મિશ્ર સ્વરૂપના એક થી વધુ આવર્તનોનો પ્રયોગ કરવાથી પણ છંદ-રચના કરી શકાય છે. છંદના આ પ્રકારને આપણે મિશ્ર-અખંડિત પ્રકાર કહીશું. અનુક્રમે લલગાલગા અને લગાગા સંધિના મિશ્ર સ્વરૂપના બે આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. લલગાલગા લગાગા લલગાલગા લગાગા
(૪)	કોઈપણ બે કે તેથી વધુ સંધિના મિશ્રણથી પ્રાપ્ત સ્વરૂપની અથવા એ મિશ્ર સ્વરૂપના એક થી વધુ આવર્તનોનો પ્રયોગ કરવાથી પ્રાપ્ત સ્વરૂપની પહેલી સંધિના પહેલા અક્ષર/અક્ષરોનો લોપ કરવાથી અથવા છેલ્લી સંધિના છેલ્લા અક્ષર/અક્ષરોનો લોપ કરવાથી પણ છંદ-રચના કરી શકાય છે. છંદના આ પ્રકારને આપણે મિશ્ર-ખંડિત પ્રકાર કહીશું. અનુક્રમે લલગાગા અને લગાલગા સંધિના મિશ્ર સ્વરૂપના બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. ગાગા લગાલગા લલગાગા લગાલગા
(૫)	ઉપર ક્રમાંક (૨) અથવા (૪) અનુસાર પ્રાપ્ત છંદના એક થી વધુ આવર્તનોનો પ્રયોગ કરવાથી પણ છંદ-રચના કરી શકાય છે. છંદના આ પ્રકારને આપણે શુદ્ધ-ખંડિત અથવા મિશ્ર-ખંડિત પ્રકાર કહીશું. લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી પ્રાપ્ત સ્વરૂપના બે આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબનો છંદ પ્રાપ્ત થાય છે. લગાગા લગાગા લગાગા લગા લગાગા લગાગા લગાગા લગા

આમ આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના છંદોને નીચે મુજબના ચાર પ્રકારમાં વર્ગીકૃત કરી શકાશે.

ક્રમાંક	છંદના પ્રકાર
(૧)	શુદ્ધ-અખંડિત
(૨)	શુદ્ધ-ખંડિત
(૩)	મિશ્ર-અખંડિત
(૪)	મિશ્ર-ખંડિત

ઉપરોક્ત પદ્ધતિથી છંદ-રચના કરતી વખતે એ ધ્યાન રાખવું જરૂરી છે કે લઘુઅક્ષરની એક માત્રા અને ગુરુઅક્ષરની બે માત્રા ગણતાં છંદમાં પદ્યભાર સમાન માત્રાના અંતરે આવે. છંદમાં લોપના સ્થાન પર લોપ કરેલ અક્ષરની માત્રા જેટલી પદ્યભારના અંતરમાં વિષમતા સ્વીકાર્ય છે, પરંતુ છંદમાં લોપના સ્થાન સિવાય સંધિના મિશ્રણને કારણે પદ્યભારના અંતરમાં વિષમતા છંદની પ્રવાહિતાને નુકસાન પહોંચાડે છે. શુદ્ધ-અખંડિત પ્રકારના છંદોમાં કોઈપણ એક જ સંધિના આવર્તન હોવાથી પદ્યભાર સમાન માત્રાના અંતરે જ સ્થિત રહેશે જ્યારે શુદ્ધ-ખંડિત પ્રકારના છંદોમાં ફક્ત લોપના સ્થાન પર લોપ કરેલ અક્ષરની માત્રા જેટલી જ પદ્યભારના અંતરમાં વિષમતા રહેશે જે સ્વીકાર્ય છે. મિશ્ર પ્રકારના છંદોમાં સંધિનું મિશ્રણ એ રીતે કરવું જોઈએ કે જેથી છંદમાં પદ્યભાર સમાન માત્રાના અંતરે સ્થિત રહે. મિશ્ર પ્રકારના છંદોમાં પણ લોપના સ્થાન પર લોપ કરેલ અક્ષરની માત્રા જેટલી પદ્યભારના અંતરમાં વિષમતા સ્વીકાર્ય છે, પરંતુ છંદમાં સંધિના મિશ્રણના કારણે પદ્યભારના અંતરમાં વિષમતા જેટલી વધુ હશે એટલી એ છંદની પ્રવાહિતા ઓછી થઈ જશે. જે છંદમાં પ્રવાહિતા ઓછી હશે એ છંદનું ગેય-તત્વ પણ ઓછું થઈ જશે અને એ છંદની પ્રચલિત થવાની સંભાવના પણ ઓછી થઈ જશે.

છંદોના વિવરણમાં દરેક છંદના તર્ક-સંગત નામ પણ દર્શાવ્યા છે. તર્ક-સંગત નામમાં સંધિના આવર્તનની સંખ્યા દર્શાવવા અંકોનો પ્રયોગ કર્યો છે તથા લોપ દર્શાવવા - ચિહ્નનો અને મિશ્રણ દર્શાવવા + ચિહ્નનો પ્રયોગ કર્યો છે. છંદમાં શરૂઆતમાં લોપની પ્રક્રિયા દર્શાવવા તર્ક-સંગત નામની શરૂઆતમાં લોપ કરેલા અક્ષર/અક્ષરોને - ચિહ્ન સાથે દર્શાવ્યા છે અને છંદમાં અંતે લોપની પ્રક્રિયા દર્શાવવા તર્ક-સંગત નામના અંતે લોપ કરેલા અક્ષર/અક્ષરોને - ચિહ્ન સાથે દર્શાવ્યા છે. કોઈ નિશ્ચિત સ્વરૂપના (મિશ્ર અથવા ખંડિત સ્વરૂપના) આવર્તન દર્શાવવા એ સ્વરૂપને કૌંસમાં દર્શાવી કૌંસ પહેલાં એ સ્વરૂપના આવર્તનની સંખ્યા અંકો દ્વારા દર્શાવી છે. અલગ-અલગ છંદોના તર્ક-સંગત નામનો અભ્યાસ કરવાથી આ વાત સારી રીતે સમજાય જશે.

***

(૬)
પદ્યભાર આધારિત પદ્ધતિથી ગઝલના છંદોનું નિરૂપણ

હવે હું મારી પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ ગઝલના ૩૦ છંદોનું નિરૂપણ કરું છું. આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ અને અરૂઝ મુજબ ગઝલના છંદોની સંધિ મોટે ભાગે સરખી જ રહેશે. જે છંદમાં આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબની સંધિ અરૂઝ મુજબની સંધિ કરતાં અલગ હશે એ સમજવામાં અરૂઝ કરતાં પ્રમાણમાં વધુ સરળ હશે. જે છંદમાં આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબની સંધિ અરૂઝ મુજબની સંધિ કરતાં અલગ હશે તે છંદના વિવરણમાં અંતે અરૂઝ મુજબની સંધિ અલગથી દર્શાવી છે. જે છંદના વિવરણમાં અરૂઝ મુજબની સંધિ અલગથી દર્શાવી ન હોય એ છંદની સંધિ આ પદ્યભાર આધારિત પદ્ધતિ મુજબ અને અરૂઝ મુજબ સરખી જ હશે એમ માની લેવું. છંદની અરૂઝ મુજબની સંધિ પણ લઘુ-ગુરુ સ્વરૂપે જ દર્શાવી છે. દરેક છંદમાં પદ્યભારવાળા અક્ષરને અને પદ્યભારવાળી માત્રાને રેખાંકિત કરીને દર્શાવ્યાં છે તથા દરેક છંદ એક પંક્તિનું માપ દર્શાવે છે.

(૧)

લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
૧	૨ ૩	૪ ૫	૬	૭ ૮	૯ ૧૦	૧૧	૧૨ ૧૩	૧૪ ૧૫	૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦

તર્ક-સંગત નામ : ૪લગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૦

પદ્યભારની માત્રા : ૨, ૭, ૧૨, ૧૭.

છંદ-રચના : લગાગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૨)

લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
૧	૨ ૩	૪ ૫	૬	૭ ૮	૯ ૧૦	૧૧	૧૨ ૧૩	૧૪ ૧૫	૧૬	૧૭ ૧૮

તર્ક-સંગત નામ : ૪લગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૮

પદ્યભારની માત્રા : ૨, ૭, ૧૨, ૧૭.

છંદ-રચના : લગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

(૩)

લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
૧	૨ ૩	૪ ૫	૬	૭ ૮	૯ ૧૦	૧૧	૧૨ ૧૩	૧૪ ૧૫	૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦
લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
૨૧	૨૨ ૨૩	૨૪ ૨૫	૨૬	૨૭ ૨૮	૨૯ ૩૦	૩૧	૩૨ ૩૩	૩૪ ૩૫	૩૬	૩૭ ૩૮	૩૯ ૪૦

તર્ક-સંગત નામ : ૮લગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૪૦

પદ્યભારની માત્રા : ૨, ૭, ૧૨, ૧૭, ૨૨, ૨૭, ૩૨, ૩૭.

છંદ-રચના : લગાગા સંધિનાં આઠ આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૪)

ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩	૧૪ ૧૫	૧૬ ૧૭	૧૮	૧૯ ૨૦

તર્ક-સંગત નામ : ૪ગાલગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૦

પદ્યભારની માત્રા : ૪, ૯, ૧૪, ૧૯.

છંદ-રચના : ગાલગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૫)

ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩	૧૪ ૧૫	૧૬ ૧૭

તર્ક-સંગત નામ : ૪ગાલગા-લગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૭

પદ્યભારની માત્રા : ૪, ૯, ૧૪.

છંદ-રચના : ગાલગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો અને લઘુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

(૬)

ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩	૧૪ ૧૫	૧૬ ૧૭	૧૮	૧૯ ૨૦
ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
૨૧ ૨૨	૨૩	૨૪ ૨૫	૨૬ ૨૭	૨૮	૨૯ ૩૦	૩૧ ૩૨	૩૩	૩૪ ૩૫	૩૬ ૩૭	૩૮	૩૯ ૪૦

તર્ક-સંગત નામ : ૮ગાલગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૪૦

પદ્યભારની માત્રા : ૪, ૯, ૧૪, ૧૯, ૨૪, ૨૯, ૩૪, ૩૯.

છંદ-રચના : ગાલગા સંધિનાં આઠ આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૭)

લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા
૧	૨ ૩	૪	૫ ૬	૭	૮ ૯	૧૦	૧૧ ૧૨	૧૩	૧૪ ૧૫	૧૬	૧૭ ૧૮	૧૯	૨૦ ૨૧	૨૨	૨૩ ૨૪

તર્ક-સંગત નામ : ૪લગાલગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૨, ૮, ૧૪, ૨૦.

છંદ-રચના : લગાલગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૮)

ગા	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬	૭ ૮	૯	૧૦ ૧૧	૧૨ ૧૩	૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯	૨૦	૨૧ ૨૨

તર્ક-સંગત નામ : ૨(-લ+૨લગાલગા)

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૨

પદ્યભારની માત્રા : ૧, ૭, ૧૨, ૧૮.

છંદ-રચના : લગાલગા સંધિનાં બે આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા લઘુઅક્ષરનો લોપ કરવાથી મળતા સ્વરૂપના (ગાલગા લગાલગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૯)

ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા
૧ ૨	૩ ૪	૫	૬	૭ ૮	૯ ૧૦	૧૧	૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭	૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨

તર્ક-સંગત નામ : -લલ+૪લલગાગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૨

પદ્યભારની માત્રા : ૩, ૯, ૧૫, ૨૧.

છંદ-રચના : લલગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગાલ લગાગાલ લગાગાલ લગાગા

(૧૦)

લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા
૧	૨ ૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫	૧૬ ૧૭	૧૮ ૧૯	૨૦ ૨૧	૨૨	૨૩ ૨૪	૨૫ ૨૬	૨૭ ૨૮

તર્ક-સંગત નામ : ૪લગાગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૮

પદ્યભારની માત્રા : ૬, ૧૩, ૨૦, ૨૭.

છંદ-રચના : લગાગાગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૧૧)

લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા
૧	૨ ૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫	૧૬ ૧૭	૧૮ ૧૯

તર્ક-સંગત નામ : ૩લગાગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૯

પદ્યભારની માત્રા : ૬, ૧૩.

છંદ-રચના : લગાગાગા સંધિનાં ત્રણ આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

(૧૨)

ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮ ૯	૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯	૨૦ ૨૧	૨૨ ૨૩	૨૪	૨૫ ૨૬

તર્ક-સંગત નામ : ૪ગાલગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૬

પદ્યભારની માત્રા : ૧, ૮, ૧૫, ૨૨.

છંદ-રચના : ગાલગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

(૧૩)

ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮ ૯	૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯

તર્ક-સંગત નામ : ૩ગાલગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૯

પદ્યભારની માત્રા : ૧, ૮, ૧૫.

છંદ-રચના : ગાલગાગા સંધિનાં ત્રણ આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

(૧૪)

ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮ ૯	૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫	૧૬ ૧૭	૧૮ ૧૯	૨૦ ૨૧	૨૨	૨૩ ૨૪

તર્ક-સંગત નામ : ૨(૨ગાલગાગા-ગા)

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૧, ૮, ૧૩, ૨૦.

છંદ-રચના : ગાલગાગા સંધિનાં બે આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી મળતા સ્વરૂપના (ગાલગાગા ગાલગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૧૫)

ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
૧ ૨	૩ ૪	૫	૬ ૭	૮ ૯	૧૦ ૧૧	૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭ ૧૮	૧૯	૨૦ ૨૧	૨૨ ૨૩	૨૪ ૨૫	૨૬	૨૭ ૨૮

તર્ક-સંગત નામ : ૪ગાગાલગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૮

પદ્યભારની માત્રા : ૩, ૧૦, ૧૭, ૨૪.

છંદ-રચના : ગાગાલગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૧૬)

લ	લ	ગા	લ	ગા	લ	લ	ગા	લ	ગા
૧	૨	૩ ૪	૫	૬ ૭	૮	૯	૧૦ ૧૧	૧૨	૧૩ ૧૪
લ	લ	ગા	લ	ગા	લ	લ	ગા	લ	ગા
૧૫	૧૬	૧૭ ૧૮	૧૯	૨૦ ૨૧	૨૨	૨૩	૨૪ ૨૫	૨૬	૨૭ ૨૮

તર્ક-સંગત નામ : ૪લલગાલગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૨૮

પદ્યભારની માત્રા : ૩, ૧૦, ૧૭, ૨૪.

છંદ-રચના : લલગાલગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૧૭)

લ	ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા
૧	૨ ૩	૪	૫ ૬	૭ ૮	૯	૧૦ ૧૧	૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬
લ	ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા
૧૭	૧૮ ૧૯	૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪	૨૫	૨૬ ૨૭	૨૮	૨૯ ૩૦	૩૧ ૩૨

તર્ક-સંગત નામ : ૪લગાલગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૩૨

પદ્યભારની માત્રા : ૧, ૯, ૧૭, ૨૫.

છંદ-રચના : લગાલગાગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

લગાલ ગાગા લગાલ ગાગા લગાલ ગાગા લગાલ ગાગા

(૧૮)

ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩ ૪	૫ ૬	૭ ૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪	૨૫ ૨૬	૨૭ ૨૮	૨૯ ૩૦	૩૧ ૩૨

તર્ક-સંગત નામ : ૪ગાગાગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૩૨

પદ્યભારની માત્રા : ૧, ૯, ૧૭, ૨૫.

છંદ-રચના : ગાગાગાગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

અથવા

ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩ ૪	૫ ૬	૭ ૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪	૨૫ ૨૬	૨૭ ૨૮	૨૯ ૩૦	૩૧ ૩૨

તર્ક-સંગત નામ : ૪ગાગાગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૩૨

પદ્યભારની માત્રા : ૩, ૧૧, ૧૯, ૨૭.

છંદ-રચના : ગાગાગાગા સંધિનાં ચાર આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

૧૬ ગુરુઅક્ષરવાળા ઉપરોક્ત છંદમાં બીજો પ્રકાર જ વધુ પ્રચલિત છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા

(૧૯)

<u>ગા</u>	ગા	ગા	ગા	<u>ગા</u>	ગા	ગા	ગા	<u>ગા</u>	ગા	ગા	ગા	<u>ગા</u>	ગા	ગા
<u>૧</u> ૨	૩ ૪	૫ ૬	૭ ૮	<u>૯</u> ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	<u>૧૭</u> ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪	<u>૨૫</u> ૨૬	૨૭ ૨૮	૨૯ ૩૦

તર્ક-સંગત નામ : ૪<u>ગા</u>ગાગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૩૦

પદ્યભારની માત્રા : ૧, ૯, ૧૭, ૨૫.

છંદ-રચના : <u>ગા</u>ગાગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગા

(૨૦)

ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩ ૪	૫ ૬	૭ ૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬

તર્ક-સંગત નામ : ૨ગાગાગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૧૬

પદ્યભારની માત્રા : ૧, ૯.

છંદ-રચના : ગાગાગાગા સંધિનાં બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

અથવા

ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩ ૪	૫ ૬	૭ ૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬

તર્ક-સંગત નામ : ૨ગાગાગાગા

પ્રકાર : શુદ્ધ-અખંડિત

કુલ માત્રા : ૧૬

પદ્યભારની માત્રા : ૩, ૧૧.

છંદ-રચના : ગાગાગાગા સંધિનાં બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

૮ ગુરુઅક્ષરવાળા ઉપરોક્ત છંદમાં પહેલો પ્રકાર જ વધુ પ્રચલિત છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગા ગાગા ગાગા ગાગા

(૨૧)

<u>ગા</u>	ગા	ગા	ગા	<u>ગા</u>	ગા	ગા
<u>૧</u> ૨	૩ ૪	૫ ૬	૭ ૮	<u>૯</u> ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪

તર્ક-સંગત નામ : ૨<u>ગા</u>ગાગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૪

પદ્યભારની માત્રા : ૧, ૯.

છંદ-રચના : <u>ગા</u>ગાગાગા સંધિનાં બે આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગા ગાગા ગાગા ગા

(૨૨)

ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
૧	૩	૫	૭	૯	૧૧	૧૩	૧૫	૧૭	૧૯	૨૧	૨૩
૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪

તર્ક-સંગત નામ : ૨(૨ગાગાગાગા-ગાગા)

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૩, ૧૧, ૧૫, ૨૩.

છંદ-રચના : ગાગાગાગા સંધિનાં બે આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા બે ગુરુઅક્ષરોનો લોપ કરવાથી મળતા સ્વરૂપના (ગાગાગાગા ગાગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા

મોટે ભાગે આ છંદ 'ગાગાલલગા ગાગા ગાગાલલગા ગાગા' સ્વરૂપે જ પ્રયુક્ત થયેલો જોવા મળે છે કે જેની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગાલ લગાગાગા ગાગાલ લગાગાગા

(૨૩)

ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા
૧ ૨	૩ ૪	૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯	૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪

તર્ક-સંગત નામ : ૨(ગાગાલગા+લગાગા)

પ્રકાર : મિશ્ર-અખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૩, ૯, ૧૫, ૨૧.

છંદ-રચના : અનુક્રમે ગાગાલગા અને લગાગા સંધિના મિશ્ર સ્વરૂપના (ગાગાલગા લગાગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગાલ ગાલગાગા ગાગાલ ગાલગાગા

(૨૪)

લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા
૧	૨	૩ ૪	૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩	૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯	૨૦	૨૧ ૨૨	૨૩ ૨૪

તર્ક-સંગત નામ : ૨(લલગાલગા+લગાગા)

પ્રકાર : મિશ્ર-અખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૩, ૯, ૧૫, ૨૧.

છંદ-રચના : અનુક્રમે લલગાલગા અને લગાગા સંધિના મિશ્ર સ્વરૂપના (લલગાલગા લગાગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

લલગાલ ગાલગાગા લલગાલ ગાલગાગા

(૨૫)

ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા
૧ ૨	૩	૪	૫ ૬	૭	૮ ૯	૧૦	૧૧ ૧૨	૧૩ ૧૪	૧૫	૧૬	૧૭ ૧૮	૧૯	૨૦ ૨૧	૨૨	૨૩ ૨૪

તર્ક-સંગત નામ : ૨(ગાલલગા+લગાલગા)

પ્રકાર : મિશ્ર-અખંડિત

કુલ માત્રા : ૨૪

પદ્યભારની માત્રા : ૧, ૮, ૧૩, ૨૦.

છંદ-રચના : અનુક્રમે ગાલલગા અને લગાલગા સંધિના મિશ્ર સ્વરૂપના (ગાલલગા લગાલગા) બે આવર્તનોના પ્રયોગથી આ છંદની રચના થાય છે.

(૨૬)

ગા	ગા	લ	ગા	લ	ગા	લ	લ	ગા	ગા	લ	ગા	લ	ગા
૧ ૨	૩ ૪	૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧	૧૨	૧૩ ૧૪	૧૫ ૧૬	૧૭	૧૮ ૧૯	૨૦	૨૧ ૨૨

તર્ક-સંગત નામ : -લલ+૨(લલગાગા+લગાલગા)

પ્રકાર : મિશ્ર-ખંડિત

કુલ માત્રા : ૨૨

પદ્યભારની માત્રા : ૩, ૯, ૧૫, ૨૧.

છંદ-રચના : અનુક્રમે લલગાગા અને લગાલગા સંધિના મિશ્ર સ્વરૂપના (લલગાગા લગાલગા) બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા બંને લઘુઅક્ષરોનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે.

આ છંદની સંધિ અરૂઝમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

ગાગાલ ગાલગાલ લગાગાલ ગાલગા

છંદ ક્રમાંક ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ માં છેલ્લી સંધિ લલગાગા પ્રયુક્ત થાય છે. આ છેલ્લી સંધિ લલગાગા ના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી છેલ્લી સંધિ લલગા પ્રાપ્ત થાય છે કે જેમાં બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો અથવા એક ગુરુઅક્ષરનો પ્રયોગ કરવાની છૂટ હોવાથી એ બધા જ છંદોમાં છેલ્લી સંધિ લલગા ને બદલે

ગાગા જ દર્શાવી છે. આમ છંદ ક્રમાંક ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ માં છેલ્લી સંધિ લલગા અને ગાગા એ બંને સ્વરૂપે સ્વીકાર્ય છે.

(૨૭)

લ	ગા	લ	ગા	લ	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા
૧	૨ ૩	૪	૫ ૬	૭	૮	૯ ૧૦	૧૧ ૧૨	૧૩	૧૪ ૧૫	૧૬	૧૭ ૧૮	૧૯ ૨૦	૨૧ ૨૨

તર્ક-સંગત નામ : ૨(લગાલગા+લલગાગા)-ગા

પ્રકાર : મિશ્ર-ખંડિત

કુલ માત્રા : ૨૨

પદ્યભારની માત્રા : ૫, ૧૧, ૧૭.

છંદ-રચના : અનુક્રમે લગાલગા અને લલગાગા સંધિના મિશ્ર સ્વરૂપના (લગાલગા લલગાગા) બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે કે જેમાં છેલ્લી સંધિના બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષરનો પ્રયોગ કરવાની છૂટ છે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

છંદ ક્રમાંક ૨૮, ૨૯ અને ૩૦ માં પહેલી સંધિ ગાલગાગા પ્રયુક્ત થાય છે કે જેમાં પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષરને (ગાલગાગા) બદલે સંધિના છેલ્લા ગુરુઅક્ષર (ગાલગાગા) પર સ્થિત છે. લલગાગા સંધિની શરૂઆતમાં એક લઘુઅક્ષર ઉમેરતાં લલલગાગા સંધિ પ્રાપ્ત થાય છે. ગઝલના છંદોમાં બે થી વધુ લઘુઅક્ષર એકસાથે પ્રયુક્ત થતા નથી. આ આધાર પર લલલગાગા સંધિના બીજા અને ત્રીજા લઘુઅક્ષર મળીને એક ગુરુઅક્ષર ગણતાં લગાગાગા સંધિ પ્રાપ્ત થાય છે કે જેનો સમાવેશ ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં થઈ જ ગયો છે, પરંતુ લલલગાગા સંધિના પહેલા અને બીજા લઘુઅક્ષર મળીને એક ગુરુઅક્ષર ગણતાં ગાલગાગા સંધિ પ્રાપ્ત થાય છે કે જેનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષરને (ગાલગાગા) બદલે સંધિના છેલ્લા ગુરુઅક્ષર (ગાલગાગા) પર સ્થિત છે. ગાલગાગા સંધિ કે જેનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર સ્થિત છે એનો પ્રયોગ ષટ્કલ સંધિ લલગાગા અને લગાલગા સાથે મિશ્ર રૂપે જ થયેલો જોવા મળે છે. ષટ્કલ સંધિ લલગાગા અને લગાલગા નાં પદ્યભાર પણ સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર જ સ્થિત છે. છંદ ક્રમાંક ૨૮, ૨૯ અને ૩૦ માં કોઈકવાર પહેલી સંધિ ગાલગાગા ના સ્થાન પર લગાગાગા પણ પ્રયુક્ત થયેલી જોવા મળે છે.

(૨૮)

ગા	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯	૧૦ ૧૧	૧૨ ૧૩	૧૪	૧૫	૧૬ ૧૭	૧૮ ૧૯	૨૦ ૨૧	૨૨ ૨૩

તર્ક-સંગત નામ : લ+૪લલગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૨૩

પદ્યભારની માત્રા : ૬, ૧૨, ૧૮.

છંદ-રચના : લલગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિની શરૂઆતમાં એક લઘુઅક્ષર ઉમેરવાથી અને છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે કે જેમાં પહેલી સંધિના પહેલા ત્રણ લઘુઅક્ષરો પૈકી પહેલા બે લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાનો રહેશે અને છેલ્લી સંધિના બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાની છૂટ રહેશે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

(૨૯)

ગા	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	ગા	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯	૧૦ ૧૧	૧૨ ૧૩	૧૪ ૧૫	૧૬ ૧૭

તર્ક-સંગત નામ : લ+૩લલગાગા-ગા

પ્રકાર : શુદ્ધ-ખંડિત

કુલ માત્રા : ૧૭

પદ્યભારની માત્રા : ૬, ૧૨.

છંદ-રચના : લલગાગા સંધિના ત્રણ આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિની શરૂઆતમાં એક લઘુઅક્ષર ઉમેરવાથી અને છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે કે જેમાં પહેલી સંધિના પહેલા ત્રણ લઘુઅક્ષરો પૈકી પહેલા બે લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાનો રહેશે અને છેલ્લી સંધિના બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાની છૂટ રહેશે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

(30)

ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા
૧ ૨	૩	૪ ૫	૬ ૭	૮	૯ ૧૦	૧૧	૧૨ ૧૩	૧૪ ૧૫	૧૬ ૧૭

તર્ક-સંગત નામ : લ+લલગાગા+લગાલગા+લલગાગા-ગા

પ્રકાર : મિશ્ર-ખંડિત

કુલ માત્રા : ૧૭

પદ્યભારની માત્રા : ૬, ૧૨.

છંદ-રચના : અનુક્રમે લલગાગા, લગાલગા અને લલગાગા સંધિનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિની શરૂઆતમાં એક લઘુઅક્ષર ઉમેરવાથી અને છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે કે જેમાં પહેલી સંધિના પહેલા ત્રણ લઘુઅક્ષરો પૈકી પહેલા બે લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાનો રહેશે અને છેલ્લી સંધિના બે સ્પષ્ટ લઘુઅક્ષરોના સ્થાન પર એક ગુરુઅક્ષર લેવાની છૂટ રહેશે. આ છંદમાં પદ્યભારવાળા ગુરુઅક્ષરનો લોપ થયો છે.

લઘુઅક્ષરની એક માત્રા અને ગુરુઅક્ષરની બે માત્રા ગણતાં છંદ ક્રમાંક ૨૫ સિવાય બધા જ અખંડિત પ્રકારના છંદોમાં (શુદ્ધ અને મિશ્ર બંને) પદ્યભાર સમાન માત્રાના અંતરે સ્થિત છે અને બધા જ ખંડિત પ્રકારના છંદોમાં (શુદ્ધ અને મિશ્ર બંને) ફક્ત લોપના સ્થાન પર લોપ કરેલ અક્ષરની માત્રા જેટલી જ પદ્યભારના અંતરમાં વિષમતા રહે છે જે સ્વીકાર્ય છે. છંદ ક્રમાંક ૨૫ માં સંધિના મિશ્રણના કારણે પદ્યભારના અંતરમાં વિષમતા રહેલી છે અને તેથી જ એમાં પદ્યભાર અનુક્રમે ૭ અને ૫ માત્રાના અંતર પર સ્થિત છે. જે છંદમાં સંધિના મિશ્રણના કારણે પદ્યભારના અંતરમાં વિષમતા જેટલી વધુ હશે એટલી એ છંદની પ્રવાહિતા અને ગેય-તત્વ પણ ઓછાં થઈ જશે અને એ છંદની પ્રચલિત થવાની સંભાવના પણ ઓછી થઈ જશે.

ગણિતના નિયમોને આધારે ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિના પ્રયોગ દ્વારા શુદ્ધ-અખંડિત, શુદ્ધ-ખંડિત, મિશ્ર-અખંડિત અને મિશ્ર-ખંડિત પ્રકારના ઘણાં છંદોની રચના કરી શકાય છે. અહીં ઉદાહરણ રૂપે લગાગા સંધિનો પ્રયોગ કરી શુદ્ધ-અખંડિત અને શુદ્ધ-ખંડિત પ્રકારના છંદોની રચના કેવી-કેવી રીતે કરી શકાય એ પ્રસ્તુત છે.

<table>
<tr><td>(૧)</td><td>લગાગા સંધિના ચાર અથવા આઠ આવર્તનોના પ્રયોગથી નીચે મુજબના છંદો રચી શકાય છે.
<table>
<tr><td>૧</td><td>લગાગા લગાગા લગાગા લગાગા
તર્ક-સંગત નામ : ૪લગાગા</td></tr>
<tr><td>૨</td><td>લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા
તર્ક-સંગત નામ : ૮લગાગા</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>લગાગા સંધિના ચાર અથવા આઠ આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી નીચે મુજબના છંદો રચી શકાય છે.
<table>
<tr><td>૧</td><td>લગાગા લગાગા લગાગા લગા
તર્ક-સંગત નામ : ૪લગાગા-ગા</td></tr>
<tr><td>૨</td><td>લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગા
તર્ક-સંગત નામ : ૮લગાગા-ગા</td></tr>
</table></td></tr>
<tr><td>(3)</td><td>લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી પ્રાપ્ત સ્વરૂપના બે આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબનો છંદ રચી શકાય છે.
<table>
<tr><td>૧</td><td>લગાગા લગાગા લગાગા લગા લગાગા લગાગા લગાગા લગા
તર્ક-સંગત નામ : ૨(૪લગાગા-ગા)</td></tr>
</table></td></tr>
<tr><td>(૪)</td><td>લગાગા સંધિના ચાર અથવા આઠ આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા લઘુઅક્ષરનો લોપ કરવાથી નીચે મુજબના છંદો રચી શકાય છે.
<table>
<tr><td>૧</td><td>ગાગા લગાગા લગાગા લગાગા
તર્ક-સંગત નામ : -લ+૪લગાગા</td></tr>
<tr><td>૨</td><td>ગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા
તર્ક-સંગત નામ : -લ+૮લગાગા</td></tr>
</table></td></tr>
</table>

(૫) લગાગા સંધિના ચાર આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા લઘુઅક્ષરનો લોપ કરવાથી પ્રાપ્ત સ્વરૂપના બે આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબનો છંદ રચી શકાય છે.

૧	ગાગા લગાગા લગાગા લગાગા ગાગા લગાગા લગાગા લગાગા તર્ક-સંગત નામ : ૨(-લ+૪લગાગા)

(૬) લગાગા સંધિના બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ છેલ્લી સંધિના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી પ્રાપ્ત સ્વરૂપના બે અથવા ચાર આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબના છંદો રચી શકાય છે.

૧	લગાગા લગા લગાગા લગા તર્ક-સંગત નામ : ૨(૨લગાગા-ગા)
૨	લગાગા લગા લગાગા લગા લગાગા લગા લગાગા લગા તર્ક-સંગત નામ : ૪(૨લગાગા-ગા)

(૭) લગાગા સંધિના બે આવર્તનોનો પ્રયોગ કર્યા બાદ પહેલી સંધિના પહેલા લઘુઅક્ષરનો લોપ કરવાથી પ્રાપ્ત સ્વરૂપના બે અથવા ચાર આવર્તનોનો પ્રયોગ કરવાથી નીચે મુજબના છંદો રચી શકાય છે.

૧	ગાગા લગાગા ગાગા લગાગા તર્ક-સંગત નામ : ૨(-લ+૨લગાગા)
૨	ગાગા લગાગા ગાગા લગાગા ગાગા લગાગા ગાગા લગાગા તર્ક-સંગત નામ : ૪(-લ+૨લગાગા)

ઉપર લગાગા સંધિના પ્રયોગથી પ્રાપ્ત જેટલાં પણ છંદોની ચર્ચા કરી એ દરેક છંદમાં સંધિની કુલ સંખ્યા ચાર અથવા આઠ રહી છે. એ જ રીતે છંદમાં સંધિની કુલ સંખ્યા બે, ત્રણ, પાંચ, છ કે સાત હોય એવા છંદોની પણ રચના કરી શકાય છે. આ જ રીતે અન્ય સંધિના પ્રયોગ દ્વારા પણ ઘણાં છંદોની રચના કરી શકાય છે.

ઉપરોક્ત પદ્ધતિથી છંદ-રચના કરવાથી શુદ્ધ-ખંડિત પ્રકારમાં કેટલાંક છંદો સામાન્ય રહેશે. આ સામાન્ય છંદોમાં જે સંધિના પ્રયોગથી છંદ-રચના સમજવી સરળ હોય એ જ સંધિના પ્રયોગનો સ્વીકાર કરીશું. બે છંદોના ઉદાહરણ દ્વારા આ વાત સરળતાથી સમજાય જશે. આપણે ગઝલના છંદોમાં પ્રયુક્ત સંધિની યાદીમાં બે મુખ્ય પંચકલ સંધિ લગાગા અને ગાલગા નો

સમાવેશ કર્યો છે અને એ બંને સંધિના પ્રયોગથી પ્રાપ્ત શુદ્ધ-ખંડિત પ્રકારના એક-એક છંદ જોઈ ગયા છે જે ફરીથી જોઈએ. (છંદ ક્રમાંક ૨ અને ૫)

(૧) લગાગા લગાગા લગાગા લગા

લગાગા અને ગાલગા એ બંને સંધિના આવર્તિત સ્વરૂપને ખંડિત કરવાથી આ છંદ પ્રાપ્ત કરી શકાય છે.

૧	લગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. લગાગા લગાગા લગાગા લગા તર્ક-સંગત નામ : ૪લગાગા-ગા
૨	ગાલગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. લગા ગાલગા ગાલગા ગાલગા = લગાગા લગાગા લગાગા લગા તર્ક-સંગત નામ : -ગા+૪ગાલગા

ઉપરોક્ત બંને પદ્ધતિથી છંદ-રચના કરવાથી પદ્યભારના સ્થાનમાં કોઈ ફરક પડતો નથી, તે છતાં આ છંદની રચના પહેલી પદ્ધતિ મુજબ જ (લગાગા સંધિના આધારે) સમજવી વધુ સરળ અને ઉચિત છે.

(૨) ગાલગા ગાલગા ગાલગા ગા

ગાલગા અને લગાગા એ બંને સંધિના આવર્તિત સ્વરૂપને ખંડિત કરવાથી આ છંદ પ્રાપ્ત કરી શકાય છે.

૧	ગાલગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી છેલ્લા આવર્તનના છેલ્લા ગુરુઅક્ષરનો અને લઘુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. ગાલગા ગાલગા ગાલગા ગા તર્ક-સંગત નામ : ૪ગાલગા-લગા
૨	લગાગા સંધિનાં ચાર આવર્તનોનો પ્રયોગ કરી પહેલા આવર્તનના પહેલા લઘુઅક્ષર અને પહેલા ગુરુઅક્ષરનો લોપ કરવાથી આ છંદની રચના થાય છે. ગા લગાગા લગાગા લગાગા = ગાલગા ગાલગા ગાલગા ગા તર્ક-સંગત નામ : -લગા+૪લગાગા

ઉપરોક્ત બંને પદ્ધતિથી છંદ-રચના કરવાથી પદ્યભારના સ્થાનમાં કોઈ ફરક પડતો નથી, તે છતાં આ છંદની રચના પહેલી પદ્ધતિ મુજબ જ (ગાલગા સંધિના આધારે) સમજવી વધુ સરળ અને ઉચિત છે.

***

(૭)
ઉદાહરણ અને લઘુ-ગુરુ સમજ

હવે આગળના પ્રકરણમાં જોઈ ગયેલ ૩૦ છંદોની એક ગઝલનો મતલા અને એક શેર અથવા મકતા તક્તી સહિત પ્રસ્તુત કરીશ કે જેમાં છંદના દરેક લઘુઅક્ષરના સ્થાન પર ઓછામાં ઓછો એકવાર સ્પષ્ટ લઘુઅક્ષર પ્રયુક્ત થયો હોય (ગુરુઅક્ષરને લઘુઅક્ષર ગણવાની છૂટ લીધી હોય એવું નહીં) એવા શેર આવરી લીધેલ છે. આ ઉપરાંત ગઝલમાં લઘુ-ગુરુ અક્ષરોમાં લેવાતી છૂટ વિશે પણ થોડી ચર્ચા કરતો જઈશ.

(૧)

નજર મેળવીશું ને ખોવાઈ જાશું
કથાઓ બનીશું ને ચર્ચાઈ જાશું

ગમે તેમ જીવી જશું તોય અંતે
બહુ શાનથી 'શૂન્ય' વિસરાઈ જાશું

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
*	ન	જર	મે	ળ	વી	શું	ને	ખો	વા	ઈ	જા	શું
	ક	થા	ઓ	બ	ની	શું	ને	ચર્	ચા	ઈ	જા	શું
*	ગ	મે	તે	મ	જી	વી	જ	શું	તો	ય	અં	તે
	બ	હુ	શા	ન	થી	શૂન્	ય	વિસ	રા	ઈ	જા	શું

લઘુ-ગુરુ સમજ

સામાન્ય રીતે અ, ઇ, ઉ અને ઋ સ્વર તથા એ સ્વરયુક્ત વ્યંજન લઘુઅક્ષર ગણાય છે જ્યારે આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં અને અ: સ્વર તથા એ સ્વરયુક્ત વ્યંજન ગુરુઅક્ષર ગણાય છે.

ગુરુઅક્ષરના બધા જ એકાક્ષરી શબ્દો તથા બધા જ પ્રત્યયો લઘુ અને ગુરુ બંને સ્વરૂપે પ્રયોજી શકાય છે. જેમકે ને, હું, તું, જે, કે, છું, હા, ના, નો, ની, નું, થી, એ, ઓ, માં, મેં, તેં, ત્યાં, ક્યાં, જ્યાં વગેરે. ઉપરોક્ત ગઝલમાં 'ને' અક્ષર ગુરુઅક્ષર હોવા છતાં 'અને'ના વિકલ્પ રૂપે લઘુઅક્ષર તરીકે પ્રયોજાયો છે.

જોડાક્ષરને એના પછીના અક્ષર સાથે જોડીને લખવામાં આવે છે પરંતુ જો જોડાક્ષરનો થડકાર એના પહેલાંના અક્ષર પર આવતો હોય તો એ જોડાક્ષર પહેલાંનો અક્ષર લઘુઅક્ષર હોય તો પણ જોડાક્ષરના થડકારને કારણે ગુરુઅક્ષર ગણાશે. જેમકે 'ચર્ચા' અને શૂન્ય' એ બંને શબ્દમાં જોડાક્ષર અનુક્રમે 'ર્' અને 'ન્'નો થડકાર એનાં પહેલાંના અક્ષર પર આવતો હોવાથી એ બંને શબ્દોનું લગાત્મક સ્વરૂપ અનુક્રમે ગાગા અને ગાલ જ થશે, અનુક્રમે લગા અને ગાગા નહીં.

(૨)

કદાચિત હતાં દર્દ કારણ વગર
કે મટતાં રહ્યાં એ નિવારણ વગર

હવે એને શક્તિ કે કિસ્મત કહો
હું આગળ વધું છું ભલામણ વગર

(ગઝલકાર : 'મરીઝ')

	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
*	ક	દા	ચિત	હ	તાં	દર્	દ	કા	રણ	વ	ગર
	કે	મટ	તાં	ર	હ્યાં	એ	નિ	વા	રણ	વ	ગર
*	હ	વે	એ	ને	શક્	તિ	કે	કિસ્	મત	ક	હો
	હું	આ	ગળ	વ	ધું	છું	ભ	લા	મણ	વ	ગર

લઘુ-ગુરૂ સમજ

જો જોડાક્ષરનો થડકાર એના પછીના અક્ષર પર આવતો હોય તો એ જોડાક્ષર પહેલાંનો અક્ષર એનાં મૂળ સ્વરૂપે જ પ્રયુક્ત થશે. 'રહ્યાં' શબ્દમાં જોડાક્ષર 'હ્'નો થડકાર એના પછીનાં અક્ષર પર જ આવતો હોવાથી એનું લગાત્મક સ્વરૂપ લગા જ થશે, ગાગા નહીં. એ જ રીતે રહ્યું, કહ્યાં, કહ્યું, સહ્યાં, સહ્યું, કર્યું, કર્યાં, ભર્યાં, તર્યાં વગેરે શબ્દોનું પણ લગાત્મક સ્વરૂપ લગા જ થશે.

'શક્તિ' શબ્દનું લગાત્મક સ્વરૂપ ગાલ થાય છે પરંતુ અહીં ગાગા સ્વરૂપે પ્રયુક્ત થયો છે. એ જ રીતે 'ભીતિ' શબ્દ ગાલ અને ગાગા એ બંને સ્વરૂપે પ્રયોજી શકાય છે. 'કવિ' શબ્દ લલ અને લગા એ બંને સ્વરૂપે તથા 'સરિતા' શબ્દ લલગા અને લગાગા એ બંને સ્વરૂપે પ્રયોજી શકાય છે. આમ લઘુઅક્ષરને ગુરુઅક્ષર મુજબ ઉચ્ચારતાં એ કર્ણકટુ ન લાગતો હોય તો એ લઘુઅક્ષરને ગઝલમાં ગુરુઅક્ષર તરીકે પ્રયુક્ત કરી શકાય છે.

(3)

જુદાઈના ગાળાને જીવન કહે છે મિલનની ઘડીને કયામત કહે છે
હસું છું કે નાદાન દુનિયાના લોકો મનસ્વીપણે કેવી વાતો કરે છે

અમે રક્ત સીંચી અમે પ્રાણ રેડી કર્યું મુક્ત જેને સદા પાનખરથી
વસંત આવી ત્યારે હવે એ જ ઉપવન અમારા જ માટે દીવાલો ચણે છે

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા
*	જુ	દા	ઈ	ના	ગા	ળા	ને	જી	વન	ક	હે	છે
	મિ	લન	ની	ઘ	ડી	ને	ક	યા	મત	ક	હે	છે
	હ	સું	છું	કે	ના	દા	ન	દુનિ	યા	ના	લો	કો
	મ	નસ્	વી	પ	ણે	કે	વી	વા	તો	ક	રે	છે
*	અ	મે	રક્	ત	સીં	ચી	અ	મે	પ્રા	ણ	રે	ડી
	ક	ર્યું	મુક્	ત	જે	ને	સ	દા	પા	ન	ખર	થી
	વ	સં	ત+આ=તા	વી	ત્યા	રે	હ	વે	એ	જ	ઉપ	વન
	અ	મા	રા	જ	મા	ટે	દી	વા	લો	ચ	ણે	છે

લઘુ-ગુરુ સમજ

અકારાન્ત શબ્દ પછીના શબ્દમાં પહેલો અક્ષર સ્વર પ્રયુક્ત થતો હોય તો લઘુ-ગુરુ માપમાં જરૂર અનુસાર બંને શબ્દોને સંયુક્ત રીતે ઉચ્ચારીને પણ છંદ સાચવી લેવામાં આવે છે. 'વસંત આવી'માં 'વસંત' અકારાન્ત શબ્દ છે અને પછીના શબ્દ 'આવી'નો પહેલો અક્ષર સ્વર છે તેથી 'વસંત આવી'નું લગાત્મક સ્વરૂપ લગાલગાગા હોવા છતાં વસંત+આવી=વસંતાવી કરીને લગાગાગા સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. ઉપરોક્ત ગઝલમાં 'વસંતાવી' લગાગાલ સ્વરૂપે છે.

(૪)

દેખ તૃષ્ણાઓ પગભર બની જાય ના
ક્યાંક મૃગજળ મુકદ્દર બની જાય ના

'શૂન્ય' ઇશ્વર થવાની મથામણ ન કર
મોક્ષ મુશ્કેલ અવસર બની જાય ના

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	લ	<u>ગા</u>	ગા	લ	<u>ગા</u>	ગા	લ	<u>ગા</u>	ગા	લ	<u>ગા</u>
*	દે	ખ	તૃષ્	ણા	ઓ	પગ	ભર	બ	ની	જા	ય	ના
	ક્યાં	ક	મૃગ	જળ	મુ	કદ્	દર	બ	ની	જા	ય	ના
*	શૂન્	ય	ઇશ્	વર	થ	વા	ની	મ	થા	મણ	ન	કર
	મો	ક્ષ	મુશ્	કે	લ	અવ	સર	બ	ની	જા	ય	ના

(૫)

શૂન્ય, મરીઝ, ગની અને ઘાયલના સમગ્ર સંગ્રહમાંથી આ છંદ ‘ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગા’ની એકપણ ગઝલ પ્રાપ્ત થઈ નથી પરંતુ આ છંદના બમણાં સ્વરૂપ ‘ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગા, ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગાલ<u>ગા</u> ગા’ની એક ગઝલ પ્રાપ્ત થઈ છે કે જેનો મતલા અને મકતા પ્રસ્તુત છે.

ના કોઈ માર્ગદર્શક ન સાથી, વાટ પણ છે ઉપાધિ વિનાની
ધન્ય છે મુજ મનસ્વી સફરને, ના રહી લપ કશી કાફલાની

‘શૂન્ય’ દેદાર જો આયનામાં, તેં જ ખુદ શાન ખોઈ છે તારી
પ્રેમ-ઘેલી જવાનીના મદમાં, ના કદી કોઈની વાત માની

(ગઝલકાર : ‘શૂન્ય’ પાલનપુરી)

	ગા	લ	<u>ગા</u>	ગા	લ	<u>ગા</u>	ગા	લ	<u>ગા</u>	ગા
*	ના	કો	ઈ	માર્	ગ	દર્	શક	ન	સા	થી
	વા	ટ	પણ	છે	ઉ	પા	ધિ	વિ	ના	ની
	ધન્	ય	છે	મુજ	મ	નસ્	વી	સ	ફર	ને
	ના	ર	હી	લપ	ક	શી	કા	ફ	લા	ની
*	શૂન્	ય	દે	દા	ર	જો	આ	ય	ના	માં
	તેં	જ	ખુદ	શા	ન	ખો	ઈ	છે	તા	રી
	પ્રે	મ	ઘે	લી	જ	વા	ની	ના	મદ	માં
	ના	ક	દી	કો	ઈ	ની	વા	ત	મા	ની

લઘુ-ગુરુ સમજ

'ઉપાધિ' શબ્દનું લગાત્મક સ્વરૂપ લગાલ થાય છે પરંતુ એ લગાગા સ્વરૂપે પણ પ્રયુક્ત થઈ શકે છે.

'કોઈ' શબ્દનું લગાત્મક સ્વરૂપ ગાગા થાય છે પરંતુ એ લલ, લગા અને ગાલ સ્વરૂપે પણ પ્રયુક્ત થઈ શકે છે. ઉપરોક્ત ઉદાહરણમાં 'કોઈ' શબ્દ લગા અને ગાલ એમ બે સ્વરૂપે પ્રયુક્ત થયેલો છે.

(૬)

કાલ જેને નવાજ્યો હતો પથ્થરે લો ફરી એ જ દીવાનો આવી ગયો
જખ્મ બદલે જે દુનિયાને ફૂલો ધરે લો ફરી એ જ દીવાનો આવી ગયો

આંખડીમાં કરુણા હૃદયમાં ક્ષમા સ્મિત સંતોષનું અશ્રુ સમભાવનાં
મૂંગી માનવતા જેની પ્રતીક્ષા કરે લો ફરી એ જ દીવાનો આવી ગયો

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા	ગા	લ	ગા
*	કા	લ	જે	ને	ન	વા	જ્યો	હ	તો	પથ્	થ	રે
	લો	ફ	રી	એ	જ	દી	વા	નો	આ	વી	ગ	યો
	જખ્	મ	બદ	લે	જે	દુનિ	યા	ને	ફૂ	લો	ધ	રે
	લો	ફ	રી	એ	જ	દી	વા	નો	આ	વી	ગ	યો
*	આં	ખ	ડી	માં	ક	રુ	ણા	હૃ	દય	માં	ક્ષ	મા
	સ્મિ	ત	સં	તો	ષ	નું	અશ્	રુ	સમ	ભા	વ	નાં
	મૂં	ગી	મા	નવ	તા	જે	ની	પ્ર	તી	ક્ષા	ક	રે
	લો	ફ	રી	એ	જ	દી	વા	નો	આ	વી	ગ	યો

(૭)

કદી ખુશી બની ગઈ કદીક ગમ બની ગઈ
અદીઠ દ્રષ્ટિ આખરે જીવનનો ક્રમ બની ગઈ

પ્રસન્નચિત હતું ચમન પરંતુ આજ ‘ઘાયલે’
જો આંખ ફેરવી લીધી ખુશીય ગમ બની ગઈ

(ગઝલકાર : અમૃત ‘ઘાયલ’)

	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	લ	ગા
*	ક	દી	ખુ	શી	બ	ની	ગ	ઈ	ક	દી	ક	ગમ	બ	ની	ગ	ઈ
	અ	દી	ઠ	દ્રષ્	ટિ	આ	ખ	રે	જી	વન	નો	ક્રમ	બ	ની	ગ	ઈ
*	પ્ર	સન્	ન	ચિત	હ	તું	ચ	મન	પ	રં	તુ	આ	જ	ઘા	ય	લે
	જો	આં	ખ	ફે	ર	વી	લી	ધી	ખુ	શી	ય	ગમ	બ	ની	ગ	ઈ

(૮)

વાત સાંભળી અને છક પુરાણી થઈ ગયા
પથ્થરોય આજ તો પાણીપાણી થઈ ગયા

એમનીય દ્રષ્ટિને ચેન ક્યાંય પણ નથી
બોલો ન્યાલ એય શું અમને નાણી થઈ ગયા

(ગઝલકાર : અમૃત ‘ઘાયલ’)

	ગા	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	લ	ગા
*	વા	ત	સાં	ભ	ળી	અ	ને	છક	પુ	રા	ણી	થઈ	ગ	યા
	પથ્	થ	રો	ય	આ	જ	તો	પા	ણી	પા	ણી	થઈ	ગ	યા
*	એ	મ	ની	ય	દ્રષ્	ટિ	ને	ચે	ન	ક્યાં	ય	પણ	ન	થી
	બો	લો	ન્યા	લ	એ	ય	શું	અમ	ને	ના	ણી	થઈ	ગ	યા

લઘુ-ગુરુ સમજ

‘થઈ’ શબ્દનું લગાત્મક સ્વરૂપ લગા થાય છે પરંતુ અહીં ગા સ્વરૂપે પ્રયુક્ત થયો છે. થઈ, ગઈ, લઈ, જઈ, કઈ, કંઈ જેવા શબ્દો લગા સ્વરૂપના હોવા છતાં લલ અને ગા સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૯)

એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે
આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે

હમદર્દ બની જાય જરા સાથમાં આવે
આ શું કે બધા દૂરથી રસ્તા જ બતાવે

(ગઝલકાર : ‘મરીઝ’)

	ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા
*	એ	વો	કો	ઈ	દિલ	દા	ર	જ	ગત	માં	ન	જ	ર+આ=રા	વે
	આ	પી	દે	મ	દદ	કિં	તુ	ન	લા	ચા	ર	બ	ના	વે
*	હમ	દર્	દ	બ	ની	જા	ય	જ	રા	સા	થ	માં	આ	વે
	આ	શું	કે	બ	ધા	દૂ	ર	થી	રસ્	તા	જ	બ	તા	વે

લઘુ-ગુરુ સમજ

‘નજર આવે’નું લગાત્મક સ્વરૂપ લગાગાગા હોવા છતાં નજર+આવે=નજરાવે કરીને લલગાગા સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૧૦)

ગઝલ રૂપે જીવનની દર્દબાની લઈને આવ્યો છું
બધા સમજી શકે એવી કહાની લઈને આવ્યો છું

નજરમાં ખારની ખટકી રહ્યો છું ખારની પેઠે
ગુનો બસ એ જ ફૂલોની જવાની લઈને આવ્યો છું

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા
*	ગ	ઝલ	રૂ	પે	જી	વન	ની	દર્	દ	બા	ની	લઈ	ને	આ	વ્યો	છું
	બ	ધા	સમ	જી	શ	કે	એ	વી	ક	હા	ની	લઈ	ને	આ	વ્યો	છું
*	ન	જર	માં	ખા	ર	ની	ખટ	કી	ર	હ્યો	છું	ખા	ર	ની	પે	ઠે
	ગુ	નો	બસ	એ	જ	ફૂ	લો	ની	જ	વા	ની	લઈ	ને	આ	વ્યો	છું

(૧૧)

ન આવી હદ સિતમગરના દમનની
વટાવી હું ગયો સીમા સહનની

ધસી આવી હૃદય પર ઊર્મિઓ જ્યાં
'ગની' મેં ઓથ લઈ લીધી કવનની

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા
*	ન	આ	વી	હદ	સિ	તમ	ગર	ના	દ	મન	ની
	વ	ટા	વી	હું	ગ	યો	સી	મા	સ	હન	ની
*	ધ	સી	આ	વી	હૃ	દય	પર	ઊર્	મિ	ઓ	જ્યાં
	ગ	ની	મેં	ઓ	થ	લઈ	લી	ધી	ક	વન	ની

(૧૨)

હેમ સો ટચનું હશે પણ યોગ્ય એ ઠરશે નહીં
જ્યાં લગી ખુદ પથ્થરોથી પાર ઊતરશે નહીં

માત્ર ઉલ્કાને જ એ ભીતિ રહે છે રાતદિન
જે હકીકતમાં સિતારા છે કદી ખરશે નહીં

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
*	હે	મ	સો	ટચ	નું	હ	શે	પણ	યો	ગ્ય	એ	ઠર	શે	ન	હીં
	જ્યાં	લ	ગી	ખુદ	પથ્	થ	રો	થી	પા	ર	ઊ	તર	શે	ન	હીં
*	મા	ત્ર	ઉલ્	કા	ને	જ	એ	ભી	તિ	ર	હે	છે	રા	ત	દિન
	જે	હ	કી	કત	માં	સિ	તા	રા	છે	ક	દી	ખર	શે	ન	હીં

(૧3)

દુઃખને દુઃખ મારું હૃદય ગણશે નહીં
આપની એ ભેટ અવગણશે નહીં

પ્રેમ જ્યારે શીખવી દેશે સહન
દર્દના નખ જખ્મને ખણશે નહીં

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
*	દુઃખ	ને	દુઃખ	મા	રું	હૃ	દય	ગણ	શે	ન	હીં
	આ	પ	ની	એ	ભે	ટ	અવ	ગણ	શે	ન	હીં
*	પ્રે	મ	જ્યા	રે	શી	ખ	વી	દે	શે	સ	હન
	દર્	દ	ના	નખ	જખ્	મ	ને	ખણ	શે	ન	હીં

(૧૪)

શૂન્ય, મરીઝ, ગની અને ઘાયલના સમગ્ર સંગ્રહમાંથી આ છંદ 'ગાલગાગા ગાલગા ગાલગાગા ગાલગા'ની એકપણ ગઝલ પ્રાપ્ત થઈ નથી પરંતુ આ છંદના અડધા સ્વરૂપ 'ગાલગાગા ગાલગા'ની એક ગઝલ પ્રાપ્ત થઈ છે કે જેનો મતલા અને એક શેર પ્રસ્તુત છે.

વાયરો શોધે સગડ
ચાલ હે પત્થર ગબડ

હું ય ઝંઝાવાત છું
વાયરા રસ્તો પકડ

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
*	વા	ય	રો	શો	ધે	સ	ગડ
	ચા	લ	હે	પત્	થર	ગ	બડ
*	હું	ય	ઝં	ઝા	વા	ત	છું
	વા	ય	રા	રસ્	તો	પ	કડ

(૧૫)

ઇન્સાનને ઇન્સાનથી બજવી રહી આ જિંદગી
ઈન્સાનિયતને આજ શી લજવી રહી આ જિંદગી

પળમાં સિતમ પળમાં ગજબ પળમાં પ્રલય પળમાં કલહ
પૂછો નહીં કે પાઠ શા ભજવી રહી આ જિંદગી

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા	ગા	ગા	લ	ગા
*	ઇન્	સા	ન	ને	ઇન્	સા	ન	થી	બજ	વી	ર	હી	આ	જિં	દ	ગી
	ઇન્	સા	નિ	યત	ને	આ	જ	શી	લજ	વી	ર	હી	આ	જિં	દ	ગી
*	પળ	માં	સિ	તમ	પળ	માં	ગ	જબ	પળ	માં	પ્ર	લય	પળ	માં	ક	લહ
	પૂ	છો	ન	હીં	કે	પા	ઠ	શા	ભજ	વી	ર	હી	આ	જિં	દ	ગી

(૧૬)

ન ધરા સુધી ન ગગન સુધી નહીં ઉન્નતિ ન પતન સુધી
અહીં આપણે તો જવું હતું ફકત એકમેકના મન સુધી

છે અજબ પ્રકારની જિંદગી કહો એને પ્યારની જિંદગી
ન રહી શકાય જીવ્યા વિના ન ટકી શકાય જીવન સુધી

(ગઝલકાર : ‘ગની’ દહીંવાળા)

	લ	લ	ગા	લ	ગા	લ	લ	ગા	લ	ગા
*	ન	ધ	રા	સુ	ધી	ન	ગ	ગન	સુ	ધી
	ન	હીં	ઉન્	ન	તિ	ન	પ	તન	સુ	ધી
	અ	હીં	આ	પ	ણે	તો	જ	વું	હ	તું
	ફ	ક	ત+એ=તે	ક	મે	ક	ના	મન	સુ	ધી
*	છે	અ	જબ	પ્ર	કા	ર	ની	જિં	દ	ગી
	ક	હો	એ	ને	પ્યા	ર	ની	જિં	દ	ગી
	ન	ર	હી	શ	કા	ય	જી	વ્યા	વિ	ના
	ન	ટ	કી	શ	કા	ય	જી	વન	સુ	ધી

લઘુ-ગુરુ સમજ

આ છંદમાં બે લઘુઅક્ષરો એકસાથે પ્રયુક્ત થયા છે. જે છંદમાં બે લઘુઅક્ષરો એકસાથે પ્રયુક્ત થતા હોય એવા છંદની ગઝલોના અભ્યાસ પરથી લઘુ-ગુરુ અક્ષરોની ગણતરીમાં લેવાતી છૂટ વિશેની સમજણ સારી રીતે કેળવી શકાય છે. ખાસ કરીને ગુરુઅક્ષરને જરૂર મુજબ લઘુઅક્ષર ગણવાની છૂટ વિશેની સમજણ સારી રીતે કેળવી શકાય છે.

નહીં, અહીં, કહો, અને, અમે, તમે વગેરે શબ્દો લગા સ્વરૂપના હોવા છતાં લલ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

એનાં, એની, એનું, તેનાં, તેની, તેનું, મારો, તારો, મારી, તારી, મારું, તારું વગેરે શબ્દો ગાગા સ્વરૂપના હોવા છતાં લગા, ગાલ અને લલ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે.

(૧૭)

મજા ખરી એ મિલન તણી છે કંઈક એવું બને મિલનમાં
સવાલ ઊઠે હૃદય હૃદયમાં જવાબ આવે નયન નયનમાં

વિદાય વેળા કોઈની 'ઘાયલ' વિદાય જે ના દઈ શક્યા'તાં
હવે એ અશ્રુ રહી રહીને મને રડાવ્યા કરે છે મનમાં

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	<u>લ</u>	ગા	લ	ગા	ગા	<u>લ</u>	ગા	લ	ગા	ગા
*	મ	જા	ખ	રી	એ	મિ	લન	ત	ણી	છે
	કં	ઈ	ક	એ	વું	બ	ને	મિ	લન	માં
	સ	વા	લ	ઊ	ઠે	હૃ	દય	હૃ	દય	માં
	જ	વા	બ	આ	વે	ન	યન	ન	યન	માં
*	વિ	દા	ય	વે	ળા	કો	ઈ	ની	ઘા	યલ
	વિ	દા	ય	જે	ના	દ	ઈ	શ	ક્યા	તાં
	હ	વે	એ	અશ્	રુ	ર	હી	ર	હી	ને
	મ	ને	ર	ડા	વ્યા	ક	રે	છે	મન	માં

છંદ ક્રમાંક ૧૮ થી ૨૨ માં ફક્ત ગુરુઅક્ષરોનો જ પ્રયોગ થયો છે કે જેમાં કોઈપણ ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે પરંતુ સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ મુખ્ય અને ગૌણ પદ્યભારવાળા ગુરુઅક્ષર સિવાયના ગુરુઅક્ષરના સ્થાન પર એ રીતે કરી શકાય કે જેથી છંદનો અંત્યાક્ષર ગુરુઅક્ષર આવે.

વિવરણમાં સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોને એક જ લીટીમાં દર્શાવ્યા છે જ્યારે સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોને અલગ-અલગ લીટીમાં દર્શાવ્યા છે.

(૧૮)

સાત સમંદર તરવા ચાલી જ્યારે કોઈ નાવ અકેલી
ઝંઝા બોલી ખમ્મા ખમ્મા હિંમત બોલી અલ્લા બેલી

કોનો સાથ જીવનમાં સારો 'શૂન્ય' તમે પોતે જ વિચારો
મહેનત પાછળ બબ્બે બાહુ કિસ્મત પાછળ માત્ર હથેલી

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	સા	ત સ	મં	દર	તર	વા	ચા	લી	જ્યા	રે	કો	ઈ	ના	વ અ	કે	લી
	ઝં	ઝા	બો	લી	ખમ્	મા	ખમ્	મા	હિં	મત	બો	લી	અલ્	લા	બે	લી
*	કો	નો	સા	થ જી	વન	માં	સા	રો	શૂન્	ય ત	મે	પો	તે	જ વિ	ચા	રો
	મહે	નત	પા	છળ	બબ્	બે	બા	હુ	કિસ્	મત	પા	છળ	મા	ત્ર હ	થે	લી

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાલલગાગા અને ગાગાગાલલ સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

એક સૂકા વૃક્ષ સમો છું પણ ધરતીને લીલીછમ રાખું છું
વેરી હો ભલે સંજોગ-પવન હું ડાળને અણનમ રાખું છું

કૃષિકાર જગે કહેવાઉં છું દુર્ગંધ છે મારા વસ્ત્રોમાં
પણ શ્રમથી ઘસતાં હાડમહીં ચંદનની ફોરમ રાખું છું

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	એક	સૂ	કા	વૃ	ક્ષ સ	મો	છું	પણ	ધર	તી	ને લી	લી	છમ	રા	ખું	છું
	વે	રી	હો ભ	લે	સં	જો	ગ પ	વન	હું	ડા	ળ ને	અણ	નમ	રા	ખું	છું
*	કૃ ષિ	કા	ર જ	ગે	કહે	વા	ઉં	છું	દુર્	ગં	ધ છે	મા	રા	વસ્	ત્રો	માં
	પણ	શ્રમ	થી ઘ	સા	તા	હા	ડ મ	હીં	ચં	દન	ની	ફો	રમ	રા	ખું	છું

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે લલગાગાગા, ગાગાલલગા અને લલગાલલગા સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

(૧૯)

ગોખથી હેઠે ઊતરો પ્યારા ત્યાં તો પથ્થર લાગો છો
માનવ રૂપ ધરો છો ત્યારે સાચા ઇશ્વર લાગો છો

નૌકાને જે પાર ઉતારે એવું ઊંડું પાણી ક્યાં
કહેવાને તો હમણાં કહી દઉં આપ સમંદર લાગો છો

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	ગો	ખ થી	હે	ઠે	ઊત	રો	પ્યા	રા	ત્યાં	તો	પથ્	થર	લા	ગો	છો
	મા	નવ	રૂ	પ ધ	રો	છો	ત્યા	રે	સા	ચા	ઇશ્	વર	લા	ગો	છો
*	નૌ	કા	ને	જે	પા	ર ઉ	તા	રે	એ	વું	ઊં	ડું	પા	ણી	ક્યાં
	કહે	વા	ને	તો	હમ	ણાં	કહી	દઉં	આ	પ સ	મં	દર	લા	ગો	છો

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાલલગાગા અને ગાગાગાલલ સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

(૨૦)

આખો દિ' યત્નો હસવાના
અડધી રાતે ડૂસકાં છાનાં

ફૂલ ગુલાબી હૈયા પાછળ
જખ્મોના અણખૂટ ખજાના

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	આ	ખો	દિ'	યત્	નો	હસ	વા	ના
	અડ	ધી	રા	તે	ડૂસ	કાં	છા	નાં
*	ફૂ	લ ગુ	લા	બી	હૈ	યા	પા	છળ
	જખ્	મો	ના	અણ	ખૂ	ટ ખ	જા	ના

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાલલગાગા સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

લઘુ-ગુરુ સમજ

પંક્તિને અંતે આવતા અનુસ્વારની છૂટ અનુસ્વારના નિયમોને આધીન લઈ શકાય છે.

હું એક મજાનું રમકડું છું
મનમાં આવે ત્યાં રખડું છું

અભિમાન મને મંજૂર નથી
ક્યારેક છતાં યે અકડું છું

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	હું	એ	ક મ	જા	નું ર	મક	ડું	છું
	મન	માં	આ	વે	ત્યાં	રખ	ડું	છું
*	અ ભિ	મા	ન મ	ને	મં	જૂ	ર ન	થી
	ક્યા	રે	ક છ	તાં	યે	અક	ડું	છું

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાગાલલગા, લલગાગાગા અને લલગાલલગા સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

(૨૧)

હોઠે ભાવ ને હૈયે વ્યંગ
વાહ રે દુનિયા તારા ઢંગ

અંગત વાતો વ્યક્ત ન કર
'શૂન્ય' થશે મર્યાદાભંગ

(ગઝલકાર : 'શૂન્ય' પાલનપુરી)

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	હો	ઠે	ભા	વ ને	હૈ	યે	વ્યંગ
	વા	હ રે	દુનિ	યા	તા	રા	ઢંગ
*	અં	ગત	વા	તો	વ્યક્	ત ન	કર
	શૂન્	ય થ	શે	મર્	યા	દા	ભંગ

ઉપરોક્ત ઉદાહરણમાં ગાગાગાગા સંધિના વિકલ્પ રૂપે ગાગાગાલલ અને ગાલલગાગા સંધિ પણ પ્રયુક્ત થઈ છે.

લઘુ-ગુરુ સમજ

ગઝલના છંદોમાં પંક્તિને અંતે આવતા લઘુઅક્ષરનું અલગ અસ્તિત્વ ન હોવાથી લઘુ-ગુરુ અક્ષરોની ગણતરીમાં પંક્તિને અંતે આવતા લઘુઅક્ષરને અલગથી ન ગણતાં તે પહેલાંના ગુરુઅક્ષર સાથે સંયુક્ત રીતે જ ઉચ્ચારવામાં આવે છે. મતલામાં (બંને પંક્તિમાં) અંત્યાક્ષર લઘુઅક્ષર હોવા છતાં મકતાની પહેલી પંક્તિમાં એ વ્યવસ્થા જાળવવામાં આવી નથી, એના પરથી ઉપરોક્ત બાબત સરળતાથી સમજી શકાશે.

(૨૨)

સાચી છે મહોબ્બત તો એક એવી કલા મળશે
મળવાના વિચારોમાં મળવાની મજા મળશે

દુનિયાના દુઃખો તારો આઘાત ભુલાવે છે
નહોતી એ ખબર અમને આ રીતે દવા મળશે

(ગઝલકાર : 'મરીઝ')

	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા	ગા
*	સા	ચી	છે મ	હોબ્	બત	તો	એ	ક+એ=કે	વી ક	લા	મળ	શે
	મળ	વા	ના વિ	ચા	રો	માં	મળ	વા	ની મ	જા	મળ	શે
*	દુનિ	યા	ના દુઃ	ખો	તા	રો	આ	ઘા	ત ભુ	લા	વે	છે
	ન્હો	તી	એ ખ	બર	અમ	ને	આ	રી	તે દ	વા	મળ	શે

ઉપરોક્ત છંદ 'ગાગાગાગા ગાગા ગાગાગાગા ગાગા' મોટે ભાગે 'ગાગાલલગા ગાગા ગાગાલલગા ગાગા' સ્વરૂપે જ પ્રયોજાયેલો જોવા મળે છે. 'મરીઝ'ની ઉપરોક્ત ગઝલ 'ગાગાલલગા ગાગા ગાગાલલગા ગાગા' સ્વરૂપમાં જ છે.

(૨૩)

છે કાંઈ જિંદગીમાં તો એ જ છે સહારો
એક યાદ છે તમારી એક શ્વાસ છે અમારો

ઝખ્મોને દિલમાં રાખું કે અશ્રુઓને રાખું
મે'માન છે હજારો ને એક છે ઉતારો

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા
*	છે	કાં	ઈ	જિં	દ	ગી	માં	તો	એ	જ	છે	સ	હા	રો
	એક	યા	દ	છે	ત	મા	રી	એક	શ્વા	સ	છે	અ	મા	રો
*	ઝખ્	મો	ને	દિલ	માં	રા	ખું	કે	અશ્	રુ	ઓ	ને	રા	ખું
	મે'	મા	ન	છે	હ	જા	રો	ને	એ	ક	છે	ઉ	તા	રો

લઘુ-ગુરુ સમજ

'એક' શબ્દનું લગાત્મક સ્વરૂપ ગાલ થાય છે પરંતુ જરૂર મુજબ ગા અને લલ સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. ઉપરોક્ત ગઝલમાં 'એક' શબ્દ ગા અને ગાલ એ બંને સ્વરૂપે પ્રયુક્ત થયો છે.

(૨૪)

બહુમાન જિંદગીનું તેં કર્યું સ્વમાન આપી
ઓ વિધિ દરિદ્રતા પણ બહુ મૂલ્યવાન આપી

મને જૂઠી આશ દઈને ન જીવાડ ઓ જમાના
ન જમીન ઝૂંટવી લે ફકત આસમાન આપી

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા
*	બ	હુ	મા	ન	જિં	દ	ગી	નું	તેં	ક	ર્યું	સ્વ	મા	ન	આ	પી
	ઓ	વિ	ધિ	દ	રિ	દ્ર	તા	પણ	બ	હુ	મૂ	લ્ય	વા	ન	આ	પી
*	મ	ને	જૂ	ઠી	આ	શ	દઈ	ને	ન	જી	વા	ડ	ઓ	જ	મા	ના
	ન	જ	મી	ન	ઝૂં	ટ	વી	લે	ફ	ક	ત+આ=તા	સ	મા	ન	આ	પી

(૨૫)

મારા અસીમ દર્દની કોઈ જે કલ્પના કરે
પ્રેમ-પીડિતને કાજ એ રાત-દિવસ દુઆ કરે

તારી દશાને દુર્દશા જેઓ ગણે છે હે 'ગની'
તેની મનોદશા ઉપર મારો ખુદા દયા કરે

(ગઝલકાર : 'ગની' દહીંવાળા)

	ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	લ	ગા	લ	ગા
*	મા	રા	અ	સી	મ	દર્	દ	ની	કો	ઈ	જે	કલ્	પ	ના	ક	રે
	પ્રે	મ	પી	ડિત	ને	કા	જ	એ	રા	ત	દિ	વસ	દુ	આ	ક	રે
*	તા	રી	દ	શા	ને	દુર્	દ	શા	જે	ઓ	ગ	ણે	છે	હે	ગ	ની
	તે	ની	મ	નો	દ	શા	ઉ	પર	મા	રો	ખુ	દા	દ	યા	ક	રે

(૨૬)

બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે

સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે

(ગઝલકાર : 'મરીઝ')

	ગા	ગા	લ	ગા	લ	ગા	લ	લ	ગા	ગા	લ	ગા	લ	ગા
*	બસ	એ	ટ	લી	સ	મજ	મ	ને	પર	વર	દિ	ગા	ર	દે
	સુખ	જ્યા	રે	જ્યાં	મ	ળે	ત્યાં	બ	ધા	ના	વિ	ચા	ર	દે
*	સૌ	પથ્	થ	રો	ના	બો	જ	તો	ઊંચ	કી	લી	ધા	અ	મે
	અમ	ને	ન	મા	વ	વા	હો	તો	ફૂ	લો	નો	ભા	ર	દે

(૨૭)

ઈલાજ મારી તુમાખીનો કોઈ થઈ તો શકે
ખુદા કરે કે એ દુશ્મન હો જેનું કામ પડે

હજાર દર્દ છે એવાં જે ચૂપ રહીને સહ્યાં
ગઝલની હદમાં નથી કોણ એ ગઝલમાં લખે

(ગઝલકાર : 'મરીઝ')

	લ	ગા	લ	ગા	લ	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા
*	ઈ	લા	જ	મા	રી	તુ	મા	ખી	નો	કો	ઈ	થઈ	તો શ	કે
	ખુ	દા	ક	રે	કે	એ	દુશ્	મન	હો	જે	નું	કા	મ પ	ડે
*	હ	જા	ર	દર્	દ	છે	એ	વાં	જે	ચૂપ	ર	હી	ને સ	હ્યાં
	ગ	ઝલ	ની	હદ	માં	ન	થી	કો	ણ	એ	ગ	ઝલ	માં લ	ખે

(૨૮)

દુઃખ વગર દર્દ વગર દુઃખની કશી વાત વગર
મન વલોવાય છે ક્યારેક વલોપાત વગર

આ કલા કોઈ શીખે મિત્રો કનેથી 'ઘાયલ'
વેર લેવાય છે શી રીતે વસૂલાત વગર

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	ગા	ગા
*	દુઃખ	વ	ગર	દર્	દ	વ	ગર	દુઃખ	ની	ક	શી	વા	ત વ	ગર
	મન	વ	લો	વા	ય	છે	ક્યા	રે	ક	વ	લો	પા	ત વ	ગર
*	આ	ક	લા	કો	ઈ	શી	ખે	મિ	ત્રો	ક	ને	થી	ઘા	યલ
	વે	ર	લે	વા	ય	છે	શી	રી	તે	વ	સૂ	લા	ત વ	ગર

(૨૯)

તારી નજદીક અવાયું લાગે
એય ક્યાંથી કે મળાયું લાગે

આમ ક્યારેક મળે તોય ઘણું
કૈંક અંશે તો જીવાયું લાગે

(ગઝલકાર : અમૃત 'ઘાયલ')

	ગા	લ	ગા	ગા	લ	લ	ગા	ગા	ગા	ગા
*	તા	રી	નજ	દી	ક	અ	વા	યું	લા	ગે
	એ	ય	ક્યાં	થી	કે	મ	ળા	યું	લા	ગે
*	આ	મ	ક્યા	રે	ક	મ	ળે	તો	ય ઘ	ણું
	કૈં	ક	અં	શે	તો	જી	વા	યું	લા	ગે

(30)

ભક્તિના મોહમાં ફસાયો છું
એટલે ગોખમાં ચણાયો છું

માત્ર એક ઈંટનો જ દાવો છે
દોસ્ત મેં ક્યાં કહ્યું કે પાયો છું

(ગઝલકાર : ‘શૂન્ય’ પાલનપુરી)

	ગા	લ	ગા	ગા	લ	ગા	લ	ગા	ગા	ગા
*	ભક્	તિ	ના	મો	હ	માં	ફ	સા	યો	છું
	એ	ટ	લે	ગો	ખ	માં	ચ	ણા	યો	છું
*	મા	ત્ર	એક	ઈં	ટ	નો	જ	દા	વો	છે
	દોસ્	ત	મેં	ક્યાં	ક	હ્યું	કે	પા	યો	છું

***

(૮)
સંગીતબદ્ધ થયેલી ફિલ્મી અને ગેરફિલ્મી રચનાઓના ઉદાહરણ

હવે ગઝલના છંદો પર આધારિત ફિલ્મી અને ગેરફિલ્મી ગીત-ગઝલની યાદી પ્રસ્તુત કરું છું. યાદીમાં દર્શાવેલ બધી જ રચનાઓ ઇન્ટરનેટ દ્વારા www.youtube.com વેબસાઈટ પરથી પ્રાપ્ત કરી શકાશે. ઇન્ટરનેટ પર ગીત-ગઝલ શોધવામાં સરળતા રહે એ માટે યાદીમાં ગાયકના નામનો પણ ઉલ્લેખ કર્યો છે. યાદીમાં ગીત-ગઝલના ગીતકાર કે ગઝલકાર અને સંગીતકારના નામનો ઉલ્લેખ ન કરવા બદલ હું એ બધા જ ગીતકાર કે ગઝલકાર અને સંગીતકારની માફી ચાહું છું.

યાદીમાં દર્શાવેલ કોઈપણ રચનાના કોઈપણ બંધમાં બેથી વધુ કે ઓછી પંક્તિનો પ્રયોગ થયો હોય તો એ રચના ગઝલ નથી કારણ કે ગઝલનો દરેક બંધ (શેર) બે જ પંક્તિનો હોય છે. જે રચનાના બધા જ બંધ બે જ પંક્તિના હોય એ રચનાના બધા જ બંધ પોતે સંપૂર્ણ અર્થ ધરાવતા હોય અને એકબીજા સાથે રદીફ-કાફિયા દ્વારા સંકળાયેલા હોય તો જ એ રચના ગઝલ બને છે, અન્યથા એ રચના પણ ગીત જ કહેવાશે. આ સાથે બીજી એક વાત એ પણ ધ્યાન રાખવી કે ગઝલના દરેક બંધની (શેરની) દરેક પંક્તિ કોઈ એક જ છંદમાં હોય છે જ્યારે ગીતમાં એકથી વધુ છંદોનો પ્રયોગ કરી શકાય છે.

(૧)

	લ<u>ગા</u>ગા લ<u>ગા</u>ગા લ<u>ગા</u>ગા લ<u>ગા</u>ગા
૧	યે મહલોં યે તખ્તોં યે તાજોં કી દુનિયા (મુહમ્મદ રફી)
૨	તેરી બેરુખી ઔર તેરી મેહરબાની (જગજીત સિંઘ)
૩	ન યે ચાંદ હોગા ન તારે રહેંગે (ગીતા દત્ત)
૪	તેરે દર પે આયા હૂં ફરિયાદ લે કર (તલત મહમૂદ)

૫	હમેં કાશ તુમસે મુહબ્બત ન હોતી (લતા મંગેશ્કર)
૬	કિસી બાત પર મૈં કિસી સે ખફ્રા હૂં (કિશોરકુમાર)
૭	મુઝે પ્યાર કી ઝિન્દગી દેનેવાલે (મુહમ્મદ રફી અને આશા ભોંસલે)
૮	અજી રૂઠ કર અબ કહાં જાઇએગા (લતા મંગેશ્કર)
૯	મુહબ્બત કી ઝૂટી કહાની પે રોએ (લતા મંગેશ્કર)
૧૦	સદા ખુશ રહે તૂ જફ્રા કરનેવાલે (મુકેશ)
૧૧	તેરી યાદ દિલ સે મિટાને ચલા હૂં (મુકેશ)

(૨)

	લગાગા લગાગા લગાગા લગા
૧	ન જી ભરકે દેખા ન કુછ બાત કી (ચંદનદાસ)
૨	યે ખુશરંગ ચેહરા શગુફ્તા કંવલ (ઉદય શાહ)
૩	હેલો ઝિન્દગી ઝિન્દગી નૂર હૈ (જગજીત સિંઘ)
૪	દિખાઈ દિયે યૂં કિ બેખુદ કિયા (લતા મંગેશ્કર)

(3)

	લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા
૧	યે સોને કી દુનિયા યે ચાંદી કી દુનિયા યહાં આદમી કી ભલા બાત ક્યા હૈ (હેમંતકુમાર)
૨	જો ઉનકી તમન્ના હૈ બરબાદ હો જા તો એ દિલ મુહબ્બત કી કિસ્મત બના દે (મુહમ્મદ રફી)
૩	મેરે પાસ આઓ નઝર તો મિલાઓ ઇન આંખોં મેં તુમકો જવાની મિલેગી (લતા મંગેશ્કર)
૪	તેરે પ્યાર કો ઇસ તરહ સે ભુલાના ન દિલ ચાહતા હૈ ન હમ ચાહતે હૈં (મુકેશ)
૫	તુઝે પ્યાર કરતે હૈં કરતે રહેંગે કિ દિલ બનકે દિલ મેં ધડકતે રહેંગે (મુહમ્મદ રફી અને સુમન કલ્યાણપુર)
૬	મુઝે દુનિયાવાલોં શરાબી ન સમઝો મૈં પીતા નહીં હૂં પિલાઈ ગઈ હૈ (મુહમ્મદ રફી)
૭	તુમ્હેં ઝિન્દગી કે ઉજાલે મુબારક અંધેરે હમેં આજ રાસ આ ગએ હૈં (મુકેશ)
૮	મેરી યાદ મેં તુમ ન આંસૂ બહાના ન જી કો જલાના મુઝે ભૂલ જાના (તલત મહમૂદ)

(૪)

	ગાલગા ગાલગા ગાલગા ગાલગા
૧	આપકો દેખ કર દેખતા રહ ગયા (જગજીત સિંઘ)
૨	બેબસી જુર્મ હૈ હૌસલા જુર્મ હૈ (જગજીત સિંઘ)
૩	ખુશ રહો હર ખુશી હૈ તુમ્હારે લિએ (મુકેશ)

૪	દિલ કી ધડકન પે ગા ઉમ્રભર મુસ્કુરા (તલત મહમૂદ)
૫	ઝિન્દગી મેં સદા મુસ્કુરાતે રહો (જગજીત સિંઘ)
૬	ખુશ રહે તૂ સદા યે દુઆ હૈ મેરી (મુહમ્મદ રફી)
૭	હર તરફ હર જગહ બેશુમાર આદમી (જગજીત સિંઘ અને લતા મંગેશ્કર)

(૫)

	ગાલગા ગાલગા ગાલગા ગા
૧	કૈસા જાદૂ બલમ તૂને ડારા (ગીતા દત્ત)
૨	કોઈ સમઝેગા ક્યા રાઝ-એ-ગુલશન (જગજીત સિંઘ અને ચિત્રા સિંઘ)
૩	રાતભર કા હૈ મેહમાં અંધેરા (મુહમ્મદ રફી)

(૬)

	ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા
૧	છોડ દે સારી દુનિયા કિસી કે લિએ યે મુનાસિબ નહીં આદમી કે લિએ (લતા મંગેશ્કર)
૨	શામ-એ-ગમ કી કસમ આજ ગમગીં હૈં હમ આ ભી જા આ ભી જા આજ મેરે સનમ (તલત મહમૂદ)
૩	તુઝકો દરિયાદિલી કી કસમ સાકિયા મુસ્તકિલ દૌર પર દૌર ચલતા રહે (જગજીત સિંઘ અને ચિત્રા સિંઘ)
૪	ચલ દિયે દેકે ગમ યે ન સોચા કિ હમ ઇસ જહાં મેં અકેલે કિધર જાએંગે (લતા મંગેશ્કર)

૫	આપ યૂં હી અગર હમસે મિલતે રહે દેખિએ એક દિન પ્યાર હો જાએગા (મુહમ્મદ રફી અને આશા ભોંસલે)
૬	ઝિન્દગી કા સફર હૈ યે કૈસા સફર કોઈ સમઝા નહીં કોઈ જાના નહીં (કિશોરકુમાર)
૭	આજ હૈ પ્યાર કા ફૈસલા ઐ સનમ આજ મેરા મુકદ્દર બદલ જાએગા (લતા મંગેશ્કર)
૮	જાનેવાલોં ઝરા મુડ કે દેખો મુઝે એક ઇન્સાન હૂં મૈં તુમ્હારી તરહ (મુહમ્મદ રફી)
૯	ચાંદની રાત મેં ચાંદ કે સામને રુખ સે પરદા હટાના ગઝબ હો ગયા (પંકજ ઉધાસ)

(૭)

	લગાલગા લગાલગા લગાલગા લગાલગા
૧	ફઝાં ભી હૈ જવાં જવાં હવા ભી હૈ રવાં રવાં (સલમા આગા)
૨	યે તેરા ઘર યે મેરા ઘર કિસીકો દેખના હો ગર (જગજીત સિંઘ અને ચિત્રા સિંઘ)
૩	જવાં હૈ રાત સાકિયા શરાબ લા શરાબ લા (જગજીત સિંઘ)
૪	અભી ન જાઓ છોડ કર કિ દિલ અભી ભરા નહીં (મુહમ્મદ રફી અને આશા ભોંસલે)
૫	વો શામ કુછ અજીબ થી યે શામ ભી અજીબ હૈ (કિશોરકુમાર)
૬	યે ક્યા જગહ હૈ દોસતોં યે કૌન-સા દયાર હૈ (આશા ભોંસલે)
૭	ચરાગ-ઓ-આફતાબ ગુમ બડી હસીન રાત થી (જગજીત સિંઘ)

(૮)

	ગાલગા લગાલગા ગાલગા લગાલગા
૧	ફાસિલા તો હૈ મગર કોઈ ફાસિલા નહીં (જગજીત સિંઘ અને ચિત્રા સિંઘ)
૨	ઝૂમતી ચલી હવા યાદ આ ગયા કોઈ (મુકેશ)

(૯)

	ગાગા લલગાગા લલગાગા લલગાગા
૧	બીતે હુએ લમ્હોં કી કસક સાથ તો હોગી (મહેન્દ્ર કપૂર)
૨	બરબાદ-એ-મુહબ્બત કી દુઆ સાથ લિયે જા (મુહમ્મદ રફી)
૩	બેકસ પે કરમ કીજિએ સરકાર-એ-મદીના (લતા મંગેશ્કર)
૪	મૌસમ કો ઇશારોં સે બુલા ક્યૂં નહીં લેતે (જગજીત સિંઘ)
૫	યે ઝુલ્ફ અગર ખુલકે બિખર જાએં તો અચ્છા (મુહમ્મદ રફી)
૬	આજા મેરી બરબાદ મુહબ્બત કે સહારે (નૂરજહાં)
૭	બદનામ ન હો જાએ મુહબ્બત કા ફસાના (સુરિન્દર કૌર)
૮	તદબીર સે બિગડી હુઈ તકદીર બના લે (ગીતા દત્ત)
૯	ભૂલી હુઈ યાદોં મુઝે ઇતના ન સતાઓ (મુકેશ)

૧૦	સુન લી જો ખુદા ને વો દુઆ તુમ તો નહીં હો (જગજીત સિંઘ)
૧૧	જિસ દિન સે ચલા હૂં કભી મુડ કર નહીં દેખા (જગજીત સિંઘ)
૧૨	દુશ્મન કો ભી સીને સે લગાના નહીં ભૂલે (જગજીત સિંઘ)

(૧૦)

	લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા
૧	તેરી દુનિયા મેં જીને સે તો બેહતર હૈ કિ મર જાએં (હેમંતકુમાર)
૨	રુલા કર ચલ દિયે ઇક દિન હંસી બન કર જો આએ થે (હેમંતકુમાર)
૩	સુહાની ચાંદની રાતેં હમેં સોને નહીં દેતી (મુકેશ)
૪	ભરી દુનિયા મેં આખિર દિલ કો સમઝાને કહાં જાએં (મુહમ્મદ રફી)
૫	ચમન મેં રહકે વીરાના મેરા દિલ હોતા જાતા હૈ (શમશાદ બેગમ)
૬	સજન રે ઝૂટ મત બોલો ખુદા કે પાસ જાના હૈ (મુકેશ)
૭	બહાએ ચાંદ ને આંસૂ ઝમાના ચાંદની સમઝા (હેમંતકુમાર)
૮	નયી મંઝિલ નયી રાહેં નયા હૈ મેહરબાં અપના (હેમંતકુમાર અને લતા મંગેશ્કર)
૯	કભી હૈ ગમ કભી ખુશિયાં યહી તો ઝિન્દગાની હૈ (તલત મહમૂદ)
૧૦	કિસી સૂરત લગી દિલ કી બહલ જાએ તો અચ્છા હો (તલત મહમૂદ)

૧૧	મુહબ્બત મેં કશિશ હોગી તો ઇક દિન ઉનકો પા લેંગે (તલત મહમૂદ)
૧૨	મુહબ્બત હી ન જો સમઝે વો ઝાલિમ પ્યાર ક્યા જાને (તલત મહમૂદ)
૧૩	સુનાઉં કિસ કો અફસાના ન અપના હૈ ન બેગાના (તલત મહમૂદ)
૧૪	ખિલૌના જાન કર તુમ તો મેરા દિલ તોડ જાતે હો (મુહમ્મદ રફી)
૧૫	મુહબ્બત ઝિંદા રહતી હૈ મુહબ્બત મર નહીં સકતી (મુહમ્મદ રફી)
૧૬	ખુદા ભી આસમાં સે જબ ઝમીં પર દેખતા હોગા (મુહમ્મદ રફી)
૧૭	ન ઝટકો ઝુલ્ફ સે પાની યે મોતી ફૂટ જાએંગે (મુહમ્મદ રફી)
૧૮	મુઝે તેરી મુહબ્બત કા સહારા મિલ ગયા હોતા (મુહમ્મદ રફી અને લતા મંગેશ્કર)
૧૯	જિન્હેં હમ ભૂલના ચાહેં વો અકસર યાદ આતે હૈં (મુકેશ)
૨૦	ખયાલોં મેં કિસી કે ઇસ તરહ આયા નહીં કરતે (મુકેશ અને ગીતા દત્ત)
૨૧	મુહબ્બત કરનેવાલોં કા યહી અંજામ હોતા હૈ (શમશાદ બેગમ)
૨૨	જો હમને દાસતાં અપની સુનાઈ આપ ક્યૂં રોએ (લતા મંગેશ્કર)
૨૩	બહારોં ફૂલ બરસાઓ મેરા મેહબૂબ આયા હૈ (મુહમ્મદ રફી)
૨૪	અગર મુઝસે મુહબ્બત હૈ મુઝે સબ અપને ગમ દે દો (લતા મંગેશ્કર)

(૧૧)

	લગાગાગા લગાગાગા લગાગા
૧	કહીં ઐસા ન હો દામન જલા લો (જગજીત સિંઘ)
૨	ઉધર સે તુમ ચલે ઔર હમ ઇધર સે (મુહમ્મદ રફી અને લતા મંગેશ્કર)
૩	સબક જિસકો વફા કા યાદ હોગા (પંકજ ઉધાસ)
૪	તેરે બારે મેં જબ સોચા નહીં થા (જગજીત સિંઘ)

(૧૨)

	ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા
૧	હોશવાલોં કો ખબર ક્યા બેખુદી ક્યા ચીઝ હૈ (જગજીત સિંઘ)
૨	દેખ લી તેરી ખુદાઈ બસ મેરા દિલ ભર ગયા (તલત મહમૂદ)
૩	હૈ યે દુનિયા કૌન-સી ઐ દિલ તુઝે ક્યા હો ગયા (ગીતા દત્ત તથા હેમંતકુમાર)
૪	તૂ નહીં તો ઝિન્દગી મેં ઔર ક્યા રહ જાએગા (ચિત્રા સિંઘ)
૫	તુમ ગગન કે ચન્દ્રમા હો મૈં ધરા કી ધૂલ હૂં (મન્ના ડે અને લતા મંગેશ્કર)
૬	ઐ ખુદા હર ફૈસલા તેરા મુઝે મંઝૂર હૈ (કિશોરકુમાર)
૭	આજ તુમસે દૂર હો કર ઐસે રોયા મેરા પ્યાર (મુકેશ)

૮	અપની આઝાદી કો હમ હરગિઝ મિટા સકતે નહીં (મુહમ્મદ રફી)
૯	એક મૈં હૂં એક મેરી બેકસી કી શામ હૈ (તલત મહમૂદ)
૧૦	ઐ ગમ-એ-દિલ ક્યા કરૂં ઐ વહશત-એ-દિલ ક્યા કરૂં (તલત મહમૂદ)
૧૧	યે મેરા દીવાનાપન હૈ યા મુહબ્બત કા સુરૂર (મુકેશ)
૧૨	જિતની લિખ્ખી થી મુકદ્દર મેં હમ ઉતની પી ચુકે (મુહમ્મદ રફી)
૧૩	ઐ મુહબ્બત ઉનસે મિલને કા બહાના બન ગયા (મુહમ્મદ રફી અને લતા મંગેશ્કર)
૧૪	ચાર દિન કી ચાંદની થી ફિર અંધેરી રાત હૈ (સુરૈયા)
૧૫	ચુપકે-ચુપકે રાત-દિન આંસૂ બહાના યાદ હૈ (ગુલામ અલી)

(૧૩)

	ગાલગાગા ગાલગાગા ગાલગા
૧	દિલ કે અરમાં આંસૂઓં મેં બહ ગએ (સલમા આગા)
૨	કૈસે કૈસે હાદસે સહતે રહે (જગજીત સિંઘ)
૩	આપકે પહલૂ મેં આ કર રો દિયે (મુહમ્મદ રફી)
૪	વો રુલા કર હંસ ન પાયા દેર તક (જગજીત સિંઘ)
૫	કોઈ સાગર દિલ કો બહલાતા નહીં (મુહમ્મદ રફી)

(૧૪)

	ગાલગાગા ગાલગા ગાલગાગા ગાલગા
૧	ખો ગયા જાને કહાં આરઝૂઓં કા જહાં (હેમંતકુમાર)
૨	યાદ જબ આએ તેરી અપની ગુઝરી ઝિન્દગી (તલત મહમૂદ)

(૧૫)

	ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા
૧	એ દિલ મુઝે ઐસી જગહ લે ચલ જહાં કોઈ ન હો (તલત મહમૂદ)
૨	કલ ચૌદવીં કી રાત થી શબ ભર રહા ચર્ચા તેરા (જગજીત સિંઘ – ગુલામ અલી)
૩	એ હુસ્ન-એ-બેપરવાહ તુઝે શબનમ કહૂં શોલા કહૂં (ગુલામ અલી)
૪	સોચા નહીં અચ્છા-બુરા દેખા-સુના કુછ ભી નહીં (જગજીત સિંઘ અને ચિત્રા સિંઘ)

(૧૬)

	લલગાલગા લલગાલગા લલગાલગા લલગાલગા
૧	મુઝે દર્દ-એ-દિલ કા પતા ન થા મુઝે આપ કિસ લિએ મિલ ગએ (મુહમ્મદ રફી)
૨	વો નહીં મિલા તો મલાલ ક્યા જો ગુઝર ગયા સો ગુઝર ગયા (જગજીત સિંઘ)
૩	મૈં ખયાલ હૂં કિસી ઔર કા મુઝે સોચતા કોઈ ઔર હૈ (મેંહદી હસન – જગજીત સિંઘ - ઉદય શાહ)

૪	કભી યૂં ભી આ મેરી આંખ મેં કિ મેરી નઝર કો ખબર ન હો (જગજીત સિંઘ - ઉદય શાહ)
૫	યે હવા યે રાત યે ચાંદની તેરી ઇક અદા પે નિસાર હૈ (તલત મહમૂદ)
૬	હૈ ઇસી મેં પ્યાર કી આબરૂ વો જફા કરેં મૈં વફા કરૂં (લતા મંગેશ્કર)
૭	મૈં તેરી નઝર કા સુરૂર હૂં તુઝે યાદ હો કિ ન યાદ હો (તલત મહમૂદ)
૮	તુઝે ક્યા સુનાઉં મૈં દિલરુબા તેરે સામને મેરા હાલ હૈ (મુહમ્મદ રફી)
૯	મુઝે તુમસે કુછ ભી ન ચાહિએ મુઝે મેરે હાલ પે છોડ દો (મુકેશ)
૧૦	મુઝે રાત-દિન યે ખયાલ હૈ વો નઝર સે મુઝકો ગિરા ન દે (મુકેશ)

(૧૭)

	લગાલગાગા લગાલગાગા લગાલગાગા લગાલગાગા
૧	નસીબ મેં જિસકે જો લિખા થા વો તેરી મેહફિલ મેં કામ આયા (મુહમ્મદ રફી)
૨	હઝાર બાતેં કહે ઝમાના મેરી વફા પે યકીન રખના (લતા મંગેશ્કર)
૩	છુપા લો યૂં દિલ મેં પ્યાર મેરા કિ જૈસે મંદિર મેં લૌ દિયે કી (હેમંતકુમાર અને લતા મંગેશ્કર)
૪	મેરી મુહબ્બત જવાં રહેગી સદા રહી હૈ સદા રહેગી (મુહમ્મદ રફી)
૫	નઝર મેં બિજલીઅદા મેં શોલે જનાબ-એ-આલી મૈં સદકે જાવાં (મુહમ્મદ રફી)
૬	અભી વો કમસિન ઉભર રહા હૈ અભી હૈ ઉસ પર શબાબ આધા (જગજીત સિંઘ)

(૧૮)

	ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા
૧	જિસ દિલ મેં બસા થા પ્યાર તેરા ઉસ દિલ કો કભી કા તોડ દિયા (મુકેશ તથા લતા મંગેશ્કર)
૨	મૈં પલ દો પલ કા શાયર હૂં પલ દો પલ મેરી કહાની હૈ (મુકેશ)
૩	હમ તુઝસે મુહબ્બત કરકે સનમ રોતે ભી રહે હંસતે ભી રહે (મુકેશ)
૪	છૂ લેને દો નાઝુક હોટોં કો કુછ ઔર નહીં હૈ જામ હૈ યે (મુહમ્મદ રફી)
૫	બાબુલ કી દુઆએં લેતી જા જા તુઝકો સુખી સંસાર મિલે (મુહમ્મદ રફી)
૬	દિલ લૂટનેવાલે જાદૂગર અબ મૈંને તુઝે પહચાના હૈ (મુકેશ અને લતા મંગેશ્કર)
૭	યા દિલ કી સુનો દુનિયાવાલોં યા મુઝકો અભી ચુપ રહને દો (હેમંતકુમાર)
૮	વો પાસ રહે યા દૂર રહે નઝરોં મેં સમાએ રહતે હૈં (સુરૈયા)
૯	ચંદન-સા બદન ચંચલ ચિતવન ધીરે સે તેરા યે મુસ્કાના (મુકેશ)
૧૦	હમ છોડ ચલે હૈં મેહફિલ કો યાદ આએ કભી તો મત રોના (મુકેશ)
૧૧	આ જાઓ તડપતે હૈં અરમાં અબ રાત ગુઝરનેવાલી હૈ (લતા મંગેશ્કર)
૧૨	જીવન સે ભરી તેરી આંખેં મજબૂર કરેં જીને કે લિએ (કિશોરકુમાર)
૧૩	સપનોં કી સુહાની દુનિયા કો આંખોં મેં બસાના મુશ્કિલ હૈ (તલત મહમૂદ)
૧૪	ગૈરોં પે કરમ અપનોં પે સિતમ ઐ જાન-એ-વફા યે ઝુલ્મ ન કર (લતા મંગેશ્કર)

૧૫	યે દિલ હૈ મુહબ્બત કા પ્યાસા ઇસ દિલ કા તડપના ક્યા કહિએ (મુકેશ)

(૧૯)

	ગાગાગાગા ગાગાગાગા ગાગાગાગા ગાગાગા
૧	ચાંદી કી દીવાર ન તોડી પ્યાર ભરા દિલ તોડ દિયા (મુકેશ)
૨	ફૂલ તુમ્હેં ભેજા હૈ ખત મેં ફૂલ નહીં મેરા દિલ હૈ (મુકેશ અને લતા મંગેશ્કર)
૩	ક્યા મિલિએ ઐસે લોગોં સે જિનકી ફિતરત છુપી રહે (મુહમ્મદ રફી)
૪	તન્હા-તન્હા દુખ ઝેલેંગે મેહફિલ-મેહફિલ ગાએંગે (ગુલામ અલી – જગજીત સિંઘ – ઉદય શાહ)
૫	તેરી ચમકતી આંખોં કે આગે યે સિતારે કુછ ભી નહીં (તલત મહમૂદ અને લતા મંગેશ્કર)
૬	ચેહરા હૈ યા ચાંદ ખિલા હૈ ઝુલ્ફ ઘનેરી છાંવ હૈ ક્યા (કિશોરકુમાર)

(૨૦)

	ગાગાગાગા ગાગાગાગા
૧	દૈર-ઓ-હરમ મેં બસનેવાલોં (જગજીત સિંઘ)
૨	સચ્ચી બાત કહી થી મૈંને (જગજીત સિંઘ)
૩	ચાક જિગર કે સી લેતે હૈં (જગજીત સિંઘ)
૪	ગમ કા ફસાના કિસકો સુનાએં (શમશાદ બેગમ)

(૨૧)

	ગાગાગાગા ગાગાગા
૧	સબ કી બાતેં સુનતા હૂં (ઉદય શાહ)
૨	કિતની સુન્દર દિખતી હો (ઉદય શાહ)
૩	ઘર આયા મેરા પરદેસી (લતા મંગેશ્કર)

(૨૨)

	ગાગાગાગા ગાગા ગાગાગાગા ગાગા
૧	હોટોં સે છૂ લો તુમ મેરા ગીત અમર કર દો (જગજીત સિંઘ)
૨	ઐ મેરે દિલ-એ-નાદાં તૂ ગમ સે ન ઘબરાના (લતા મંગેશ્કર)
૩	બચપન કી મુહબ્બત કો દિલ સે ન જુદા કરના (લતા મંગેશ્કર)
૪	ટૂટે હુએ ખ્વાબોં ને હમકો યે સિખાયા હૈ (મુહમ્મદ રફી)
૫	હમ દર્દ કા અફસાના દુનિયા કો સુના દેંગે (શમશાદ બેગમ)

ઉપરોક્ત યાદી પૈકી ગીત ક્રમાંક ૧ 'ગાગાગાગા ગાગા ગાગાગાગા ગાગા' સ્વરૂપમાં છે જ્યારે બાકીના ગીત ક્રમાંક ૨ થી ૫ 'ગાગાલલગા ગાગા ગાગાલલગા ગાગા' સ્વરૂપમાં છે.

(૨૩)

	ગાગાલગા લગાગા ગાગાલગા લગાગા
૧	એ દિલ મુઝે બતા દે તૂ કિસ પે આ ગયા હૈ (ગીતા દત્ત)
૨	બૂંદેં નહીં સિતારે ટપકે હૈં કહકશાં સે (મુહમ્મદ રફી)
૩	ઓ દૂર જાનેવાલે વાદા ન ભૂલ જાના (સુરૈયા)
૪	જિસ મોડ પર કિયે થે હમને કરાર બરસોં (ચિત્રા સિંઘ)
૫	ઝાલિમ ઝમાના મુઝકો તુમસે છુડા રહા હૈ (શ્યામકુમાર અને સુરૈયા)
૬	દુખ-સુખ થા એક સબ કા અપના હો યા બેગાના (પંકજ ઉધાસ)
૭	તકદીર કા ફસાના જા કર કિસે સુનાએં (મુહમ્મદ રફી)
૮	ઇન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલકે (હેમંતકુમાર)

(૨૪)

	લલગાલગા લગાગા લલગાલગા લગાગા
૧	જો ગુઝર રહી હૈ મુઝ પર ઉસે કૈસે મૈં બતાઉં (મુહમ્મદ રફી)
૨	મુઝે ઈશ્ક હૈ તુઝીસે મેરી જાન ઝિન્દગાની (મુહમ્મદ રફી)
૩	મેરે દિલ મેં આજ ક્યા હૈ તૂ કહે તો મૈં બતા દૂં (કિશોરકુમાર)

(૨૫)

	ગાલલગા લગાલગા ગાલલગા લગાલગા
૧	જબ સે ચલે ગએ હૈં વો ઝિન્દગી ઝિન્દગી નહીં (સુરૈયા)
૨	આંધિયાં ગમ કી યૂં ચલી બાગ ઉજડ કે રહ ગયા (નૂરજહાં)

(૨૬)

	ગાગા લગાલગા લલગાગા લગાલગા
૧	ઉનકે ખયાલ આએ તો આતે ચલે ગએ (મુહમ્મદ રફી)
૨	અબ ક્યા મિસાલ દૂં મૈં તુમ્હારે શબાબ કી (મુહમ્મદ રફી)
૩	મિલતી હૈ ઝિન્દગી મેં મુહબ્બત કભી-કભી (લતા મંગેશ્કર)
૪	હમ હૈ મતા-એ-કૂચા-ઓ-બાઝાર કી તરહ (લતા મંગેશ્કર)
૫	જાના થા હમસે દૂર બહાને બના લિએ (લતા મંગેશ્કર)
૬	મૈં ઝિન્દગી કા સાથ નિભાતા ચલા ગયા (મુહમ્મદ રફી)
૭	જો બાત તુઝમેં હૈ તેરી તસ્વીર મેં નહીં (મુહમ્મદ રફી)

(૨૭)

	લગાલગા લલગાગા લગાલગા ગાગા
૧	કભી કિસીકો મુકમ્મલ જહાં નહીં મિલતા (ભૂપિન્દર સિંઘ)
૨	ઝુકી-ઝુકી સી નઝર બેકરાર હૈ કિ નહીં (જગજીત સિંઘ)
૩	વો દિલ હી ક્યા તેરે મિલને કી જો દુઆ ન કરેં (જગજીત સિંઘ – ઉદય શાહ)
૪	કિસી કી યાદ મેં દુનિયા કો હૈ ભુલાએ હુએ (મુહમ્મદ રફી)
૫	ગરીબ જાન કે હમકો ન તુમ મિટા દેના (મુહમ્મદ રફી અને ગીતા દત્ત)
૬	કભી-કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ (મુકેશ)
૭	કિસી નઝર કો તેરા ઇન્તઝાર આજ ભી હૈ (ભૂપિન્દર સિંઘ અને લતા મંગેશ્કર)

(૨૮)

	ગાલગાગા લલગાગા લલગાગા ગાગા
૧	આપકો પ્યાર છુપાને કી બુરી આદત હૈ (મુહમ્મદ રફી અને આશા ભોંસલે)
૨	ઠહરિએ હોશ મેં આ લૂં તો ચલે જાઇએગા (મુહમ્મદ રફી અને સુમન કલ્યાણપુર)
૩	પ્યાર મુઝસે જો કિયા તુમને તો ક્યા પાઓગી (જગજીત સિંઘ)
૪	રસ્મ-એ-ઉલ્ફત કો નિભાએં તો નિભાએં કૈસે (લતા મંગેશ્કર)

૫	આંખ સે આંખ મિલા બાત બનાતા ક્યૂં હૈ (ચિત્રા સિંઘ)
૬	કોઈ યે કૈસે બતાએં કિ વો તન્હા ક્યૂં હૈ (જગજીત સિંઘ)
૭	ઝિન્દગી પ્યાર કી દો-ચાર ઘડી હોતી હૈ (હેમંતકુમાર)
૮	ઝિન્દગીભર નહીં ભૂલેગી વો બરસાત કી રાત (મુહમ્મદ રફી તથા લતા મંગેશ્કર)
૯	દિલ ને ફિર યાદ કિયા બર્ક સી લહરાઈ હૈ (મુહમ્મદ રફી, મુકેશ અને સુમન કલ્યાણપુર)
૧૦	ઝિન્દગી જબ ભી તેરી બઝ્મ મેં લાતી હૈ હમેં (તલત અઝીઝ)
૧૧	જુસ્તજૂ જિસકી થી ઉસકો તો ન પાયા હમને (આશા ભોંસલે)

(૨૯)

	ગાલગા<u>ગા</u> લલગા<u>ગા</u> ગાગા
૧	અહલ-એ-દિલ યૂં ભી નિભા લેતે હૈં (ભૂપિન્દર સિંઘ તથા લતા મંગેશ્કર)
૨	કૈસે લિખ્ખોગે મુહબ્બત કી કિતાબ (પંકજ ઉધાસ)
૩	ઝિન્દગી તુઝકો મનાને નિકલે (ચંદનદાસ)
૪	ફિર મુઝે દીદા-એ-તર યાદ આયા (તલત મહમૂદ)

(30)

	ગાલગા<u>ગા</u> લગાલ<u>ગા</u> ગાગા
૧	તુમકો દેખા તો યે ખયાલ આયા (જગજીત સિંઘ)
૨	દિલ-એ-નાદાં તુઝે હુઆ ક્યા હૈ (તલત મહમૂદ)
૩	સબ્ર હમસે ઝરા નહીં હોતા (ઉદય શાહ - ધારા શાહ)
૪	રાત ભી નીંદ ભી કહાની ભી (ચિત્રા સિંઘ)
૫	દો ઘડી વો જો પાસ આ બૈઠે (મુહમ્મદ રફી અને લતા મંગેશ્કર)
૬	ફિર છિડી રાત બાત ફૂલોં કી (તલત અઝીઝ અને લતા મંગેશ્કર)

***

(૯)
ગઝલના છંદો સાથે સમાનતા ધરાવતા આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદો

ગઝલના છંદો લાગત્મક સ્વરૂપવાળા માત્રામેળ છંદો છે કે જેમાં લઘુ-ગુરુ માપ નક્કી કરવા માટે ધ્વનિમેળનો આધાર લેવામાં આવે છે. ગઝલના છંદો આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તોથી શિથિલ સ્વરૂપે અને માત્રામેળ છંદોથી ચુસ્ત સ્વરૂપે પ્રયોજાયેલા જોવા મળે છે.

ગઝલના છંદોમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે પરંતુ એક ગુરુઅક્ષરના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ વર્જિત છે તથા બે લઘુઅક્ષરોના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે પરંતુ સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ વર્જિત છે જ્યારે આપણા ભારતીય માત્રામેળ છંદોમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે અને સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે તથા બે લઘુઅક્ષરોના સ્થાન પર સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે અને સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પણ પ્રયોગ કરી શકાય છે. આમ ગઝલના છંદોનું સ્વરૂપ આપણા માત્રામેળ છંદો કરતાં ચુસ્ત જણાય છે.

ગઝલના છંદોમાં એક ગુરુઅક્ષરના સ્થાન પર સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ કરી શકાય છે જ્યારે આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તોમાં આવી છૂટ પણ લઈ શકાતી નથી. આમ ગઝલના છંદોનું સ્વરૂપ આપણા આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો કરતાં શિથિલ જણાય છે.

ગઝલ હંમેશાં બોલચાલની ભાષામાં જ લખાય છે. ‘કમલનયન’ શબ્દનું બોલચાલની ભાષામાં માપ લગાલગા (ક-મલ-ન-યન) થાય છે અને ગઝલના છંદોમાં ‘કમલનયન’ શબ્દ લગાલગા સ્વરૂપે જ પ્રયોજવામાં આવે છે. આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તોમાં ‘કમલનયન’ શબ્દ લલલલલલ (ક-મ-લ-ન-ય-ન) સ્વરૂપે જ પ્રયોજી શકાય છે જયારે માત્રામેળ છંદોમાં ‘કમલનયન’ શબ્દ લગાલગા (ક-મલ-ન-યન), ગાલગાલ (કમ-લ-નય-ન), ગાગાગા (કમ-લન-યન), લલગાગા (ક-મ-લન-યન), ગાલલગા (કમ-લ-ન-યન), ગાગાલલ (કમ-લન-ય-ન) વગેરે સ્વરૂપે પણ પ્રયોજી શકાય છે. આમ ગઝલના છંદો આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તોથી શિથિલ સ્વરૂપે અને માત્રામેળ છંદોથી ચુસ્ત સ્વરૂપે પ્રયોજાયેલા જોવા મળે છે.

ગઝલના છંદોમાં પંક્તિને અંતે આવતા લઘુઅક્ષરને લઘુ-ગુરૂ માપમાં અલગ ન ગણતાં એના પહેલાંનાં ગુરુઅક્ષર સાથે સંયુક્ત રીતે જ ઉચ્ચારવામાં આવે છે જ્યારે આપણા આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદોમાં પંક્તિના અંતે આવતા લઘુઅક્ષરને જરૂર મુજબ ગુરુઅક્ષર ગણી શકાય છે. આ કારણે પણ ગઝલના છંદો આપણા આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદોથી અલગ પડે છે.

આ પુસ્તકમાં દર્શાવેલ ગઝલના કેટલાંક છંદો 'દલપત પિંગળ'માં અને 'બૃહત્ પિંગળ'માં દર્શાવેલ કેટલાંક આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદો સાથે સમાનતા ધરાવે છે, એવાં આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તોની અને માત્રામેળ છંદોની યાદી પ્રસ્તુત છે. દરેક છંદમાં પદ્યભારવાળા અક્ષરને રેખાંકિત કરીને દર્શાવ્યો છે જે 'દલપત પિંગળ' અને 'બૃહત્ પિંગળ' મુજબનો પદ્યભાર દર્શાવે છે. છંદ ક્રમાંક આ પુસ્તક મુજબના જ દર્શાવ્યા છે કે જેથી સરખામણી કરી શકાય.

આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો

છંદ ક્રમાંક	
૦૧	ભુજંગી : લગાગા લગાગા લગાગા લગાગા
૦૩	દેવછંદ : લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા
૦૪	સ્ત્રગ્વિણી : ગાલગા ગાલગા ગાલગા ગાલગા
૦૬	વૈકુંઠધામા : ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા ગાલગા
૦૭	નારાચ : લગા લગા લગા લગા લગા લગા લગા લગા
૦૮	સમાનિકા : ગાલ ગાલ ગાલ ગા ('સમાનિકા' છંદના બે આવર્તન)
૧૬	ગીતક અથવા મુનિશેખર : લલ ગાલગાલલ ગાલગાલલ ગાલગાલલ ગાલગા

૧૭	વિલાસ : લગાલ ગાગા ('વિલાસ' છંદના ચાર આવર્તન)
૧૯	સારંગી : ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગાગા ગા
૨૦	વિદ્યુન્માળા : ગાગા ગાગા ગાગા ગાગા
૨૧	શીર્ષા : ગાગા ગાગા ગાગા ગા
૨/૨	વર્ણવાગીશ્વરી : લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગાગા લગા
૪/૧	ગ્રાહી : ગાગાલ ગાગાલ ગાગાલ ગાગા
૪/૨	સર્વગામી અથવા અગ્રછંદ : ગાગાલ ગાગાલ ગાગાલ ગાગાલ ગાગાલ ગાગાલ ગાગાલ ગાગા
૭/૧	હારી : ગાગાલ ગાગા ('હારી' છંદના બે આવર્તન)
૭/૨	હારી : ગાગાલ ગાગા ('હારી' છંદના ચાર આવર્તન)

'દલપત પિંગળ'માં અને 'બૃહત્ પિંગળ'માં ગાલગા સંધિનો પદ્યભાર સંધિના પહેલા ગુરુઅક્ષર પર (ગાલગા) દર્શાવવામાં આવ્યો છે (સ્ત્રગ્વિણી અને વૈકુંઠધામા છંદ) જ્યારે મારા અભ્યાસ મુજબ ૧૦ માત્રાના તાલ ઝપતાલના આધારે ગાલગા સંધિનો પદ્યભાર સંધિના છેલ્લા ગુરુઅક્ષર પર (ગાલગા) સ્થાપિત થાય છે. (જુઓ પ્રકરણ-૪)

માત્રામેળ છંદો

છંદ ક્રમાંક	
૧૨	વિષમહરિગીત : દાલદાદા દાલદાદા દાલદાદા દાલગા
૧૫	હરિગીત : દાદાલદા દાદાલદા દાદાલદા દાદાલગા
૧૮	સવૈયો બત્રીસો : દાદા દાદા દાદા દાદા, દાદા દાદા દાદા ગાગા અથવા દુમિલા : દા દાદા દાદા દાદા દા,દા દાદા દાદા દાદા ગા
૧૯	રુચિરા : દાદા દાદા, દાદા દાદા, દાદા દાદા દાદા ગા
૨૦	ચરણાકુલ : દાદા દાદા દાદા દાગા

આવૃત્તસંધિ અક્ષરમેળ વૃત્તો અને માત્રામેળ છંદોમાં લ = એક સ્પષ્ટ લઘુઅક્ષરનો પ્રયોગ, ગા = એક સ્પષ્ટ ગુરુઅક્ષરનો પ્રયોગ, દા = એક સ્પષ્ટ ગુરુઅક્ષરનો અથવા સંયુક્ત ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો અથવા સ્પષ્ટ ઉચ્ચારવાળા બે લઘુઅક્ષરોનો પ્રયોગ. ‘દા’ સંજ્ઞાનો પ્રયોગ માત્રામેળ છંદોમાં જ થાય છે. પંક્તિને અંતે આવતા લઘુઅક્ષરને જરૂર મુજબ ગુરુઅક્ષર ગણી શકાય. ઉપરોક્ત યાદીમાં ‘ , ’ ચિહ્ન દ્વારા છંદમાં યતિ-સ્થાન દર્શાવ્યા છે.

***